કુમાર


જેઠ ૧૯૮૪

અંક ૫૪



ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



અસ્ત

ચિત્રકાર: કનુ દેસાઇ

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૫ અંક ૬ અંક ૫૪મો જેઠ ૧૯૮૪

જગદંબા કેળવણી

કેળવણી કહે છે: 'હું વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. ℂ માનસશાસ્ત્ર ને સમાજ-શાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારૂં મસ્તિષ્ક છે. ધર્મ મારૂં હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારૂં વ્રત છે. આવી હું જગદંબા છું, જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કશાનો ઓશિયાળો નહિ રહે. એની સર્વ કામના મારી મારફતે પ્રાપ્ત થઈ શકે એમ છે.'

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પણ આ વર્ષે શરૂઆતના ત્રણ અંક ખુટતા હોવાથી રૂા. ૪–૮–૦ લવાજમ લઇ ચૈત્રથી નવ માસ માટે ગ્રાહક નોંધાય છે.

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



દેશમાં વિચાર કરનારાઓનું દારિદ્રય વધતું જ જાય છે. કેળવણીને નામે શિક્ષકો, હેડમાસ્તરો પ્રોફેસરો અને પ્રિન્સિપાલોનું મોટું લશ્કર અમારી ખર્ચે નભ્યે જાય છે અને સરકાર તેમના કામ પર સંતોષકારક રીપોર્ટો બહાર પાડી પોતાની ફરજ પુરી કરી માને છે. એમ છતાં આપણા વિદ્યાર્થીની દશા જોઇએ છીએ તો મિયાં ઠેરના ઠેર માલુમ પડે છે. બાળપણ અને જુવાનીનો ભોગ આપવા ઉપરાંત ફી ચોપડીઓ અને ખર્ચાનો મોટો કર ભર્યા છતાં, વિદ્યાના વેશમાં પૂજાતી ડાકણ ગોખણપટ્ટી કોઇનો જીવનમાર્ગ સરલ કરી આપતી નથી.

અને માબાપો પાસેથી તો શી આશા રાખીએ ? જમાનાની મોંઘવારી તથા ગરીબી સામે ટકી રહેવા વેતરું કરી રહેલો ગૃહસ્થ અને ઘરમાં કરકસર જાળવવા મથી રહેલી ગરીબ મહેનતુ માતાને અમેરિકા અને જર્મનીનાં બાળરક્ષણ તથા માનસિક વિકાસની વાતો સાંભળવાની યે ફુરસદ ક્યાં છે ? ચોપાનિયાં અને પુસ્તકો ખરીદી વાંચવાની ગુંજાશ કેટલાને છે ? બિચારાં પોતાના બાળકના હિત માટે અંધપરંપરા ભાવે પેલી જાળીઓવાળી શાળાના ઓરડાઓમાં પાંચ કલાકમાં ભવિષ્ય સુધારવા માટે મોં માગી ફી ફરીને મુકી આવે એટલે એ બાબતમાં નીરાંત રાખી પોતાના કામે લાગે. આથી વધારે પોતે શું કરી શકે તેની તેમને જરા યે ખબર નથી.

એટલે વિદ્યાર્થીનું કોણ અને તેનું ભાવિ કેવું એ પ્રશ્ન તો નિકાલ થયા વિના ખડો જ રહે છે. સરકારની સંસ્થાઓ મારફત જીવનનો કે જીવનનિર્વાહનો સવાલ પતી જશે એવું માનવાનો જમાનો ગયો છે. અમુક ધોરણ કે અમુક ડિગ્રીથી આપણે કોઇ નિર્ભય પાટલે બેસી જઇશું એવી હિમત હવે કોઇને આપી શકાય એમ નથી. અચોક્કસ ભવિષ્ય અને ચિંતાનાં વાદળાં શાળા કે કૉલેજ મુકતાંની સાથે જ વિદ્યાર્થીને ઘેરી વળે છે. તેના હાથમાં કોઇ એવું તાત્કાલિક સાધન પણ નથી આવ્યું હોતું કે જેને યોગે તે બીજે દિવસે પેટ પુરતું ખાવાનું પણ મેળવી શકે શેક્સપિયર અને કાલિદાસ અલોપ થઈ જાય છે; ગણિત અને ઍલ્જિબ્રા મગજમાંથી ભુંસાઈ જાય છે. ઇતિહાસ તો પરીક્ષા પસાર કરવાનું જ સાધન રહ્યો; ભૂગોળ ફક્ત મૅટ્રિકની પરીક્ષા પુરતી જ વાંચેલી; સાહિત્ય તો વૅકેશનમાં વખત પસાર કરવાનું સાધન માત્ર હતું; ત્યારે હવે ?

એ ‘ હવે ને પછી ’ના વિચારો પાંચ છ વર્ષ પૂર્વે આવ્યા હોત તો એ લાંબી વૅકેશનો ને રજાઓમાં કંઈ નવી બાબતો, અનુભવો કે તાલીમ મેળવવા યત્ન થયો હોત એમ ઘણા વિદ્યાર્થીઓને લાગે છે. જીવનના મહત્ત્વના દિવસો અને કામ કરવાની તકો કોઇક જ પિછાની શકે છે; અને મહા દુ:ખની વાત તો એ છે કે જીવનની આવી તૈયારી કરવામાં એક પણ શાળા, શિક્ષક કે માબાપ ભાગ્યે જ યોગ્ય સલાહ આપી શકે એવાં લાગે છે. સલાહ તો રહી, પણ વિદ્યાર્થીના અંગત વિચારો કે શક્તિઓને ઉત્તેજન કે પોષણ આપની ઉદારતા પણ કહેવાતા કેળવણીકારો પાસેથી નથી મળતી. કેટલા યે વિદ્યાર્થીઓને એ રીતે સાચો જીવનક્રમ પકડવામાં શિક્ષકોના ભયંકર કટાક્ષો અને માબાપોની કડકાઇ નડ્યાં છે: તેની હકીકત કોઈ અનુભવી નોંધ લેનારો રજુ કરે તો કરુણ કથનીઓ અને દેશને થએલાં નુકસાનોનું એક પુરાણ થઇ શકે.

પણ આવા પ્રલાપોથી શું વળશે ? યુવાનો ને વિદ્યાર્થીઓએ જ મળીને રોજની ફુરસદ, રજાઓ અને વૅકેશનોના વખતમાં ઘરઉદ્યોગો, રસાયણો, બાગબાની, જરૂર પુરતી સુતારી લુહારી હાથકારીગરી, બીજું પરચુરણ સમારકામ, રોજના ઉપયોગની વસ્તુઓ પુરી પાડે તેવા નવા હુન્નરો વગેરે શીખવા-ખીલવવા મંડળો બાંધી, ખાનગી ફંડો ઉભાં કરી અથવા જાતમહેનત કરી ક્રિયાશક્તિ ખીલવવાની યોજનાઓ ઉપાડવી જોઇએ; જેથી દિવસના સાત આઠ કલાક પ્રામાણિક ઉદ્યમ કરી નિર્વાહ જેટલું પણ કમાઈ શકાય. પોતાના મંડળ દ્વારા બનાવેલો સામાન, વસ્તુ કે પદાર્થ વેચવાનો પ્રયાસ કરવામાં પણ વ્યાપારી અનુભવ અને તાલીમ મળશે. શરૂઆતમાં કંઈ પણ કમાણી ન થાય તો પણ કંઇક ઉદ્યમ શીખીએ છીએ એ ભાવથી મહેનત કરનારા પણ ઘણું નવું પામશે. આ પ્રયત્નમાંથી સીધી કમાણી નહિ થાય તો યે હાઇસ્કુલ કે કૉલેજનો અભ્યાસ પુરો કર્યા પછી કોઇપણ ઠેકાણે જતાં આવી વંધારાની તાલીમવાળો વિદ્યાર્થી બીજા કરતાં વધુ આદર પામશે, અને તેની ઑફિસ, દુકાન કે ધંધાના કામમાં તેની ક્રિયાશક્તિનો પ્રભાવ બતાવી શકશે એટલું જ નહિ, પણ કોઈ પણ નવા કામ, કારીગરી કે હુન્નરમાં તે જલદી પાવરધો થઇને આગળ આવશે. શાળાનું જીવન પુરૂં થશે ત્યારે કંઈક શીખી લઇશું એવી રાહ જોનારા રખડી રહે છે અને પાછળ રહી જાય છે અથવા તેમની ઉમેદવારી લંબાય છે. સાફસુફ, ગોઠવણ અને કરામતમાં જેટલો અનુભવ વધારે તેટલી તેવા માણસની માગણી વધારે થવાની.

વિદ્યાર્થીઓ અને યુવાનો પોતે જ પોતાના પ્રશ્નો છોડી નહિ શકે તો કોઈ

તેમની પરવા કરવાનું નથી. અને એક જણનો પ્રશ્ન બીજો ઉકેલી આપે એવી રાહ જોનારા આખું જીવન કોના આધારે ગુજારશે ? આવી પરાધીન મનોદશામાંથી મુક્ત થવાની યોજના ઘડવા ગામેગામ અને જીલ્લેજીલ્લામાં વિદ્યાર્થીઓએ તથા યુવાનોએ દર વર્ષે સંમેલનો ભરી પોતાનાં વીતકો, અનુભવો અને પ્રશ્નો ઉપર ચર્ચા કરી બધાને તે જાતના સ્વતંત્ર વિચારો તરફ વાળવા જોઇએ. નાકોરાનું યુવક સંમેલન આવી વિચારણા કરવા મળ્યું હતું; પરંતુ આપણી આધુનિક કેળવણીને પરિણામે આપણે નવા વિચારો કરવાનું ભુલી ગયા હોઇએ તેથી, અથવા સમાજના સ્થાપિત અધિકારીઓ વિરુદ્ધ વિચાર જાહેર કરાય જ નહિ એવી દહેશતથી, બહુ જ થોડા પ્રમાણમાં ત્યાં આવેલા ભાઇઓએ રસભર્યો ભાગ લીધો હતો. સંમેલનના ઉદ્દેશોમાં તેમની શ્રદ્ધા તો અપાર હતી એ તેમની હાજરીથી સ્પષ્ટ સમજાતું હતું; પણ એ ઉદ્દેશો પાર પાડવા સક્રિય ભાગ કે આગેવાની લેવાનો સંકોચ તો ઘણામાં ઠેઠ સુધી દેખાયો હતો.

આવા પ્રસંગે ઘણા જણ, પોતે પોતાના જીવનના કોયડા શી રીતે ઉકેલી શક્યા તેની વાત કરી બીજાને હિંમત ને સૂચના આપી શકે. પોતાના જીવનમાં થએલી ભુલોથી બીજાને ચેતવીને બચાવી શકે અને નવાં જીવનક્ષેત્રો તરફ ધ્યાન ખેંચી શકે. એટલા માટે આવાં સંમેલનોમાં શિક્ષકો ને સાહિત્યકો ઉપરાંત કુશળ કાર્યકર્તાઓ, સફળ વ્યાપારીઓ, ખડતલ ખેડુતો, સમર્થ કારીગરો, બાહોશ અમલદારો ને મુત્સદ્દીઓ પણ યુવકોના સલાહકાર તરીકે ભાગ લેવા આવે એ ઇચ્છવાજોગ છે. માત્ર એમનાથી ચેતવાનું એટલું જ કે તેઓ ભુલેચુકે પોતાની ઉમરના પીઢપણા અને અતિ ચીવટાઈથી યુવાનોના ઉત્સાહ ઠંડા ન કરી પાડે. આ જાતના ભયથી મુક્ત થવા મુંબાઇના યુવકસંઘે એક સરસ નિયમ કર્યો છે કે ત્રીસ વર્ષથા ઉપરના માણસને યુવાનમાં ન ગણવો. જો તે યુવાન જેટલો ઉત્સાહી અને સક્રિય સહાયક હોય તો તેને આવા પ્રસંગે આમંત્રણ આપવું; પરંતુ પોતાની વ્યવસ્થા ને નિર્ણયો ઘડવાની જવાબદારી તો યુવકોએ જાતે જ ઉઠાવી લેવી.

યુવકોના સામાન્ય ધર્મ તરીકે કેટલીક રૂપરેખા કબીરવડને છાંયે મળેલા એ યુવકસંમેલનમાં ઘડાઇ છે તે નીચે આપેલી છે. યુવકની પ્રતિષ્ઠા અને ચારિત્ર્ય ઘડનારાં કેટલાંક જીવનસૂત્રો એમાં વણાઇ આવ્યાં છે. દેશનો કોઈપણ યુવાન તે ઉપર વિચાર કરી જીવનમાં તેનો સ્વીકાર કરશે તો જરૂર પોતાના મંડળને શોભા આપશે. યુવકો એ રીતે દર સાલ, ઠામેઠામ, વિધિઓના આડંબર વિના મળતા રહેશે તો પરસ્પરના પરિચયથી જ એક આદર્શ વાતાવરણ બંધાતું જશે. રૂબરૂ પરિચય થવાથી ઘણા વાંધા અને વિરોધ ઓછાં થઇ જાય છે, ઠરાવોની જરૂર ઘટી જાય છે અને નિયમો જીવનનાં સાધારણ વૃત્ત બની જાય છે.

યુવક-ધર્મ

કબીરવડને છાંયડે મળેલા પ્રતિનિધિઓએ સર્વાનુમતે યુવાનોના સામાન્ય ધર્મ તરીકે નીચેની બાબતો સ્વીકારી છે:

(૧) ગુજરાતના યુવકોએ દર સાલ એક સંમેલન કોઇપણ ગામડાના શાંતિમય કુદરતી વાતાવરણમાં ભરવું, અને પરસ્પર પરિચય તથા સદ્ભાવ વધે એવો કાર્યક્રમ ગોઠવવો.

(૨) ગામડાં અને શહેરોની વચ્ચે ઉભા થતા અંતરાયો દૂર કરવા ને સાદાઇ તથા સ્વાશ્રયના ધોરણ ઉપર આ સંમેલનની યોજના રચવી.

(૩) આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે આવતા ભાઇઓ દેશસેવાના કોઈપણ ક્ષેત્રમાં સક્રિય ભાગ લેતા હોય.

(૪) દેશનાં બાળકો પર પડતો શિક્ષણનો નકામો ભાર ને ત્રાસ દૂર કરવા દરેક યુવાન મહેનત ને હીલચાલ કરે તથા ભવિષ્યની પ્રજાની ઉન્નતિ ખાતર બાળલગ્ન, કજોડાં તથા પ્રેતભોજન તરફ તિરસ્કાર બતાવી તેનાથી દૂર રહે.

(૫) પ્રત્યેક યુવાન પ્રજાના શારીરિક વિકાસ માટે વ્યાયામ જેવી હીલચાલને ઉત્તેજન આપે.

(૬) યુવાન માને કે દેશની દોલત દેશને માટે જ વાપરવી જોઇએ. તે ખાતર બને ત્યાં સુધી દરેક વસ્તુ દેશની વાપરે. પ્રયોગ, અભ્યાસ કે હુન્નર ખાતર જરૂર પડે એટલું જ પરદેશનું સ્વીકારે. વૈભવ કે શોખના પદાર્થો સ્વદેશના જ હોવા જોઇએ એવું પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકારે.

(૭) દેશમાંથી મેળવેલી દોલત પરદેશના વૈભવી પદાર્થો વસાવવામાં વાપરતા શ્રીમંતો દેશને નુકસાનકર્તા છે એવું દરેક યુવક માને: ને એ વૈભવ ખાતર તેઓની જરા યે પ્રતિષ્ઠા ન કરે.


(૮) સ્ત્રીજાતિ તરફ યુવાનનો ધર્મ મૈત્રીની દૃષ્ટિ કેળવવાનો છે. ઘરમાં, શાળામાં કે સમાજમાં યુવકો તરફથી તેમને સન્માન, સહાય અને નિર્મળ વાતાવરણનો અનુભવ થવો જોઇએ. દરેક યુવકે ઘરની સુધારણામાં સ્ત્રીઓના મદદગાર થવું જોઇએ. રસોડાથી માંડી ઘરના કોઇપણ કામમાં ભાગીદાર થવાની, તેમાં વ્યવસ્થા અને યોજના લાવવાની જવાબદારી સ્વીકારવી જોઇએ.

(૯) દેશમાં થતા અન્યાય અને ગેરવર્તન સામે ઉભા રહેવા હરેક પળે યુવક તત્પર રહે.

(૧૦) નાતોનાં અનિષ્ટ બંધનો સત્વર દૂર થાય એવા પ્રયત્ન યુવાન કરે. કોમો ને ધર્મના વિખવાદોમાં સામેલ ન થતાં તે અટકાવવા પ્રયાસ કરે.

(૧૧) જીવનને હાનીકારક વ્યસનોથી પ્રત્યેક યુવક મુક્ત રહે.

(૧૨) યુવાને દેશના વ્યવહારમાં દેશની કળા અને રૂપોનો આદર કરવો: અનિવાર્ય સંજોગો સિવાય બધે ગુજરાતી ભાષાનો પ્રયોગ કરવો.



લડતનો ખ્યાલ આપતો બારડોલી તાલુકાનો આ નકશો ગઇ તા. ૧૨-૫-૨૮ના રોજ શ્રી જગજીવનદાસ નારાયણ મહેતાએ તૈયાર કરેલો. તે પછીની મુદ્દતમાં તો નોટિસ, જપ્તી અને ખાલસાનાં ગામોની સંખ્યા ખુબ વધી પડી છે.

બહાદુર બારડોલી

બારડોલી આજ હિંદુસ્તાનભરમાં ગવાઈ રહ્યું છે. ૧૯૨૧ની સાલમાં અસહકારની જે મોટી હીલચાલની શરૂઆત બારડોલીમાંથી થવાની હતી ને બંધ રહી ગઈ તેને અને આ વખતની સત્યાગ્રહની લડતને કશો સંબંધ નથી.

સુરતથી તાપ્તી વેલી રેલવે લાઈન પર જતાં ત્રીજું સ્ટેશન બારડોલી આવે છે. એ ૧૩૦ ગામના મોટા તાલુકાનું મથક છે. છેલ્લી મહેસુલી આંકણી વખતે સરકારે એ તાલુકાના મહેસુલની ઘણી ગેરવ્યાજબી આંકણી કરેલી હોવાથી એ આખો યે તાલુકો આજે એ અન્યાય સામે સત્યાગ્રહ પોકારી મહેસુલ નહિ ભરવાની પ્રતિજ્ઞા લઈ એકસંપ કરી બેઠો છે.

આપણે ત્યાં મહેસુલનો દર બંગાળાની પેઠે કાયમનો નક્કી કરવામાં આવ્યો નથી; પણ સરકાર અમુક વખતે તે બદલી શકે છે. અને સરકારની આવકનો મુખ્ય આધાર એ મહેસુલ હોવાથી, પોતાને જરૂર પડે ત્યારે ચાહે એટલો વધારો મુકવાની તેને આ રીતે સગવડ છે. એમ કરતાં ગરીબ ખેડુત કચરાઇ ન જાય એ જોવાની તેની જે ફરજ છે તે એણે આ વખતે નેવે મુકીને બીલકુલ જુલમી અને અન્યાયી આંકણી કરી છે. એ આંકણી મુજબ જો પ્રજા કર ભરે તો તે જમીનદોસ્ત થઇ જાય; તેથી એવા નિર્દય બોજારૂપ કરની સામે બારડોલીની બહાદુર પ્રજાએ પોતાનો અવાજ ઉઠાવ્યો.

આ વાતનો નીવેડો લાવવા એક નિષ્પક્ષ પંચ નીમવાની પ્રજાની દરખાસ્ત સરકારને ગળે ઉતરી નહિ, અને અમલદારોએ ઠરાવેલું મહેસુલ વસુલ લેવા માટે સત્તા અને જુલમનો ઉપયોગ કરવા માંડ્યો. પ્રજાએ શાંતિ ને હિંમતપૂર્વક તેનો સામનો કર્યો. પરિણામે આજે તેમની મિલકત જપ્ત થાય છે, તેમની જમીન ખાલસા થાય છે, અમલદારો પઠાણો લઇ આવી તેમનાં ઘર તોડે છે ને લુંટ ચલાવે છે. છતાં આ બધું મક્કમતાથી સહી લઇ પ્રજા શાંતિ જાળવી રહી છે. આથી દરેક પગલે સરકારી સત્તા અકળાય છે ને પોતે જ સરકારી કાયદાનો ભંગ કરી લોકો પર આક્રમણ કર્યે જાય છે.

લોકોને દરેક બાબતમાં સલાહ ને સહાય આપવા જીલ્લાના

[અનુસંધાન આગળ પાન ૨૨૩ મે]


ઘડાતા ગુજરાતના મહારથી

અ ખા ડા વી ર

અંબુભાઇ

ઘ, કોઇ નવપલ્લવિત રળિયામણી વેલની પેઠે ગુજરાતના પ્રદેશ પર પથરાતી આવતી વ્યાયામપ્રચારની આજની ઉજળી પ્રવૃત્તિનાં બીજ રોપનાર શ્રી છોટુભાઇ પુરાણીના પ્રયત્નોની ઝાંખી ગયા અંકમાં કરાવી છે. એ પ્રવૃત્તિના બીજારોપણ પછી તેને અપરિમિત ઉત્સાહ અને અખંડ અવિશ્રાન્ત પરિશ્રમ વડે જલસિંચન કરી પોષનાર ને પ્રચારનાર (એ છોટાલાલના નાનાભાઇ) અંબાલાલ પુરાણીના જીવનનાં સ્મરણ-ચિત્રો અમે આ નીચે આપીએ છીએ.

ઘડાતા આવતા ગુજરાતનો એ એક મહારથી આજ જરા અકાળે—વહેલો નિવૃત્ત થઇ અરવિંદ ઘોષના આશ્રમમાં યોગસાધનામાં ડુબ્યો છે. તેમાં પૂર્ણત્વ પ્રાપ્ત કરી વધુ દિવ્ય શક્તિઓ પામી ફરી એ ગુજરાતના નવસર્જનમાં મહામૂલી સહાય આપવા આવી પહોંચશે એવી એમની ને એમના મિત્રોની આશા તો ફળે ત્યારે ખરી; બાકી સ્થૂલ દૃષ્ટિએ તો, દેશના આવા કટોકટીના સંક્રાતિકાળે એ નિજ પ્રવૃત્તિમાં ખુંચેલા રહ્યા હોત તો, જે પ્રવૃત્તિને એમણે પોતાનો પરસેવો રેડીરેડીને જલસિંચન કરી પ્રફુલ્લ બનાવી તેનું—અખાડાઓનું એક ખુબ ઘેરૂં જટાજૂથ ગુજરાતના પ્રદેશ પર ગુંથાઈ ગયું હોત, ને સમસ્ત ગુજરાતના જુવાનોની નસોમાં આજ વ્યાયામ ને સંયમથી સમૃદ્ધ ને શુદ્ધ થએલું ધગધગતું કસુંબલ લોહી વહેતું હોત.



(ફોટો : વિઠ્ઠલદાસ શાહ; સનરાઇઝ ફોટો સ્ટુડિયો, અમદાવાદ.)

પુરાણીનું ઘર ભરૂચની ભટ્ટ મેવાડા જ્ઞાતિમાં પહેલેથી જ કુળવાન, સંસ્કારી, પૈસાદાર અને શિક્ષિત ગણાતું આવ્યું છે. ન્યાતમાં તે કુળનો મોભો અતીવ ઉચ્ચ છે. આજે પણ ન્યાતના લોકો એમ કહે છે કે પુરાણીના ઘરમાં ઘણો પૈસો દાટી મુકેલો છે. તે કુટુંબ જોડે સંબંધ પામવામાં દરેક માન સમજે છે. કુટુંબના લગભગ બધા જ પુરુષોએ કૉલેજની કેળવણી લીધેલી છે. તેમનામાં ધીરજ કાકા તો મોટા કવિ થઇ ગયા છે. તેમનાં થોડાં સ્વદેશી કાવ્યો છપાયાં પણ છે. આ કાકા, નાના જયસિંહભાઇ (જયકૃષ્ણ પુરાણી: અંબુભાઇના ગયા પછી અમદાવાદની અખાડા-પ્રવૃત્તિ સંભાળી

લેનાર)ને આંગળીએ વળગાડી પાસેના જુના બજારમાં ફરવા લઇ જતા ને પોતાની મોઢે કરાવેલી કવિતાઓ ત્યાં ગવડાવી વેણીલાલ સુખડિયાને ત્યાંથી દરરોજ મીઠાઇનું પડીકું અપાવતા.

બાલકૃષ્ણ પુરાણી બે વખત પરણેલા. છોટુભાઈ અને જગન્નાથ એ પહેલી માતાના પુત્રો છે અને અંબુભાઇ અવર માતાના એક જ સંતાન છે.

બાલકૃષ્ણ પુરાણીએ લાગટ ૨૩ વર્ષ સુધી જામનગરની અંગ્રેજી સ્કુલના પહેલા આસિસ્ટન્ટ માસ્તર તરીકે કામ કર્યું છે. કાઠિયાવાડના ઘણા રાજા મહારાજાઓ તેમના પરિચયમાં આવેલા છે ને તેમના તરફ સારૂં માન દર્શાવે છે. લીંબડીના ઠાકોર વગેરે તો તેમનાં સંતાનો પ્રતિ હજી પણ અતિ ઉચ્ચ ભાવ રાખે છે.

બાલકૃષ્ણ પુરાણીને મુળથી જ જીવનમાં વ્યવસ્થા, નિયમિતતા અને નિયંત્રણનો આગ્રહ ખાસ હતો અને તેથી ઘરમાં પણ તેઓ એ પ્રમાણે કરાવવા ઘણી ચીવટ રાખતા. પોતાના કબાટમાંથી અંધારામાં પણ તેઓ ધારેલી ચોપડી કાઢી શકતા. સામાન્યરીતે ઘરમાં માણસો જોડે એ બીજી નકામી વાતો કરતા નહિ. ઘેર તેઓ મોટે ભાગે પોતાના ઓરડામાં લખવા વાંચવામાં જ લીન માલુમ પડતા. ઘરના થાળી, વાડકા, પ્યાલા, રકાબી, લોટા, સામાન વગેરે પોતાની નિયત જગ્યાએ જ રહે તેની એ ખાસ કાળજી લેતા. ઘરમાં તેમનાં પગલાં થતાં જ આખા ઘરમાં શાંતિ, કામમાં ચિત્ત પરોવણી, વ્યવસ્થા વગેરે એની મેળે જ આવી જતાં.

અને એમનું મૃત્યુ પણ એવું જ ધન્ય થયું. નિશાળમાં વિદ્યાર્થીઓ સમક્ષ '**Open your lesson**-તમારો પાઠ ઉઘાડો' કહેતાં જ પહેલે બગાસે તેમના આત્માએ એ નશ્વર દેહનો ત્યાગ કર્યો. એ વખતે છોટુભાઇ ને પુરુષોત્તમભાઇ (જયસિંહના મોટાભાઈ) વીસવીસ વર્ષના. તેઓ કૉલેજમાં અભ્યાસ કરતા. પાંચ વર્ષના અંબુભાઇ જામનગર થોડું ભણેલા. હવે તેમને ધીરજ કાકાની દેખરેખ નીચે ભરૂચ આવવું પડ્યું ને તેમનું બાલશિક્ષણ ત્યાં જ શરૂ થયું. ત્યારબાદ થોડાં જ વર્ષોમાં દૈવવશાત્ એમનાં માતાનો પણ સ્વર્ગવાસ થયો.

એક દિવસ રેવાજી (નર્મદા)માં તરીને અંબુ[ભાઇ] ઘેર મોડા આવ્યા. કાકાએ ઉધડા લીધા ને ફરી રેવાજીમાં નહાવા જવાની મનાઇ કરી. કાકા હમે[શ] કહે કે કોઇક દહાડો ડુબી જશો; તો અંબુભાઇ પા[છા] આવીને કહેતા કે 'જુઓ પાછો આવ્યો ને! હા[જી] તો ડુબી નથી ગયો.' પણ હવે તો સખ્તાઇ વધી અને વારતહેવારે પણ નદીએ સ્નાન કરનાર કાકા કે કોઇ સાથે જ રહેતું હતું. ઘેરથી ધોતિયું કે પંચિયું પણ રખે નહાવા જવાની ખબર પડી જશે એ બીકે લઇ જઇ શકાતું નહિ. ભરૂચમાં નહાવાનો ને તરવાનો શોખ પુષ્કળ દીઠામાં આવે છે. નાનાંનાનાં છોકરાં પણ નદીમાં કેટલે ય આઘે સુધી તરીને પાછાં આવે છે. આવા વાતાવરણમાં નદીએ જવાની આવી કાયમી મનાઇ કેમ સહન થાય? અંતે તેનો નિકાલ આણવા અંબુભાઇએ એક યુક્તિ કરી. ચીંથરાની એક નાનીશી લંગોટી નવચોકીના આરે એક એવી ગુપ્ત જગ્યાએ સંતાડી રાખતા કે દિવસોના દિવસો શોધતાં પણ અજાણ્યાને જડે જ નહિ! કાકા બહાર ગયા હોય કે કામમાં હોય તેવે વખતે એ પેલી લંગોટી પહેરી નવચોકીએથી નદીમાં તરવા ઉતરી પડતા ને મનમાનતી લહેર કરી પાછી લંગોટી સ્થાને મુકી અસલ લુગડાં સાથે ફરીને ઘેર પાછા આવતા, એટલે ઘેર કોઇ જાણવા પામતું નહિ કે ભાઇસાહેબ નદીએ જાય છે! કોઇ દિવસ જો પકડાઇ જવાય ને ઘેર પુછે તો કહી દેતા કે 'હા, આજે તરવા ગયો હતો.' બસ; પછી મુંગામંતર અને જે ઠપકો મળે તે ચુપકીથી સાંભળી લેવાનો. ગમે તેવી મનાઇ હોય છતાં પણ જો પોતે ધારે તો સામાને ખબર ન પડે તેવી રીતે કામ સાધી લેવાની તથા સ્વતંત્ર રીતે જ કામે વળગી પડીને તેનો નિકાલ આણી દેવાની તેમની બુદ્ધિશક્તિનું આ એક જ ઉદાહરણ બસ થશે. આજે પણ તરવામાં અંબુભાઇ એક્કા છે. તેમની જોડે તરવાની હરીફાઇમાં ઉતરવું ઘણું મુશ્કેલ છે. આટલું સરસ તરતાં પોતે જાણે છે, છતાં હમેશાં તે કહે કે પાણીનો વિશ્વાસ નહિ, ભલભલા તારાને પણ કોઇ વખત ડુબાવી દે. પાણીમાં તરવાની કળાનું અભિમાન તેમણે કદિ કર્યું નથી. હા, મોટા ભયંકર પુરમાં તેમને તરવાની લિજ્જત આવતી અને કેટલીક

વખત તો જિંદગીનું જોખમ આવાં સાહસમાં આવી જતું; છતાં એમની નમ્રતા તો હરહમેશ રહેતી જ.

ઘર આગળ કે નદીકાંઠે સ્નાનસિક્ત, એકચિત્ત બાળમૂર્તિ જો કલ્પી શકો તો એક ચિત્તે ગાયત્રીનો જપ કરતા નાના, આસનબદ્ધ અંબુભાઇ તમારા ખ્યાલમાં આવશે. ગાયત્રીના આ જપની સંખ્યા પછી તો ઉત્તરોત્તર એટલી બધી વધી ગએલી કે દરરોજ ૧૦૦૦થી ૨૦૦૦ ગાયત્રીના જપ એક સ્થળે લાંબા વખત સુધી હાલ્યાચાલ્યા વિના કરવામાં તેઓ અનેરો આનંદ અનુભવતા. ગમે તેમ કરીને પણ ગાયત્રીના જપની નિયમિતતા જાળવતા ને તેમાં વિક્ષેપ ન થાય તે સંભાળતા. અત્યારે એક જ આસને બેસી શકતા અંબુભાઇની એકાગ્રતા, એકચિત્તતા, અને સંયમ કેળવવામાં આ ગાયત્રીના જપ-વિધાને જ મુખ્ય સહાય કરી છે. ચિત્તનું ધાર્મિક વલણ ને આધ્યાત્મિક વૃત્તિ આવી રીતે છેક નાનપણથી જ તરી આવતા હતી.

ધીરજ કાકા ગુજરાતના—ખાસ કરીને ભરૂચના એક સારા કવિ ગણાતા. ગુજરાતી ભાષા ઉપર તેમનો કાબુ પણ ઠીક હતો ને તેમના ભાષાપ્રેમે જ અંબુભાઇને પુરેપુરૂં ગુજરાતી ભણાવવાનો નિશ્ચય કર્યો હોય એમ જણાય છે. ગુજરાતી સાત ચોપડીઓ તો અંબુભાઇને પુરી કરવી જ પડી. છોટુભાઇ તે વખતે ખાસ કરીને રજાઓમાં જ ઘેર આવતા. ત્યારે એ અંબુભાઇને અંગ્રેજી શીખવતા અને એ અભ્યાસ એટલો બધો સંગીનપણે વધી ગયો કે જ્યારે અંબુભાઈ ગુજરાતી સાત ચોપડી પુરી કરી રહ્યા ત્યારે તેમની લાયકાત અંગ્રેજી પાંચમા ધોરણમાં બેસવા માટે યોગ્ય ગણાઇ! થોડા જ માસમાં પાંચમું ધોરણ પસાર કરી તે છઠ્ઠામાં ગયા.

હાલ જ્ઞાન પ્રત્યે તેઓ જે શોખ ધરાવે છે તે એ વખતે પણ જણાઇ આવતો. તેમનો સાહિત્યપ્રેમ અદ્દભુત છે. નિદાન વર્ષમાં એક વખત ઉત્તરરામચરિત, શાકુંતલ વગેરે ઉત્તમ રસિક કૃતિઓ ફરીથી વાંચી જવાની તેઓ ઇચ્છા રાખતા. તેમના સંસર્ગમાં આવેલો દરેક જણ તેમના સાહિત્યપ્રેમથી વાકેફ હશે જ. બંગાળી અને મરાઠી ભાષાથી પણ તેઓ ઠીક વાકેફગાર છે. ટાગોરની ગીતાંજલિ હાથમાં આવી ત્યારે એક જ રાતમાં પુરી કરી હતી; અને 'સાધના'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષાના સારાસારા કવિઓ ને લેખકોનો ઉંડો અભ્યાસ; તે તે ભાષામાં આવેલાં ઉત્તમ પુસ્તકોનું વાચન તથા તે ઉપરાંત દેશભક્તિ, હિંદની સંસ્કૃતિ, સેવાભાવ વગેરે કેળવનારા ગ્રંથો: સ્વામી રામતીર્થ, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, અર-



દેકારો સુણીને જાગે ધરતીનાં પડ સુનાં,
ટીંબેટીંબે સાદ પડે કે બાંધો બખ્તર જુનાં:
હો વાગે રણ–શરણાઇ,
મૃત્યુની ભરી વધાઈ.

મરજીવા મેદાને કુદે કાયર કોતર ખોળે,
શૂરાની શમશેરો ખેલે, ફાગણ રૂધિર છોળે:
મરવું તો હડવું શાને?
એ મંત્ર ભણી ગુલતાને.

ફરશીની તરસી ધારે પોંખાતા સાહસ–વીરો,
ભાલાની અણીએ ભોંકાવા કાળ ભરે ભડવીરો:
કીર્તિની અમર વાટે,
ખાંડા ખેલે શિર સાટે.

સ્વપ્નાંઓ સંકેલી પ્રકટો પૌરૂષની ચીનગારી,
'જય બજરંગ!' કહી કુદો લઈ શૂરાની સરદારી:
સિંહની સેનાને સંગે,
ઉતરો મયદાને જંગે.

(મળેલું)

વિન્દ ઘોષ, ટાગોર વગેરેના ઉપદેશો અને તત્ત્વજ્ઞાન; આ ઉપરાંત બધાની જોડે એકઠા મળી કરેલું વાંચન મનન અને ચર્ચાની સંગીનતા;—આ સર્વના એક સામટા ફળ રૂપે જ આપણે હાલના અંબુભાઇની જ્ઞાનમૂર્તિ જોઇ શકીએ છીએ.

અંબુભાઇના આખા જીવનમાં ધમાલ, કુદાકુદ અને મસ્તી રહેલાં છે. નાના તોફાની છોકરાનાં બધાં લક્ષણો તે આ ઉમરે હજી પણ ધરાવે છે. નિર્દોષ મશ્કરી કરી હાસ્ય ઉપજાવવામાં તો તેઓ અદ્વિતીય છે. જ્યારે કંઇ ખાસ કામથી એ ફારગત થયા હોય ત્યારે એમના ખડખડાટ હસવાથી આખું ઘર ગાજી રહે.

મારામારીના તો ઘણા પ્રસંગો અંબુભાઇના જીવનમાં છે. તેમની લડવાની ચાલાકી તો જેમણે તેમને કુસ્તી ખેલતાં જોયા હશે તેમને બરોબર યાદ હશે. ચપળતા ને બુદ્ધિપૂર્વક લડવાની કળા, બળ સાથે કળનો ઉપયોગ કરવાની એમની બુદ્ધિ પણ દરેકે અનુભવી હશે. ભરૂચમાં બ્રહ્મક્ષત્રિયના જુવાનિયા બીજા બધા કરતાં પ્રમાણમાં વધુ તોફાની હોય છે. દાદાગીરી (ગુંડાશાહી) કરવાની તેમની સ્વાભાવિક થઇ ગએલી ટેવથી ભાગ્યે જ કોઇ અજાણ્યું હશે. હોળી ઉપર એ સુનારવાડાની ક્ષત્રિયોની હોળીમાં બીજા લત્તાનાં ચોરી લવાએલાં કેટલાંય લાકડાં, બારણાં, જાળીઓ વગેરે હોમાય છે. અંબુભાઈ રહેતા તે વરજીવન ફીકાની ખડકી ને સુનારવાડ બહુ જ પાસે પાસે છે. એટલે આ ખડકીના છોકરાઓને વારંવાર સુનારવાડાના છોકરાઓ સાથે ચકમક ઝરતી રહેતી.

એક વખત અંબુભાઇ સુનારવાડા આગળથી ઘેર આવતા હતા. હાથમાં કેવળ એક કોયડો હતો. તે વખતે ક્ષત્રિયના સાતેક જુવાનિયા તેમની આજુબાજુ ફરી વળ્યા ને દાદાગીરી કરી ડરાવવા લાગ્યા. અંબુભાઇએ તો કંઇ નહિ બોલતાં માત્ર આંખ ફાટી કરી, એટલે વાત મારામારી પર આવી. અને પછી તો હાથમાંનો કોયડો અંબુભાઇએ એવી રીતે ઘુમાઘુમીને વીંઝવા માંડ્યો કે એ સાતમાંનો એક જ જણ એકી વખતે તેમની સામે થઇ શકતો ને તેને મારી પોતે બીજાની સામે પાછા ઉભા જ રહ્યા હોય! આ પ્રમાણે સાતેયને હંફાવતા હંફાવતા પોતાના ચકલા સુધી ખેંચી લાવ્યા; ને પોતાના ચકલામાં તો તેઓ રાજા, એટલે પેલા સારી પેઠે માર ખાઇને જ નાઠા.

અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ગણિત ઘણું જ કાચું હતું તેથી એક વખત નાપાસ થયા એટલે તેમને ઘણું જ લાગી આવ્યું અને સખત મહેનત કરી બીજી વખત સારે નંબરે પાસ થયા. તેમના અક્ષર પણ ઘણા ખરાબ હતા, તેથી એક આખું રીમ તેમણે લખલખ કરીને પોતાના અક્ષર સુધાર્યા અને આજે તેમના હસ્તાક્ષર જોનાર કહી શકશે કે તે કેટલા સુધર્યા છે. લખવાની ઝડપ તો એટલી બધી છે કે કૉલેજમાં ઘણી વખત પ્રોફેસર બોલે તે અક્ષરશઃ ઉતારી લેતા. ગમે તેવું અસંભવિત દેખાતું કામ પણ દૃઢ નિશ્ચય અને ખંતને લીધે અવશ્ય પાર પડે છે એ વચન તો એમને મુખે તમે અનેક વાર સાંભળો.

૨

દેશમાં જ્યારે પ્રગતિ થતી હોય છે ત્યારે તેનાં કિરણ રૂપે જુદીજુદી દિશામાં સ્વતંત્ર નાનાંમોટાં મંડળો ઉભાં થાય છે. આવું એક નાનું મંડળ નાજુકલાલ, લક્ષ્મીનાથ વગેરે બંધુઓએ પોતાની નાની વયમા સ્થાપેલું હતું. આ નાના મંડળની સભાના પ્રમુખ તરીકે એક વખત છોટુભાઈ ગયા અને પોતાના ભાષણમાં ગુજરાતની અગત્યની—પ્રથમની જરૂર તરીકે અખાડાની હીલચાલ જણાવી. બંગભંગના એ વખતમાં દેશભક્તિનાં ઉછળતાં પુર ગુજરાતના આ નવયુવાનોનાં હૃદયમાં પણ હીંચોળાતાં હતાં. એટલે કેવળ વાત નહિ કરતાં કાર્ય કરવાના ઉમગવાળા એ બંધુઓએ તે કામ કરવા કમ્મર કસી. લક્ષ્મીનાથે એ જ વખતે પોતાનો વાડો અખાડો બંધાવવા આપી દીધો અને સભામાંથી છુટીને બધા બંધુઓએ કોદાળી, પાવડા અને ત્રીકમથી તે જ વખતથી વાડાને અખાડાના રૂપમાં ફેરવવા માંડ્યો. આ પછી થોડા જ વખતમાં અંબુભાઈ પણ છોટુભાઇ સાથે રહેવા વડોદરે આવ્યા ને અખાડાના કામ માટે તેમને નાની ઉમરથી જ પલોટવાનો બધાએ વિચાર કર્યો. એ વખતે સિદ્ધનાથ મહાદેવમાં હાલ જોશી જે સર્જાદ ફાર્મ ઉપર કામ કરે છે તે રહેતા હતા અને આ બધી તોફાની સ્વતંત્ર યુવક ટોળી ત્યાં ભરાતી. અંબુભાઈ પણ ઘણી વખત ઘેર ન જતાં સિદ્ધનાથ જ પડ્યા રહેતા. યશવંતરાવ જોશી ને અંબુભાઇ ખાસ ગોઠિયા દોસ્તો બની ગયા.



ભીમ

નામથી ઓળખાતી મહાબલિપુરના શિલ્પમાંની સુંદર મૂર્તિ

કલ્પના અને વિધાનમાં સંપૂર્ણ રીતે લાક્ષણિક ગણાતી આ હિંદી મૂર્તિ, જે કાળે હિંદમાં કલા તેના ઉત્કૃષ્ટ સ્વરૂપમાં ખીલી રહી હતી એવા નામાંકિત કાળમાં ઘડાએલી છે એમ પ્રત્યેક કલાવિવેચક સ્વીકારે છે. મૂર્તિ ઘડવામાં શરીરશાસ્ત્રની નાનીનાની વિગતો જતી કરીને શિલ્પીએ કેવળ રૂપ અને રેખાની સ્વાભાવિકતા પકડીને જ એ નરી સરલતામાં પ્રવાહી સૌન્દર્ય ઉતાર્યું છે. શું ચિત્રમાં કે શું મૂર્તિમાં, ગમે તે કૃતિમાં ભાવવાહિતા ઉતારવાને માટે વિગતોને વળગી ન રહેતાં તેના સમગ્ર રૂપ અને રેખાની છટા તથા સૌન્દર્યને જ ઉતારવાનો પ્રયત્ન હોવો જોઇએ. હિંદી કળાની એ જ વિશિષ્ટતા છે. આ મૂર્તિમાં જે ભવ્યતા અને ગૌરવના ભાવ ઉતારી શકાયા છે તે એ જ પદ્ધતિના મૂર્તિ-વિધાનને કારણે. વિરામ દર્શાવતો શો અદ્ભુત શરીર-વિન્યાસ શિલ્પીએ એમાં સાધ્યો છે! વિરામદશાની મધુર પ્રસન્નતા એમાં હોવા છતાં અંતર્ગત અખૂટ શક્તિનો પણ એમાં આવિર્ભાવ છે. જાણે વિરામ લેતી શક્તિ.

(કુમાર : જેઠ ૧૯૮૪)



સિદ્ધનાથનાં સંસ્મરણો તો જોશી કે અંબુભાઈ-માંથી જો કોઈ લખે તો અદ્દભુત પ્રસંગો બહાર આવ્યા વિના ન રહે. ત્યાં જ અખાડાનું હાલનું સ્વરૂપ અને બીજી પ્રવૃત્તિઓના વિચારો થયા, નિશ્ચય થયા, વ્રત લેવાયાં અને તૈયારીઓ થઈ એમ કહીએ તો ખોટું નથી. જોશી જોડે તેમના નાના ભાઇ જયાનંદ અને તેમનાં પત્ની ગંગાબેન પણ રહેતાં. ઘેરથી ભાગ્યે જ પૈસા મળતા, એટલે સ્વાશ્રયથી ઘણા જ થોડા પૈસામાં આ ટોળી પોતાનો નિભાવ કરતી અને મહાન આદર્શો કલ્પતી. રામતીર્થ અને વિવેકાનંદ તો તેમના હૃદય સરસા મિત્રો થઇ ગયા હતા. વિવેકાનંદનાં દેશભક્તિવાળાં લખાણ તો તેમનાં હૃદયમાં તનમનાટ ને ઉત્કટતા ભરી દેતાં. આ જ વખતે તેઓએ દેશને માટે ફકીર થવાનું નક્કી કર્યું. આ બધામાં વધારે સમજુ ને વિચારશીલ છોટુભાઇ જ હતા. તે આ બધા નવયુવકોના જુસ્સાને પ્રેરતા ને યોગ્ય માર્ગે દોરતા. પિતાના જેટલાં વાત્સલ્ય અને કાળજીથી તેઓ આ મંડળને સંભાળતા ને દોરતા.

અંબુભાઇને અખાડા માટે તૈયાર થવાનું નક્કી કરવામાં આવ્યું તે પછીની એમની એ વિષયમાં સફળતા અને અખાડામાંનાં પ્રેમ, સહૃદયતા, ચીવટ ને તે પ્રત્યેની તેમની લાગણીનો સારો પરિચય હવે તો દરેકને થઈ ગયો છે. ગુજરાતના અખાડાઓમાં અંબુભાઇનું જીવન એટલું બધું ઓતપ્રોત થઇ ગયું છે કે અખાડાપ્રવૃત્તિ એટલે અંબુભાઇ એ સિવાય બીજું કલ્પી ન શકાય. પરંતુ વ્યાયામ પ્રચારની એ દિશામાં જે વખતે આ લોકો કેવળ અજ્ઞાત હતા તે વખતે ફક્ત ઉત્સાહ ને દૃઢ નિશ્ચયથી જ તેમણે કેવી રીતે અખાડો શરૂ કર્યો, કેવી રીતે સાહિત્ય એકઠું કર્યું, કેવી રીતે જાતે શીખીશીખીને બીજાઓને શીખવ્યું વગેરે સંબંધી પ્રસંગો લખવા માટે આ સ્થળ ઘણું જ નાનું થઈ પડે.

દામ તો નહોતા પણ શામ, દંડ ને ભેદની નીતિ-રીતિઓ વાપરી તેઓ બધાને અખાડે ખેંચી લાવતા. કોઇ રસ્તે જતો હોય તેની જોડે જાણી જોઇને અફળાઇ ટંટો કરવો ને તેની નિર્બળતા બતાવી તેને અખા-ડામાં આવી સબળ થવા માટે આમંત્રણ આપવું; કોઇને નિશાળમાં વા ઘર સંબંધી પરચુરણ બાબતોમાં મદદ કરવી; તે વખતે બાજવાડાના લોફર ગણાતા માણસો છોકરાઓને અખાડે આવતાં કનડતા તેથી તેમને શિક્ષા કરવા એકબે કે ચારે મળી, સામા માણસના પ્રમાણમાં યુક્તિઓ કરી તેને ખોખરો કરી, રાંધો-દોર બનાવી મુકી બીજાઓમાં દહેશત ઉપજાવવી; કોઇ ગેરહાજર રહ્યો હોય તો તેની તપાસ કરાવી તેને ઘેર જઇને પાછો બોલાવી લાવવો; શાળામાં પણ વિદ્યાર્થીઓ સમક્ષ અખાડાની જ વાતો ને તોફાનો કરી બીજાને આવવા લલચાવવા; સ્કૉલરોને પોતાના જ્ઞાનથી આંજી, માનસિક વિકાસનાં સાધનોથી લલ-ચાવવા; સામાન્ય નબળા વિદ્યાર્થીઓનો પક્ષ લેવો; ક્લાસમાં હમેશાં આગળ નંબર રાખી અખાડાના જ વિદ્યાર્થીઓથી પહેલી પાટલી રોકી રાખવી ને તેમ કરીને એ પ્રત્યે બીજાને મોહ લગાડવો;—આવી આવી તો અનેક યુક્તિપ્રયુક્તિઓથી તેમણે પોતાના અખા-ડામાં સારી પેઠે સંખ્યા વધારી.

એક વખત કુસ્તીમાં એક છોકરાનું હાડકું ઉતરી ગયું. આ બીકથી ધીમેધીમે બીજા પણ આવતા અટકી ગયા અને અખાડામાં પાછા હતા તે જ—બેચાર જુના જોગી જ બાકી રહ્યા. પેલા છોકરાને અખાડેથી જ બારોબાર ડૉક્ટરને ત્યાં દવા કરાવી પછી તેને ઘેર લઈ ગયા અને તે સાજો થયો ત્યાં સુધી કોઇ ને કોઇ તેની માવજત માટે હરહમેશ ખડે પગે રહેતો. આથી એ છોકરાનાં માબાપ તો આ યુવકોએ ઉઠાવેલી સગા ભાઇ કરતાં પણ વધુ પ્રેમભરી જહેમત જોઇ એટલાં બધાં પ્રસન્ન થયાં કે છોકરો સાજો થયો એટલે તેને પાછો નિયમિત અખાડે મોકલવા માંડયો ને કહ્યું કે 'ભાઇ એ તો વાગવાનું નિર્માણ હશે! તમે કંઇ ઓછું માર્યું છે? ઉલટું તમારા જેવી સોબત એને ક્યાં મળવાની છે!' તે છોકરાને ફરીથી અખાડે આવતો જોઇ તથા અખાડા-વાળાઓની આ પ્રેમભરી સુશ્રુષા અને સ્નેહભાવ જોઇ બીજાઓએ પણ આવવું શરૂ કર્યું.

વડોદરામાં નવા દાવ શીખવા અંબુભાઈ એક ઉસ્તાદી અખાડામાં જતા. ત્યાં કેટલા ય વખત સુધી તો દંડ જ કાઢ્યા કર્યા. રોજ ૫૦૦ દંડ કાઢવા છતાં તેમને અખાડામાં આગળ કામ શીખવા ઉતારે જ નહિ! જે કોઇ પૈસા આપે ને મિઠાઈ ખવડાવે તેને


બધાના ગયા પછી ઉસ્તાદ રાત્રે દાવ શીખવે. આ જાણી અંબુભાઇ વગેરેએ ભીંતમાં એક કાણું કરેલું. બહારથી રહ્યારહ્યા તેમાંથી દાવ જુએ. નિશાળેથી ત્યાં પુસ્તકો સાથે લઇ જાય ને જાણીજોઇને ભુલી જાય; પછી બીજે દિવસે એ પુસ્તકો લેવાને બહાને બારણાં ખખડાવે; ઉસ્તાદ ચીડાય ને ઉઘાડે ત્યારે ચોપડીઓ લેતાં વાર કરે ને કુસ્તીની જુદીજુદી પોઝિશન વગેરે બરાબર ધ્યાનમાં લઇ લે અને દાવ જાણી લે;—આવી કેટલી ય યુક્તિ કરીને પોતે શીખે અને સવારે બીજા નાયકોને શીખવે. નાયકો સાંજે બીજાઓને બતાવે ને અખાડો આમ ચાલ્યા કરે.

કૉલેજજીવનમાં સ્વાશ્રયી થવાનો અને હિંદમાં ઉદ્યોગોની ખીલવણી કરવાનો વિચાર તો આ બધા યુવકોનાં હૃદયોમાં ઘર કરી રહ્યો હતો. નોકરી નહિ કરવાનો દૃઢ સંકલ્પ તો મુળથી જ હતો. ઔદ્યોગિક કેળવણીની ખીલવણી માટે કૉલેજમાં અંબુભાઇએ પણ સાયન્સ અને કેમિસ્ટ્રી ખાસ વિષય તરીકે લીધાં હતાં. બી. એ. માં કેમિસ્ટ્રીમાં ખુબ ચોપડીઓ વાંચી નાખી હતી ને ફીઝિક્સમાં કશું ય નહોતું વાંચ્યું. આમાં વળી બીમારી આવી. એટલે વખત થોડો જ રહ્યો. તેથી પ્રીલિમિનરીમાં ચૌદચૌદ કલાક વાંચીને કેમિસ્ટ્રીમાં સૌથી વધારે ગુણ (માર્ક) મેળવ્યા. ફીઝિક્સમાં નાપાસ થવાથી ફૉર્મ ન આપવાને માટે બંને પ્રોફેસરો વચ્ચે તકરાર ઉઠી. છેવટે ફૉર્મ મળ્યું અને અંબુભાઇ સેકંડ ક્લાસ ઑનર્સ ગ્રૅજ્યુએટ થયા.

વડોદરે કૉલેજમાં પહેલવહેલા ગયા ત્યારે તે વખતે સામાન્ય રિવાજ એવો પડી ગયો હતો કે કૉલેજમાં જોડા વિના ઉઘાડે પગે ન જવાય;—જવાની હિમ્મત જ ભાગ્યે કોઇ કરતું. અંબુભાઇએ બહુ જ ઓછા જોડા પહેરેલા છે. નિત્યની પ્રકૃતિ પ્રમાણે તેઓ તો કૉલેજમાં બુટ પહેર્યા વિના જ ગયા. પ્રોફેસર ને બીજા વિદ્યાર્થીઓ આ હિમ્મતથી નવાઈ પામ્યા ને પ્રોફેસરે તો બુટ કેમ નથી પહેર્યા એનું કારણ પણ પુછ્યું. ત્યારે અંબુભાઇએ હાજર જવાબ આપ્યો કે ‘ જોડા મારફતે પગમાંથી કંઇ જ્ઞાન આવવાનું નથી. જ્ઞાનને તો મગજ સાથે સંબંધ છે!’ બધા આ સાંભળીને છક જ થઇ ગયા અને તેમને સારી રીતે ઓળખતા થયા. તે દિવસથી એક વિચિત્ર વ્યક્તિ તરીકે બધા તેમની વાતો કરતા.

સીનિયર બી. એ. ના ઑનર્સના અભ્યાસ માટે અંબુભાઇ મુંબાઇ અભ્યાસ કરવા ગએલા. મુંબાઈ અખાડો નહિ, એટલે એક અખાડામાં પૈસા ભરીને તેઓ દાખલ થયા ને ઉલટા બીજાને કુશ્તી વગેરે મફત શીખવવા લાગ્યા. દક્ષિણી, પારસી, મુસલમાન વગેરે પણ અંબુભાઈની કુશ્તી જોઇને છક થઇ જતા અને બધા તેમની પાસે શીખવા આવતા. પોતે ફી ભરીને અખાડે આવે અને બીજાને મફત શીખવે એ વસ્તુ એ જમાનામાં તો નવાઇ પમાડે તેવી જ હતી.

એક વખત કૉલેજમાં ત્રણ સિંધી વિદ્યાર્થીઓ જબરા હતા. તેઓ એક બેન્ચે બેસતા ને બીજા કોઇને બેસવા ન દેતા. બપોરની રજા પછીના ઇંગ્લિશના પીરિયડમાં બધાને આગળ બેસવાનું મન થતું, કારણકે પ્રોફેસર બહુ ધીમેથી બોલતા હોવાથી પાછળનાથી પુરૂં સંભળાતું નહિ. એટલે રજામાંથી જ બધી પાટલીઓ રોકાઇ જતી. આ સિંધીઓમાંથી બેએક તો હરહમેશ પહેલી જ બેન્ચ રોકી દેતા અને કોઇને તે ઉપર બેસવા દેતા નહિ. રજા પછી તેમના ત્રીજા સિંધીને તેઓ પોતાની વચ્ચે બેસાડી જગ્યા કરતા. તેમનાં શરીર પહેલવાન જેવાં ભરાઉ ને મજબુત હતાં એટલે કોઇ પણ ગુજરાતી તેમની સામે થવાની હિમ્મત કરતો નહિ. અંબુભાઇ પણ આ વસ્તુસ્થિતિ સમજી ગયા ને એક દિવસ રજામાં જ બીજે ક્યાંય નહિ રખડતાં એ બેન્ચ પર બેસી ગયા. એવામાં પેલા સિંધી આવ્યા ને ઉઠવાનું કહ્યું. પણ અંબુભાઇ જેનું નામ! એ તે ઉઠે? રકઝક ચાલી, પણ અંબુભાઇએ તે દિવસે નહિ ઉઠવાનો નિશ્ચય કર્યો હતો. બે સિંધીઓ તો એ બેન્ચ ઉપર બેઠા પણ પાછળથી જે ત્રીજો આવ્યો તેને માટે જગ્યા ન હતી. એટલે તેઓ આંખ કાઢીને જોવા લાગ્યા ને પોતાની વચમાં તેને બેસાડી પછી અંબુભાઈ તરફ જોરથી હડસેલો માર્યો, કે જેથી અંબુભાઇ બેન્ચના સળિયા જોડે સખત ભીડાય. અંબુભાઇ આ સમજી ગયા, ને તે દિવસે ભલે લેક્ચર જતું રહે, પણ આમને તો બરાબર પદાર્થપાઠ આપવો એમ વિચારી તેમણે એક પગે સળિયાનો ટેકો લઇ બીજા પગનો પંજો નીચેની પાટલી જોડે એવો ચપટ ગોઠવ્યો કે ગમે તેટલો



અંબુભાઈ : ગુજરાત છોડચા પહેલાં

હડસેલાય પણ પોતાની તરફ ન જ આવે. આમ કરવાથી ત્રીજા ભાગની બેન્ચની જગ્યા પોતે રોકી લીધી ને બાકીની જગ્યામાં તેમને જોરથી દબાવી રાખી આખો પીરિયડ ભીચડાવી માર્યા. પેલા લોકોએ ઘણું યે જોર કર્યું, પણ બેઠક અને કુસ્તીથી મજબુત થએલાં પગ અને પિંડલી આગળ તેમનું કશું ચાલ્યું નહિ ને બધો વખત તાપમાં પરસેવાથી નીતરતા અને બફારાથી અકળાતા તેઓ કચડાઇ મર્યા.

પરીક્ષાના વખત પહેલાં જ્યારે બહુ ન વંચાયું હોય ત્યારે અખાડાના કામ ઉપરાંતનો બધો સમય વાંચવામાં જ ગાળતા ને અભ્યાસ પુરો કરી દેતા. આવું વાંચન સરેરાશ દરરોજના દસબાર કલાક ચાલતું. એક મિનિટ પણ નકામી જવા દેવી તેમને પરવડતી નહિ. ટાઇમ બચાવવા અખાડે પણ દોડતા જ જતા.

વડોદરામાં એવો નિયમ કરવામાં આવ્યો હતો કે અખાડાની પાળ ઉપર કોઇએ વાત કરવી નહિ; નીચે જઇને જ વાત કરવી. આ નિયમનો ભંગ અંબુભાઇ ઘણીવાર કરી બેસતા. કોઇ છોકરો નવો આવ્યો હોય કે વચ્ચે ન આવતો હોય તેની જોડે વાતો કરવામાં પોતે પાળ ઉપર છે કે બીજે છે તે ભુલી જવાતું. બંધુ નારાયણ (કે જેની હાલ પુરાણીના અખાડાઓમાં ધૂપ વખતે જય બોલાય છે) ઘણીવાર અંબુભાઇને આ સંબંધી ટોકતા, છતાં એ ભંગ ચાલુ રહેતો. એટલે નારાયણે એક વખત અંબુભાઇને સખત શબ્દોમાં કહ્યું અને એવું પણ જણાવ્યું કે તમે બોલ્યા વિના કામ કરી શકતા નથી. આ જોઇ અંબુભાઇએ મૌનવ્રત સેવ્યું. અખાડામાં પગ મુકયા પછી એક અક્ષર પણ નહિ બોલવાનો તેમણે નિશ્ચય કર્યો. તાળી અને ઇશારાથી જ પૂર્વવત્ કામ દરરોજ ચલાવવા માંડ્યું. આમ ચાર છ મહીના સુધી ચાલ્યું. નારાયણ વગેરે તો એ અદ્દ્ભુત સંયમ જોઇને છક જ થઇ ગયા.

એમની કુસ્તીની ઝડપ તો જેમણે તેમની જોડે ખરી કુસ્તી ખેલી હોય તે જ જાણે. પહેલેથી તે છેલ્લે સુધી એકસરખી વિજળી જેવી ઝડપને લીધે સામાના જોરે જ સામાને હંફાવી પોતાની ચાલાકીથી ગમે તેવનો પણ દમ એકાદ મિનિટમાં જ ભરાવી નાખતા. કુસ્તીમાં તેમની પારંગતતા અદ્વિતીય છે. લાંબુ દોડવ.ની ટેવ પણ તે વખતે બધાને ખાસ પાડવામાં આવતી. અંબુભાઇ, પંડ્યા વગેરેનો એક વખતનો મોટો આંક ૨૧ માઇલની દોડનો હતો.

ઔદ્યોગિક કેળવણી ઉપર તે વખતે સૌનું લક્ષ ઘણું ખેંચાતું રહેતું. વળી અખાડાને સ્વાશ્રયી કરવાનો વિચાર મુળથી જ હતો. તે વખતે દેશી સાબુ સારા મળતા નહિ એટલે વિલાયતીનો પ્રચાર વધુ હતો. અંબુભાઇએ અને નાજુકલાલે એક ઘરમાં ચુલ ખોદી કઢાઈ ચડાવી સાબુ બનાવવાનું શરૂ કર્યું. સાયન્સના

ઉમદા જ્ઞાનના પ્રતાપે તેઓ ઘણો સારો સાબુ બનાવી શક્યા અને સસ્તો કરી શક્યા. અખાડાના છોકરાઓ આ સાબુની જાહેરાત ફેરવતા અને જેને ને તેને તે વાપરવાની અજમાયશ કરી જોવાનું કહેતા. એક વખત આ સાબુ વાપરનાર પછીથી હમેશાં તેની જ માગણી કરતો એ તેની પ્રતિષ્ઠા હતી. કામ સાધારણ ઠીક પાયા પર થતું હતું. અંબુભાઇ ને નાજુકલાલ વડોદરાની ગુજરીમાં એ સાબુ વેચવા બેસતા એ જોઇ હાઇસ્કુલ તથા કૉલેજના છોકરાઓ દિઙ્મૂઢ થઇ જતા; ને આ લોકો પણ તેમને સાબુ વળગાડતા અને સાંજ પડ્યા પહેલાં ઠીક નફો કરી બધા સાબુ વેચીને અખાડે આવતા. પાછળથી જ્યારે અમને ભરૂચમાં આ સંબંધી તેઓ વાતો કરતા ત્યારે કહેતા કે 'એ ઉકળતી કઢાઇ આગળ અમારા અખાડાના ઘણા રવિવારના વર્ગો ભરાતા. ઉકળતી ચુલ ઉપર એક બાજુ કઢાઇમાં તાવેથો ફેરવાતો કે સાબુનાં ચકતાં પડતાં અને બીજી બાજુ અમારી સાહિત્ય કલબ ચાલતી. જેનું નિશાળનું લેસન કાચું હોય તે પણ તે વખતે આવી શીખી જતો. કોઇને સૂચનાઓ કરવી હોય, દિશા બતાવવી હોય તો તે પણ તે જ વખતે બનતું. અખાડાના લગભગ બધા જ છોકરાઓ નવરા પડી ત્યાં જ ભરાતા ને કંઇ ને કંઇ મદદ કરતા.

૩

અંબુભાઈનું કુટુંબ ન્યાતમાં પ્રતિષ્ઠિત અને ધનવાન ગણાય એટલે તેમનો વિવાહ નાનપણથી જ સુરતમાં થઈ ગયો હતો. અખાડાના વાતાવરણમાં બ્રહ્મચર્યના પાલનની એવી અજબ મોહિની ભરાઇ ગએલી કે અખાડાના ઘણા યુવકોએ આજીવન બ્રહ્મચારી જ રહેવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. અંબુભાઇનો વિચાર પણ બ્રહ્મચારી રહેવાનો હતો. 'નાતજાતમાં ખોટું દેખાય,' 'આટલાં વર્ષ ટકેલો વિવાહ કેમ તોડાય' 'છોકરીનાં માબાપની કેવી અવદશા થાય' વગેરે વગેરે ખ્યાલોથી કુટુંબીજનોએ ખુબ દબાણ કરવા માંડ્યું. છેવટે જોશી અને નાજુકલાલ ખાનગી રીતે કન્યાની તપાસ કરી આવ્યા અને અંતે અત્યારનાં લલિતાબેન જોડે તેમનું લગ્ન થયું.

અંબુભાઇનું ગૃહસ્થજીવન પ્રેમમય, ઉચ્ચ અને ભાવપૂર્ણ છે. અલબત્ત પોતાના વિચારોને સમજે ને ઝીલે એટલી સ્થિતિ લલિતાબેનની લાવતાં અંબુભાઇને ઘણો પરિશ્રમ પડ્યો હશે, ઘણા ભોગ આપવા પડ્યા હશે. અમે ભરૂચમાં જોએલું કે લલિતાબેનની કાળજીભરી પ્રેમપૂર્ણ નજરથી જ અંબુભાઇના ઉન્માતિયા અને અવ્યવસ્થિત જીવનમાં કંઇક વ્યવસ્થા અને મૃદુતા આવી હતી. અને એ પણ કહેવું જોઇએ કે અંબુભાઇએ કદિ પોતાનું લગ્ન થયા પછી લલિતાબેનની કે બીજા કોઇની પણ આગળ લગ્ન સંબંધી બડબડાટ કર્યો નથી. જે સ્થિતિ આવી પડે તેને સંતોષથી પોતાને અનુરૂપ કરી લેવાની શક્તિ તેમનામાં અદ્‌ભુત છે. ગીતાનો પ્રસિદ્ધ મંત્ર 'યોગઃ કર્મસુ કૌશલમ્' એમના જીવનને ઠીક લાગુ પડે છે.

લલિતાબેનને પ્રથમ વડોદરે રહેવાનું થએલું તે વખતે છોટુભાઇ વગેરે સૌ સાથે રહેતા. સામાન્ય સ્ત્રીઓ જેટલું અક્ષરજ્ઞાન ધરાવે છે તેથી પણ કંઇક ઓછું જ્ઞાન તે વખતે લલિતાબેન ધરાવતાં. વળી લલિતાબેન ઘણાં જ ભોળાં અને એક રીતે કહીએ તો અણસમજુ પણ હતાં. એક વખત રાત્રે ઘરનું બધું કામ કરી પરવારી, થાકીપાકીને લલિતાબેન મેડે સુવા ગયાં. પણ ઓરડીનું બારણું અંબુભાઇએ અંદરથી બંધ કરેલું હતું, કારણકે ભણવાનો જે વખત નક્કી કરેલો તે પસાર થઈ ગયો હતો અને લલિતાબેનનું કંઇ ઠેકાણું ન હતું. લલિતાબેન આ વખતે અભ્યાસની આટલી જરૂર સમજતાં નહિ, એટલે સ્વાભાવિક રીતે જ ઢીલાશ બતાવતાં; તેથી તે દિવસે કંઇ બોધ કરવા જ ધમાલ મચાવી હતી. ઘરનાં બધાં લગભગ સુવા ગયાં હતાં એટલે ઉપરની આ વાતની ભાગ્યે જ કોઇને ખબર પડે એમ હતું. રાત્રે સ્ત્રીઓને લાગતી સ્વાભાવિક બીક, બારણું બંધ અને સાંકળ ખખડાવ્યા છતાં અંદરથી ઉઘાડવાની જરીકે હીલચાલનો અભાવ જોતાં તથા ઘરનાં કામથી થાક લાગેલો હોવાથી અને મોંએ બુમ પાડવાની હિંદુ સ્ત્રીઓની સ્વાભાવિક લજ્જાના આવરણે, બીજો કંઈ ઉપાય નહિ જોતાં હૃદય ભરાઈ આવતાં બારણા પાસે બેસી ઝીણે સ્વરે લલિતાબેને રૂદન કરવા માંડ્યું. આમ કેટલોક વખત પસાર થઇ ગયો. પાસેની ઓરડીમાં કાકા હતા તેમણે આ અવાજ સાંભળ્યો અને છેવટે બુમ પાડી તેઓ બહાર આવ્યા અને અંબુભાઇને

ઉંઘી ગએલા ધારીને જગાડવા માંડ્યા. ઘરમાં નાહક ધાંધલ થશે જાણી અંબુભાઇએ બારણું ઉઘાડ્યું અને લલિતાબેન અંદર ગયાં એટલે બારણું વાસી દીધું. બધું ઘર શાંત થઇ ગયું. અંદર જતાં લલિતાબેને દીવા પાસે સ્લેટ, પેન અને ચોપડી તૈયાર જોયાં અને હૃદયમાં મોટો ધ્રાસ્કો પડ્યો. છતાં અંબુભાઇએ લેસન લેવા માંડ્યું ને લલિતાબેને શરૂ કર્યું.

નડિયાદમાં તો અખાડાના છોકરા અંબુભાઇને ઘેર પડ્યાપાથર્યા જ રહેતા, એટલે ઘરમાં વાણિયા પાટીદારના છોકરા બધે ફરે તેની તેમને સુગ હતી તે પણ અંબુભાઇએ ધીમેધીમે ઓછી કરાવી. આજે લલિતાબેનના ઘરમાં ગમે તે છોકરો ગમે ત્યાં ફરી શકે છે તેનો પદાર્થપાઠ નડિયાદ મળેલો. લલિતાબેનને સાદાઇ, સ્વચ્છતા ને સ્વાશ્રયના પાઠ ભણાવવા કેટલીક વાર અંબુભાઈ હાથે દળતા, કચરો કાઢતા અને રાંધતા પણ.

અંબુભાઇએ જ્યારે બી. એ.ની પરીક્ષા સેકન્ડ ક્લાસ ઑનર્સથી પસાર કરી ત્યારે કયા કામમા પડવું એનો વિચાર બધા વડિલ બંધુઓ કરવા લાગ્યા. વડિલ બંધુઓ જે નિશ્ચય કરે તે ઉઠાવવાને દરેક જણ સિપાઈની પેઠે તત્પર રહેતો અને ભાગ્યે જ આનાકાની કરતો. આમાં ઘણાને વ્યક્તિત્વનો અને સ્વતંત્રતાનો નાશ થતો દેખાશે, પણ તે વખતે તો તેમણે દેશ માટે પ્રાણાન્તે પણ અમુક અમુક કાર્યો કરવાનું એક મને નક્કી કર્યું હતું, એટલે તે તે દિશામાં તે નાનું મંડળ યોગ્ય માણસને પ્રેરતું હતું. એમાં માણસની શક્તિ, તેની દલીલો, તેનો સ્વભાવ, વૃત્તિ વગેરે અવશ્ય જોવાતું.

અખાડા માટે પૈસાની ઘણી જરૂર હતી. વળી ફાર્મને અંગે તથા બીજી જે પ્રવૃત્તિઓ ઉપાડવાની હતી તેને અંગે તે વખતે પૈસાની સખત તાણ પડતી હતી. આપબળે જ ઝુઝવાનો બધાનો દૃઢ નિશ્ચય હતો અને લોકો પાસે પૈસા માગવા જવામાં ઘણી અડચણ પડતી હતી. આથી મંડળનો એક પુરુષ કોઇ સારો ઉદ્યોગ ખીલવી મંડળને પૈસા પુરા પાડે એવું નક્કી થયું. તરતને માટે તો અંબુભાઇ, પ્રથમ છ માસ વડોદરે કળા ભવનમાં રહી કોઇ સાયન્ટિસ્ટને મળી પછી સાબુની ફૅક્ટરીનો કંઇક વ્યવહારૂ અનુભવ મેળવવા માટે બીલીમોરા ગયા.

બીલીમોરા સોપ ફૅક્ટરીમાં અંબુભાઇ જાતે જ ઘણું કામ કરતા. સવારના છથી તે સાંજના છ સુધી કામ પહોંચતું. શરૂઆતમાં તેઓ હાથે રાંધતા. પણ પાછળથી એક જુનો ગોઠીઓ તેની પત્ની સાથે અંબુભાઇવાળા મકાનમાં જ રહેતો હતો એટલે તેને ત્યાં જ તેઓ જમવા જતા. આમ દોઢ વર્ષ વીત્યું.

જુવાનીનો ધર્મ

જુવાનીની સાચી કસોટી તેની કાર્યોત્સુકતામાં રહેલી છે. જુવાન એટલે ધોધમાર, અથાક અને અવિરત પ્રવૃત્તિ: જુવાન એટલે પ્રાણશક્તિનું રમણ. જુવાનોએ જીંદગીના પ્રત્યેક ક્ષેત્રમાં બળવાખોર બનવું જોઇએ છે. જુવાનોએ આજની રાજકારણી પ્રથાઓ સામે બળવાનો ઝુંડો ઉઠાવવો જોઇએ છે, એટલું જ નહિ પણ અનિષ્ટ અને અનર્થકારી સામાજીક પ્રણાલિકાઓ સામે બંડ માંડવું જોઇએ છે. જુવાનોના માર્ગોમાં જે વિઘ્નો આવે તેમનો વીરતાપૂર્વક સામનો કરવાની તેમનામાં હિંમત આવવી જોઇએ છે. તેમની કૂચને જે જે તત્ત્વો રોકે તે તે તત્ત્વો સામે અથાક ઝઝુમવું એને હું જુવાનીનો ધર્મ કહું છું, એને હું યુવકપ્રવૃત્તિ કહું છું. આજે જગતભરમાં જુવાનો ક્યાં ક્યાં કેવી કેવી વીરતાપૂર્વક તેમની યુવકપ્રવૃત્તિ આગળ ધપાવી રહ્યા છે તે જાણવાને માટે તો તમારે યુરોપ-અમેરિકા તરફ નજર માંડવાની રહે છે.

આજે હિન્દુસ્તાનનાં પ્રાણતત્ત્વોને કોરી રહેલું એવું આપણું સૌથી મોટું દર્દ કયું છે? આપણે સૌ ભયની ડાકિનીના પંજામાં સપડાયા છીએ. એ જ આપણું મોટામાં મોટું દર્દ છે. . . . હિન્દુસ્તાનના જુવાને સૌથી પ્રથમ આ ભયના દૈત્યના પંજામાંથી છુટવાની જરૂર છે. એક ફ્રેન્ચ બળવાખોરનું વચન છે કે તમારા દેશના સન્માન અર્થે અહર્નિશ બહાદુરીનાં કર્મો કરો. અને હિન્દુસ્તાનનો જુવાન બહાદુર બને એટલે પછી તો આપણું સાધ્ય સિદ્ધ કરવું—ભારતવર્ષને સ્વાધીન બનાવવો-એ અતિ સરળ વસ્તુ છે.

જવાહરલાલ નેહરૂ
(સૌરાષ્ટ્ર)

આ અરસામાં અમદાવાદમાં સ્વ. રણજીતરામ અને શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની મહેનતથી 'ગુજરાત કેળવણી મંડળ' સ્થપાયું હતું. કેળવણીની દિશામાં તે મંડળે ગુજરાત માટે ઠીકઠીક પ્રયત્ન કર્યો હતો. ગોખલે પુસ્તકાલય વગેરેની પણ સારી વ્યવસ્થા લોકો માટે કરી હતી. તેને આર્થિક મદદ પણ ઠીક મળતી. આ કેળવણી મંડળે ગુજરાત માટે શારીરિક વિકાસની અગત્ય જોતાં સારા ચારિત્ર્યવાન શિક્ષિત માણસની છોટુભાઇ પાસે માગણી કરી.

જ્યાં માણસ ને પૈસા બંનેનો સવાલ હતો ત્યાં પૈસા માટે એક માણસને ખાસ રોકી રાખવો એ પણ ઠીક ન હતું. પૈસો તો ગમે ત્યાંથી મળી શકે, પણ માણસ મળી શકે એમ ન હતું. એટલે અંબુભાઇને બીલીમોરાથી અમદાવાદ મોકલવાનું નક્કી થયું. અમદાવાદ આવી ચાર્જ સંભાળી અંબુભાઇએ નડિયાદને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પ્રથમ પસંદ કર્યું. તેમના ભરણપોષણ માટે માસિક ૫૦ રૂપિયાનો પ્રબંધ કેળવણી મંડળે કર્યો હતો. અંબુભાઈ તે મંડળના સભાસદ થયા અને કેળવણી મંડળનું શારીરિક કેળવણીનું ખાતું અંબુભાઇને સંપૂર્ણ સ્વતંત્રતાથી સોંપવામાં આવ્યું.

નડિયાદની શાળામાં નોટીસ આવી કે અંબાલાલની વાડીમાં ભાષણ છે. ભાષણની નોટીસ સ્કુલમાં તો ભાગ્યે જ આવતી, એટલે કુતૂહલને વશ થઇ બધા ભાષણ સાંભળવા ગયા. ભાષણ ઘણું સુંદર હતું. ભાષણકર્તાની છાપ પણ એટલી સરસ પડી કે બીજે જ દિવસથી છોકરાઓની મોટી સંખ્યા અંબાલાલની વાડીમાં આવવા લાગી. એ બધાને અંબુભાઈ દંડ બેઠક કરાવતા, ડ્રિલ શીખવતા અને રમાડતા. દરેક જણ ઉત્સાહથી તેમની પાસે શીખવવા આવતો.

ઉત્તરાયણનો દિવસ હતો. અમે પતંગો ઉડાડવાના આનંદમાં પડયા હતા. અમારી શેરીઓમાં કેટલાક વિદ્યાર્થીઓ 'વિદ્યાદાન' ઉઘરાવવા આવ્યા હતા. આવે દિવસે પતંગો ઉડાડવાની મુકી સારા સારા છોકરાઓને આવી ભીખ માગતાં જોઇ મને કંઇ સમજણ પડી નહિ. પણ પાછળથી ખબર પડી કે એ મંડળના મંત્રી અંબુભાઇ પુરાણીની પ્રેરણા અને ઉત્સાહથી એ કામ થઇ રહ્યું હતું.

નડિયાદમાં અંબુભાઇના નાગરવાડાવાળા ઘરમાં કે અનાથાશ્રમવાળા મકાનમાં અખાડાના છોકરાઓ પડયાપાથર્યા રહેતા અને સહવાસનો લાભ ઉઠાવતા. તેમનું ઘર બધાને આશ્રમરૂપ થઈ પડયું હતું. કેટલાક વિદ્યાર્થીઓ તો ફક્ત ઘેર ખાવા પુરતા જ જતા અને નિશાળે ભણવા જ બહાર જતા. અંબુભાઈની મમતાએ, પ્રેમે અને માયાએ તેમને આકર્ષવા માંડયા હતા.

આ વખતે વચ્ચેવચ્ચે અંબુભાઇ આણંદ પણ જતા હતા અને ત્યાં પણ અખાડો ઉભો કર્યો હતો. છોકરાઓને મુસાફરીનો શોખ બીલકુલ ન હતો તે પાછળથી એટલો બધો વધી ગયો કે બેચાર દિવસની સામટી રજા આવે એટલે એકાદ નાની મુસાફરી ઉપડી જ છે. આણંદ, ખંભાત, ડાકોર, વડતાલ વગેરે સ્થળો તો આમ વારંવાર જોયાં હશે. પાવાગઢની લાંબી મુસાફરી ઉઠાવવામાં આવેલી. સ્કાઉટિંગ ને હિલ ક્લાઇંબમાં તો છોકરાઓ ટાઇમ પહેલાં કેટલાયે વહેલા આવી પહોંચતા અને આનંદથી ઉપડતા.

બે વર્ષ પછી અખાડાના વધુ પ્રચાર માટે અંબુભાઇએ અમદાવાદ જવાનું નક્કી કર્યું. અંબુભાઇ જશે એ વિચારથી પ્રત્યેક વિદ્યાર્થી રડુંરડું થઈ ગયો. તે વખતે મે વૅકેશન હતી. દરરોજ સવારે રવિ–વર્ગ નિયમિતપણે લેવાતો હતો. એ છેલ્લા વર્ગો તો અતિશય સુંદર, ગંભીર, આકર્ષક અને ભાવનામય હતા. એ દિવસોમાં અંબુભાઇએ જેટલું કહ્યું છે તેટલું બીજી વખતે ભાગ્યે જ કહ્યું હશે. એક બાજુએ અંબુભાઇ જશે અને બધા વિદ્યાર્થીઓ અખાડો સ્વતંત્રરીતે કેમ કરી ચલાવશે એ મોટી ચિંતા હતી, ત્યારે બીજી બાજુ આ વર્ગોથી એટલો ઉત્સાહ આવ્યો હતો કે આ સારા કામમાં આડખીલી રૂપ ન થઇ પડવા અને પોતાથી બને તેટલું બધું કરવા દરેકે ખાસ નિશ્ચય કર્યો.

અમદાવાદમાં સારંગપુર બહાર હાલ જે જગ્યાએ અખાડો છે ત્યાં નવજીવનના કૅમ્પાઉન્ડમાં—પહેલાંના નેટીવ સ્કુલના મકાનના મેદાનમાં—પહેલેથી જ એક અખાડો ચાલતો. અંબુભાઇએ યુક્તિથી તે અખાડો પોતાના હાથમાં લીધો. તે વખતે અમદાવાદના એ અખાડામાં ઉસ્તાદી અને દાદાગીરી તથા ગાળો એટલાં બધાં વધી ગયાં હતાં કે એ જ

વિદ્યાર્થીઓમાં નિષ્કામ સેવાભાવ, સમાનતા, સ્વતંત્રતા અને માતૃભાવના જેવા ઉમદા ગુણો ખીલવવા એ બેવડું મુશ્કેલ હતું. છતાં ઉત્સાહ અને પ્રયત્નથી તેમણે તે કામ કેવી સુંદર રીતે પાર પાડ્યું છે એની સાબીતીરૂપ સારંગપુરનો અત્યારનો એ અખાડો છે.

અમદાવાદમાં થોડા વખતમાં આગેવાન નેતાઓ, શેઠીઆઓ, સમાજસેવકો વગેરે માણસોના સંબંધમાં તેઓ ખુબ આવી ગયા. ભદ્રમાં પણ થોડા વખત પછી નવો અખાડો શરૂ કર્યો અને બોર્ડિંગ, વનિતા વિશ્રામ વગેરે સ્થળોએ ભાષણો દ્વારા તથા કોઇકોઇ જગ્યાએ છોકરાઓ મોકલીને અમદાવાદમાં અખાડાનું વાતાવરણ ઉભું કર્યું.

જ્યારે એક બાજુ અખાડાનો જોશભેર પ્રચાર કરવામાં તે આટલું ધ્યાન આપી રહ્યા હતા ત્યારે બીજી બાજુ તેમનો અભ્યાસ વધુ સંગીન, ગંભીર અને દઢપણે આગળ વધતો હતો. અરવિંદ ઘોષનાં પુસ્તકો ઉપર તે મુગ્ધ રહેતા અને પોતાની જોડે જ હમેશાં રાખતા. તેમની બુદ્ધિ સર્વગ્રાહી હતી એટલે અમુક જગ્યાએ શાનો વિકાસ થઇ શકે તેમ છે તે સદા એ જોતા રહેતા. અમદાવાદના અખાડામાંની ચિત્રકલા અને માસિકની ઉન્નતિ એને જ આભારી છે. માનસશાસ્ત્રનો અભ્યાસ કરવાની ટેવ અખાડામાં મુળથી જ તેમને પડી હતી, એટલે એકેએક છોકરાના તેઓ ખાસ મિત્ર બની રહેતા, અને બધાની ખાનગી વાતો જાણી યોગ્ય સૂચનાઓ આપતા રહેતા.

આ દરમ્યાન છોટુભાઇને ભરૂચ ન્યુ ઇંગ્લિશ સ્કુલમાં એક માણસની તરતમાં જરૂર જણાઇ. અંબુભાઇ એ શાળાના સ્વયંસેવક થયા હતા એટલે તે તરત ત્યાં ગયા ને કામ કરવા લાગ્યા. છતાં સાથેસાથે દર અઠવાડિયે ગામેગામના અખાડાઓ તો સંભાળતા જ. દર શુક્રવારે સાંજે તેઓ ભરૂચથી નીકળતા ને વડોદરા, નડિયાદ તથા અમદાવાદ જઇ આવી સોમવારે પાછા શાળામાં હાજર થતા.

ભરૂચમાં એક બાજુ તેઓ શાળામાં જતા, બીજી બાજુ ત્યાંનો અખાડો જોતા, ત્રીજી બાજુ ઘોષનાં પુસ્તકોનો અનુવાદ કરતા, ચોથી બાજુ તેના પ્રકાશનની વ્યવસ્થા કરતા, પાંચમી બાજુ પરગામના અખાડાની વ્યવસ્થા રાખતા—આમ વિવિધ રીતે તેમનું


શ્રી અરવિંદ ઘોષના આશ્રમમાં અંબુભાઇ : તાજો ફોટોગ્રાફ

જીવન રંગાતું ચાલતું હતું. હરિલાલ માસ્તર, ડૉ. ચંદુલાલ દેસાઇ, દીનકરરાવ વકીલ, છોટુભાઇ, નાજુકલાલ વગેરેને ઘેર વિવિધ કામે તેમને વારંવાર જવું આવવું થતું તે તો વધારાનું. ઘરમાં પણ લલિતાબેનની તબિયત ઠીક રહેતી નહિ. અમારા જેવા વિદ્યાર્થીઓ પણ જુદીજુદી જગ્યાએથી ત્યાં ભેગા મળતા. આટલું બધું ક્ષુબ્ધ વાતાવરણ છતાં તેઓ કદિ નિરૂત્સાહી થયા નથી કે બબડાટ વા ફરિયાદ સરખી કરી નથી. આ બધાની સાથે તેમનો યોગાભ્યાસ પણ અસ્ખલિતપણે આગળ વધતો હતો. આટલું છતાં તેમનો આનંદ તો સદા વહ્યા જ કરતો અને નિર્દોષ મશ્કરીઓમાં વારંવાર વ્યક્ત થતો. આટલું આટલું કામ અને રખડપટ્ટી છતાં તેઓ માંદા પડ્યા નથી કે થાક લાગ્યો છે માટે અમુક કામ થશે નહિ એવી બુમ પાડી નથી! તે વખતે શારીરિક કરતાં માનસિક કામ વધુ હતું એટલે શરીર પહેલાંના જેટલું સ્થૂલ રહ્યું ન હતું, છતાં તેઓ કહેતા કે 'શરીર તો યંત્ર જેવું છે, તેની પાછળ પડીએ તો છ જ મહીનામાં તેને પહેલાંના કરતાં પણ સરસ બનાવી દઇએ.'

ભરૂચમાં ગાળેલાં તેમનાં વર્ષોના પાછળના ભાગમાં અમે તેમની સાથે રહેતા. એ વખતની નોંધેલી મારી રોજનિશિમાંથી તેમની એ જિંદગીનો કંઈક ખ્યાલ આપતા પ્રસંગો તથા વારંવાર થતી વાતચિતોમાંથી અવતરણોનું ટાંચણ ઉપયોગી જાણી અહીં આપું છું:

તા. ૨૪-૬-૨૨. 'આંતર જીવન સુધારવા દરેકે પ્રયત્ન કરવો જોઇએ. તે માટે બ્રહ્મચર્ય, કામનાઓનો ત્યાગ અને અહંકારરહિતપણું જરૂરનાં છે.'

અમારે વાંચવાયોગ્ય ચોપડીઓની યાદી માગેલી તેના જવાબમા કહે 'વાંચવાની ચોપડીઓ જાતે જ શોધી કાઢવી. જેમાં વર્તમાનકાળ, દેશની આધુનિક સ્થિતિ, બીજા દેશોની સ્થિતિ તથા સંસ્કૃતિ, આપણી પ્રાચીન સંસ્કૃતિ, ન ઉકેલાય તેવા પ્રશ્નો ઉપર વિચાર, તેવી સ્થિતિમાં બીજા દેશોએ શાં પગલાં લીધેલાં ઈત્યાદિ વિષયક માહિતી આપનારાં પુસ્તકો વાંચવાં. બીજા સૂચના કરે તે જુદી વાત છે પણ આપણે તો જાતે શોધતાં શીખવું જોઇએ.'

"'કૉમ્યુન' (આશ્રમ) ઘરના જેવી જ વસ્તુ છે. ઘરમાં જેમ એક સગાઈનાં લોક ભેગાં રહે છે તેમ કૉમ્યુનમાં એક આત્માના—એક વિચારનાં માણસો એકઠાં રહે છે. તેમાં ગમે તે માણસો ભળી શકે છે. તેમાં પણ ઘરની માફક બધા કમાવાય તેટલું કમાય છે, ખરચે છે અને વ્યવસ્થા કરે છે."

'રાષ્ટ્રીય કેળવણીમાં સ્વતંત્ર ધંધો તો શીખવો જ જોઇએ. તે વગર ગવર્મેન્ટ ગ્રાન્ટની જરૂર પડશે; ચાલશે જ નહિ. નહિ તો મૂર્ખ બનવું પડશે. વાસણ ઉટકવાં, રાંધવું, ઘરમાં સ્વચ્છતા અને વ્યવસ્થા રાખવી વગેરે પણ જીવનની કેળવણી છે. દરેક પોતાની જાતને ઉંચે લેવા પ્રયત્ન કરવો.'

તા. ૧૪-૧૨-૨૨. આજે અહીંની (ભરૂચની) ખિલાફત કમિટીના સેક્રેટરીનાં લગ્ન હતાં. લગ્નોત્સવમાં જઇ આવ્યા પછી અંબુભાઇ કહેવા લાગ્યા કે 'હિંદુ અને મુસલમાન વચ્ચે ગાઢ સંબંધ થવા માટે કેટલાક ઉત્સવો એવા રાખવા જોઇએ કે જેમાં બંને સરખો ભાગ લે. આમ અતડા રહ્યે નહિ ચાલે. એ લોકો બિચારા બ્રાહ્મણિયા પાણી રખાવે તે પણ આપણા લોકો પીતાં અચકાય છે. હું તો એવું પાણી પીને આવ્યો અને નાળિયેર તથા પતાસાં પણ લેતો આવ્યો. બીજા લોકોનાં સીધાં લઇ આપણે રાંધી ખાઇએ છીએ તો એ લોકો પ્રેમથી ચોકખાં દાળભાત રંધાવી આપે તો શા માટે ન ખાવાં?'

તા. ૨૦-૧૨-૨૨. 'અત્યારના આપણા સમાજમાં વ્યક્તિત્વની ખામી વધારે છે અને પશ્ચિમમાં તે વધારે પ્રમાણમાં છે. શિવાજી જો શાહજી પાસે જ રહ્યા હોત તો એ આવો ન જ થાત—કચડાઇ જાત. એવા માણસોની વારંવાર આવૃત્તિ થવાની ઘણી જરૂર છે. હિંદુઓએ પણ શૌર્ય લાવવાની જરૂર છે. અત્યારનું આપણું જીવન બદલાવું જોઇએ. આદર્શ માટે મરી ફીટતાં આવડવું જોઇએ.'

તા. ૨૯-૧૨-૨૨. અંબુભાઇ પરગામ ગએલા એટલે અમે બધા કૅમ્પિંગમાં ગએલા હતા; પણ તે વખતે ટપાલનો બંદોબસ્ત નહિ કરેલો હોવાથી તે આવ્યા ત્યારે ચીડાએલા હતા. 'મારે અસંખ્ય કામો હોય તેમાં ઉકેલ લાવવાને બદલે તમે એક કામ વધારી મુકો છો!' ટપાલની જરૂર સમજાવવા માટે થોડા દિવસ ગમે તેટલું સખત કામ હોય છતાં પણ તે પડતું મુકી પોતે જાતે જ પોસ્ટ ઑફિસમાં વખતસર ટપાલ લેવા ગયા.

તા. ૧-૧-૨૩. "'ઘૃતમાયુઃ પયોબલમ્' (ઘી એ જ આયુષ્ય છે; દુધ એ જ બલ છે) આ વચનોનો રૂઢ અર્થ તો બધા જાણે છે, પણ સૂક્ષ્મ અર્થ એ છે કે ઘૃત=ઘી,—હોમવાનો પદાર્થ: અને પય-ક્ષીર =ધોળું. જ્ઞાનને પણ ધોળું ગણે છે; ક્ષીરસાગર=જ્ઞાનનો સમુદ્ર. આયુષ્ય પણ સમર્પણ કરી હોમવાનો ભાવ ને જ્ઞાનોપલબ્ધિનો ભાવ ઉપલાં એ વચનોમાં રહેલો છે."

તા. ૨૫-૧-૨૩. આધ્યાત્મિક વલણ બહુ આવી ગયું છે. "કોઇ પ્રચંડ કામમાં મારે ગુંથાઈ જવું જોઇએ. આ જીવનકલહ વચ્ચે સંસારમાં કામ કરવાનું છે. 'વ્યાયામ ન કરે તે દિવસે પાપ કર્યું' એવી ભાવના દરેક ગુજરાતીમાં આણવી એવો મારો વ્યાયામ સંબંધે આદર્શ છે. હમણાં લખવાનું કોઈ પણ કામ હાથમાં લેવું નથી. પહેલાં લખેલી ચોપડીઓ છપાવી દઉં."

શાળામાંથી છુટા થઈ પોંડીચેરી જવાનું નક્કી કર્યું છે. ત્યાં ગયા પછી જ બધું કરવાનું. શ્રી ઘોષને પત્ર પણ લખી દીધો છે. ત્યાંથી પણ અહીં બહુ પડ્યા ન રહેવાનો કાગળ આવે છે. શ્રી રામકૃષ્ણ

પરમહંસના ત્યાગને વખાણી બહુ માન આપે છે. પરમહંસના મોંમાં સમાધિ વખતે ખાંડ મુકી તે ઓગળી પણ નહિ! દર વર્ષે અમુક સાહિત્ય ફરી વાંચી જવાનો નિયમ હજી જાળવે છે. આવા ગંભીર વાતાવરણમાં પણ હાસ્યની ઝમક તો દરરોજ ચાલુ છે. સંગીતમાં હાસ્ય અજબ ખીલવે છે.

તા. ૮-૨-૨૩. 'કોઈ મને એમ પુછે કે ઇશ્વરપ્રાપ્તિ કેમ જલદી થાય તો હું એને એટલું જ કહું કે આજથી જ દરરોજ સંપૂર્ણ નિષ્કામ ભાવે સ્વાર્થ ત્યાગી ફક્ત એક જ કામ બીજાને માટે કરજો; તેથી તમને ઇશ્વર મળશે.' દરેક માણસે સેવાના પ્રસંગો શોધતા રહેવું. આખા દિવસમાં શુદ્ધ ભાવે મેં બીજા માટે એકેકે ય કામ કર્યું કે નહિ તે પ્રશ્ન પોતાની જાતને દરેકે રાત્રે સુતાં પહેલાં પુછવો.'

'ધુરંધર જોડે આ વખતે મુંબઈમાં રોજના ૨૫-૩૦ માઇલ હું મુસાફરી કરતો. અમે રસ્તામાં ખુબ આનંદ કરતા. નળબજારના ગુંડાઓમાં બહુ ફર્યા. તેમની જોડે પણ બહુ મોજ માણી. તેઓમાં બેદરકારી પુષ્કળ છે. કોઇ તેમની સામે આંગળી ચીંધી શકે તેમ નથી. તેઓ બહાદુર પણ છે. આજે જુગારમાં પચાસ રૂપિયા કમાયા તો ચાળીસ એકસામટા ખરચી શકે છે, અને બીજે દિવસે ખાવાનું ન મળે તો રસ્તા ઉપર સુઇ જઇ ચાર દિવસના કડાકા પણ તેટલા જ આનંદથી ખેંચી શકે છે. ચાર આનાના સમોસા ખાઇને પણ દહાડો ગાળી શકે છે. અપમાન કરનારને ફડાક દેતાને તમાચો ખેંચી કાઢે છે. જીંદગીની જરાકે પરવા કરતા નથી. અમે પણ લુંગી પહેરી મુંબાઇમાં મિયાંભાઇ જ બની ગયા હતા અને બધે દાદાગીરી કરતા હતા.'

'એક દિવસ સુરતમાં કુમુદચંદ્ર લાહીવાળા જોડે સવારે બહાર જતો હતો. મેં લાહીવાળાને કહ્યું 'જો મઝા; આપણામાં કેટલી નિર્બળતા છે તે બતાવું.' આ નબળાઇને લીધે જ આપણે ગુલામીમાં છીએ. મેં એક માળીને કહ્યું કે એ માળી! હાર આમ લાવ. શી કીમત છે? માળી તો મને મિયાં ધારીને કહેવા લાગ્યો કે ના, ભાઇ, એ તો આપી દીધો છે. અને એમ કહી તે ઉતાવળો ચાલવા લાગ્યો એટલે મેં ફાટતે સાદે કહ્યું 'અલ્યા થોભ; કીમત કહેવામાં તારૂં શું જાય છે?' તે બીકનો માર્યો અટક્યો તો ખરો, પણ હાર ન આપ્યો. એટલે મેં કહ્યું 'પકડ ઉસકો; લૂટ લે વો હાર. પેલો તો જીવ લઇને નાઠો.' મેં લાહીવાળાને કહ્યું, જોઇ આપણી નબળાઈ? હાર બાજુએ મુકી લડાય તો નહિ, પણ છેવટે રસ્તા પરનો પથરો પણ છુટો મારીને નાસી ન ગયો.'

આપણા લોકોમાં વીરત્વનો અભાવ જોઇ તેમને ઘણું દુ:ખ થતું. હસાના દરબારનાં રાસ જોઇ તેમને એક વીરરસથી ભરપુર એવો લકડીનો રાસ ગોઠવવાનો વિચાર થયો. તેમાં સંગીત ભળે તે માટે ૐકારનાથને પણ મળ્યા. પણ હોળી બહુ જ પાસે આવી હોવાથી આપબુદ્ધિએ જ લકડીના બધા ય ઘા યોજી 'વીર ઉઠો વસંતે રમો કરી કેસરિયાં' એ કવિતાના ભાવ પ્રમાણે ઝટકા ગોઠવી એકંદરે ઠીક રાસ ઉભો કર્યો. દરરોજ રાત્રે ભરૂચ અખાડે તેની મોડા સુધી પ્રૅક્ટિસ કરતા અને શનિ રવિવારે નડિયાદ, અમદાવાદ વગેરે સ્થળે જતા ત્યારે શીખવી આવતા. અંતે હોળી ઉપર બધે એ રાસ રમાયો.

હોળીના ઉત્સવ પછી રાત્રે જ મુસાફરીમાં સગવડભર્યા પોસ્ટના ચાર થેલાઓમાં પોતાનો બધો સામાન પૅક કરી, અહીંનું બધું કામ સંકેલી, વ્યવસ્થિત કરી અંબુભાઇ પોંડીચેરી જવા ઉપડચા. એમના વિયોગના વિચારે બધાંની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. 'સાત આઠ માસ પછી દીવાળી ઉપર આવીશ' એવું આશ્વાસન આપી તેઓ ઉપડચા.

પોંડીચેરીમાં તેમની યોગની પ્રગતિ વિષે અને અખાડાઓની પુછપરછ વિષે શરૂઆતમાં બહુ કાગળો આવતા, પણ પાછળથી તેની સંખ્યા ઓછી થઇ અને પછી કેટલીક વખત તો લખેલા કાગળના જવાબ પણ ઘણા જ ટુંકા, મુદ્દાસર ને સચોટ આવતા. યોગની ભૂમિકાઓમાં તેમની પ્રગતિ થતી જોઇ એ વિષયમાં તદ્દન અજ્ઞાન અમે લોકો તેમના ઉદ્દેશ આગળ ફળે છે એ જોઇને જ રાચી રહેતા અને આનંદ તથા પૂજ્યભાવ વધતો જતો. અખાડાઓમાં પણ બધા જુસ્સાથી કામ કરવા લાગ્યા અને અંબુભાઇ આવશે ત્યારે તો કંઇ નવીન બળ પ્રેરશે એવી આશા રાખવા લાગ્યા.

રમણલાલ ચુનીલાલ

(અખાડાઓના હસ્તલિખિત 'વિદ્યાર્થી'માંથી)

જંગલનું ઝનુન



ને અને આંખના પલકારામાં એક તરાપે તે પાડાની કાંધ પર ચોંટી પડ્યો. ચંદ્રના પ્રકાશમાં વિકરાળ દેખાતા તેના દાંત પાડાની ગરદનમાં ઉંડા ઉતરી ગયા, લોખંડનાં તાળાં વસાય તેમ તેના ચારે પંજા પાડાના શરીરમાં પરોવાઇ વસાઇ ગયા અને તેનું કદાવર શરીર પાડાના શરીર ઉપર ચોંટી ગયું.

સાયંકાળની રાહ જોતા બંને સિંહ તલ-બાવળિયાથી ઢંકાએલી બોડમાં પડી રહ્યા હતા. મહાસાગરનાં પ્રચંડ મોજાંની માફક એક ઉપર એક આવી રહેલી ગીરની ધારો, તેમનાં પડખાંમાં થઇને વહેતી શાંત નદીઓ અને છુટાછવાયા વેરાએલા માલધારીના નેસડા સૂર્યના પ્રખર તાપમાં ગંભીર મૌન ધારણ કરી રહ્યાં હતાં, અને આ સર્વની ઉપર સામ્રાજ્ય ચલાવતો હોય તેમ ગગનભેદી ગિરનાર દૂર દેખાતો હતો.

બોડ એવી તો સરસ રીતે આવેલી હતી કે તેમાંથી બંને સિંહ ઘણે દૂર જોઇ શકતા હતા. વીસવીસ ગાઉ ફરતું એક્કેય સ્થળ એવું ન હતું જે તેમને અજાણ્યું હોય. એક પણ નાળું કે કોઇ વોકળો સરખો એવાં ન હતાં જ્યાં તેમણે કાંઇક ને કાંઇક પરાક્રમ ન કર્યું હોય. સામે પથરાઇ રહેલી બાવળની ઘેરી કાંટ, મલપતી વહેતી માલણ નદીની કરાળ ભેખડો, નાંદીવેલાની ખાણો અને ક્ષિતિજ ઉપર દેખાતાં માંગડાનાં શિખરો,—એ સૌ એક પછી એક અવનવાં સ્મરણો તાજાં કરાવતાં હતાં. આ દૃસ્ય ઉપર ચપળ પહેરેગીરની પેઠે સ્થિર દૃષ્ટિ નાખતા અને આતુરતાથી સાંજ પડવાની રાહ જોતા બંને સિંહ ચુપચાપ આખો બપોર પડી રહ્યા.

સૂર્ય પશ્ચિમ તરફ નમતો ચાલ્યો. પર્વતો, વૃક્ષો અને નદીની ભેખડોના ઓળા લંબાવા લાગ્યા. ચરીને પાછાં ફરતાં ભેંશોનાં ખાડાં, પાસેનાં ગામડાંમાંથી માલ વેચી પાછી ફરતી માલધારીની સ્ત્રીઓ અને નજીકને ગામ સાંજ પહેલાં પહોંચી જવા દોડતાં મુસાફરોનાં ગાડાં અહીંતહીં દેખાવા લાગ્યાં.


અંતે સાયંકાળ—શિકાર મેળવવાનો ખરો સમય આવી પહોંચ્યો જોઈ મોટો સિંહ સાવજ બોડમાંથી ઉઠ્યો, આળસ મરડ્યું, એક લાંબું બગાસું ખાધું અને ધામેધામે પાસેની નાની બોડમાં પોતાનો પુત્ર કેસરી પડ્યો હતો તે તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં નીચેના પરિચિત પ્રદેશ ઉપર એક તીણી સર્વગ્રાહી દૃષ્ટિ ફેંકી સિંહાવલોકન કર્યું.

પરિચિત? અરે આ પ્રદેશ તો એને બહુ પરિચિત હતો. એક પણ ઝાડ, કોઇ પણ કાંટ, એક્કેય નદી, કે ખીણુ સરખી પણ એવી ન હતી કે જેની તેને પિછાન ન હોય, જેનું કાંઇ ને કાંઈ સંસ્મરણ તેના જીવનમાં ન હોય. ચોમેર બંધાઇ રહેલી વીસ માઇલ ઘેરાવાની ક્ષિતિજરેખા વચ્ચે પથરાએલો એ પ્રદેશ તેના પરાક્રમી જીવનની રંગભૂમિ સરખો

બની રહ્યો હતો. પશ્ચિમમાં સાયંકાળના લાંબા ઓળા ઉભા કરતી નાંદીવેલાની ધારોનાં પડખાંમાં સુતેલી બાવળની ગીચ કાંટમાં તે જન્મ્યો હતો; ઉત્તરમાં એક ગાઉ પર ઉઘાડા સપાટ દડમાં તેણે નાનપણમાં સૌથી પ્રથમ શિકાર એક ચિત્રળનો કર્યો હતો; પૂર્વમાં, કોઇ અબધુત જટાધારી જોગી જેવા એક વડલાની અંધારઘેરી છાયામાં એક સિંહણ સુંદરીના પ્રેમનો તેને પ્રથમ પરિચય થયો હતો તથા તે પ્રેમને જીતી તેને પોતાની અર્ધાંગના બનાવવા માટે એક બીજા સિંહ સાથે તેને તુમુલ દ્વંદ્વ યુદ્ધ કરવું પડ્યું હતું; અને દક્ષિણમાં વહેતી રાવલને તટે આવેલા નેસ પર એક કાળરાત્રિએ હુમલો કરતાં તેણે પોતાની સ્ત્રી તથા બે બાળકો ગુમાવ્યાં હતાં અને આહીરના ભાલાના જખમમાંથી પોતે મહામહેનતે બચ્યો હતો. એ ઘાનો ડાઘ હજુ તેના ભુખરા પીળા બરડા ઉપર સ્પષ્ટ તરી આવતો હતો.

તે હવે વૃદ્ધ થયો હતો. યુદ્ધના વ્રણથી અંકિત થએલી ચામડીમાંથી બહાર નીકળી આવતાં તેનાં જાડાં માંસલ ગાત્રો, ગુંચવાઈ ગએલી જટિલ કેશવાળી, અનેક યુદ્ધમાં કસાએલા ને ઘસાએલા તેના પીળા પંજા અને કાંટ કાઢીને બેડોળ રીતે ઉભા રહેવાની ઢબ સ્પષ્ટપણે તેની વૃદ્ધાવસ્થા કહી આપતાં હતાં. આજનો શિકાર કેમ મેળવવો તેનો વિચાર કરતો તે ઉભો હતો.

પાસે જ નાનો કેસરી ઉભો હતો. કાળજુના કોઇ વડલાની પાસે ઘેઘુર ફુટતો કોઇ આંબો શોભે તેમ પોતાના વૃદ્ધ પિતા પાસે તે શોભતો હતો. તેની આંખોમાં જુવાનીનું નૂર ચમકતું હતું. તેની ફુટતી આવતી કેશવાળી અને આછા કેસરિયા રંગની ચમક મારતી ચામડી નીચેથી કસાતાં આવતાં માંસલ ગાત્રો, શાંત સરોવરના જલ પર મંદ પવનથી નૃત્ય કરતી તરંગમાળાની માફક, જુવાનીના તરવરાટથી નૃત્ય કરી રહ્યાં હતાં.



બંને ભુખ્યા થયા હતા. રાત્રિનું આગમન હવે સાવજને મન તો માત્ર એક અચ્છા શિકારનું વાળુ અને પછી નિશ્ચિંત આરામ, એટલું જ સુચવતું હતું. પણ કેસરીને તો રાત્રિના પવનની એક પછી એક વહેતી પ્રત્યેક લહર કાંઇ અણચિંતવી ને અવર્ણનીય લાગણીઓ પ્રગટાવતી હતી. તેના મનમાં કેવળ સુંદર શિકાર, ક્ષુધાશાન્તિ અને આરામનાં સ્વપ્ન ન હતાં. કિશોર વયમાંથી યુવાવસ્થામાં પ્રવેશ કરતા ને થનગનાટથી ઉભરાતા તેના અંતરમાં તો, ખોરાક માટે સંહાર નહિ પણ પરાક્રમ માટે સંહાર, જીંદગી નિભાવવા માટે શિકાર નહિ પણ યુદ્ધને માટે શિકાર,—સાહસ માટે તલપી રહેલા પંજાની ચળ ઉતારવા માટે શિકાર,—ઉભરાતી શક્તિને શમવવા માટે શિકાર, આરામની અભિલાષાને માટે શિકાર નહિ પણ પ્રવૃત્તિના પ્રસંગ તરીકે શિકાર,—આવી આવી અનેક અકથ્ય લાગણીઓ ઉભરાતી હતી.

આકાશ વધુ ને વધુ ઘેરૂં થતું ચાલ્યું. પશ્ચિમમાં લટકતી એક આસમાની વાદળીને સોનેરી કોર મુકતો મુકતો સૂર્ય ક્ષિતિજની નીચે સરી પડ્યો. ધીમેધીમે વિવિધરંગી બધી ચીજો એક જ રંગ ધારણ કરવા લાગી અને એક બાજુથી આવતા પવનની ગંધે શિકારની શોધમાં સાવજો અને કેસરી બોડમાંથી નીચે ઉતર્યા. પૂર્વમાંથી તેમને હરણના ટોળાની ગંધ આવી. ખુનીના ઓળાની માફક લપાતા લપાતા તેઓ એ તરફ ઉપડ્યા. પણ આજ રાત્રે તેમના નસીબમાં શિકાર ન હતો. મરેલાં જનાવરનાં મડદાં શોધતાં બે શિયાળવાં તેમને જોઇને નાઠાં તેથી હરણના ટોળાને આ ખુનીઓના ઇરાદાની ખબર પડી ગઇ અને આખું ટોળું બીજી બાજુ ઉપડી ગયું.

એટલામાં તેમને રોઝની ગંધ આવી અને તેઓ એ દિશા તરફ વળ્યા. પણ ત્યાં તો પવન બદલાયો અને રોઝને તેમની ગંધ પહોંચવાથી તેઓ નાઠાં. હવે દક્ષિણ દિશામાં સામે પવને શિકાર શોધવાનો તેમણે નવો યત્ન શરૂ કર્યો, પણ કમનસીબે પવન પાછો બદલાયો અને આજુબાજુમાં બબ્બે ગાઉ સુધી તેમની હાજરીની જાણ બધાં પ્રાણીઓને થઇ ગઇ. આમ ને આમ મધરાત સુધી જાતજાતની યુક્તિપ્રયુક્તિઓ વાપરી નદીનાળાં, ખીણો, કાંટયો વગેરે અનેક સ્થળોમાં તેઓ શિકારની શોધમાં ભટક્યા પણ ક્યાંય લાગ ફાવ્યો નહિ. આજે તેમનું નસીબ ફરી બેઠું હતું.

વદ સાતમનો ચંદ્ર આકાશમાં ચડી આવ્યો ને

તેના ભુરા શીતળ પ્રકાશમાં ગીરનો પ્રદેશ રંગાઇ ઉઠ્યો. સાવજો તેના લાંબા અનુભવ ઉપરથી સારી રીતે સમજતો હતો કે આવા પ્રકાશમાં ને આજના જેવા અનિશ્ચિત પવનમાં શિકાર મેળવવો એ તદ્દન વ્યર્થ હતું. એ તો ભુખ્યા કરતાં થાકી વધુ ગયો હતો અને બોડે જઇ આરામ લેવાનો વિચાર કરતો હતો. એટલામાં તેની તીવ્ર અનુભવી ઘ્રાણેન્દ્રિય અને શ્રવણેન્દ્રિયથી તેને સમજાયું કે કેસરીએ કાંઇક શિકાર શોધ્યો છે અને હમેશના નિયમ મુજબ તેને હાંકી સામેની બાવળની ઝાડીમાંથી પોતાના તરફ લાવે છે. કયું જનાવર આજનો શિકાર બની ચાલ્યું આવે છે તે પણ તેને ગંધ ઉપરથી સમજાયું. તેની સખ્ત ગંધ હવામાં પ્રસરી ગઇ હતી અને લેશમાત્ર ભય વિના તે ઝાડીની ડાળો ભાંગતું, પોતે જ્યાં ઉભો હતો તે ઉઘાડા મેદાન તરફ આવતું હતું.

ઝાડીના છાંયામાં પોતાનું શરીર છુપાય એટલા માટે સાવજો સહેજ પાછળ હટ્યો અને શિકારની રાહ જોતો તદ્દન બેદરકારીથી ઉભો રહ્યો. તેમની હમેશની શિકાર કરવાની પદ્ધતિ તો જુદી હતી. તે પ્રમાણે વર્તે તો તો તેણે એકદમ બહાર આવી ગર્જના કરવી કે જેથી પેલું પ્રાણી આ અજાણ્યા હુમલાથી ચમકીને વિહ્વળ બને અને તેની આ ગફલતનો લાભ લઇ કેસરી તેના ઉપર તુટી પડે.

શિકાર કરવાની આ જ પદ્ધતિ તેમણે છેલ્લા કેટલાક માસથી ગ્રહણ કરી હતી. બાપદીકરાના સંબંધે તેમને વિશેષ નિકટ આણ્યા હતા. કેસરીની મા મરી ગઇ ત્યારે કેસરી સાવજાને તદ્દન અજાણ્યો હતો; પણ તે શિકાર કરતાં શીખેલો હતો. સાવજાને પણ આટલી જ જરૂર હતી. કેમકે તેને સ્પષ્ટ સમજાઇ ગયું હતું કે પોતે વૃદ્ધ થતો જાય છે, દાંતની સફેદી અને જડબાનું જોર ઓછું થતું જાય છે, શિકારનો પીછો પણ હવે પોતે બરાબર લઇ શકતો નથી, અને આ હિસાબે હવે થોડા વખતમા મોટા શિકાર પડતા મુકી ચોરીછુપીથી ભરવાડોના નેસમાં પેસી ઘેટાં-બકરાંનો શિકાર શોધવાના પોતાને દહાડા આવશે, અથવા પોતાના જેવાં વૃદ્ધ ઢોર ઉપર ગુજારો કરવો પડશે. આ સ્થિતિમાં તેને કેસરી બહુ ઉપયોગી થઇ પડ્યો. તેની બુદ્ધિ અને અનુભવ તથા કેસરીનું શરીર-બળ બંનેનો મેળ કરીને તેઓ દરરોજ શિકાર મેળવવા લાગ્યા. કેસરી શિકાર શોધી કાઢી તેને હાંકતો હાંકતો સાવજા તરફ ઘસડી લાવે એટલે સાવજો અચાનક ત્રાડ મારીને બહાર પડે. આમ નવી બાજુથી હુમલો થતો જોઇ શિકારનું જનાવર ગાભરૂં બની ધ્યાન ચુકે ત્યાં તો કેસરી સહેલાઇથી તેના ઉપર તુટી પડે. આ પ્રમાણે પોતાનાં જર્જર જડબાં અને જીર્ણ પંજાઓને બીલકુલ તકલિફ આપ્યા સિવાય સાવજો ખોરાક મેળવ્યે જતો હતો. જીવન ટકાવી રાખવા સિવાયની બીજી બધી લાગણીઓ તેનામાંથી જતી રહી હતી. જો શિકાર કર્યા સિવાય જીવી શકાતું હોય તો શા માટે શિકાર કરવો ? જો કેસરીના મજબુત પંજા સંહાર કરી શકતા હોય તો શા માટે પોતાનાં જડબાંને જોખમમાં નાખવાં ?

સામી ઝાડીમાં એકાએક ડાળ ભાંગી; કેસરીનો હુંકાર સંભળાયો; સામેથી બીજો રણુકો થયો. ત્યાર પછી ઘડીભર બધે શાન્તિ પ્રસરી રહી. હવામાં તીવ્રતાથી પ્રસરતી શિકારના પ્રાણીની ગંધથી સાવજો સચેત થયો. એ ગંધ પરથી તેણે જાણ્યું કે પોતાનો આજનો શિકાર પાડો—ગીરનો ભેંસો છે. પોતાની માફક આ ભેંસો પણ વૃદ્ધ હશે અથવા માંદો હશે એટલે શિકાર સહેલાઇથી થશે એવી આશા તેણે બાંધી. નહિતર પહાડ જેવા ને સશક્ત ગીરના ભેંસા સાથે યુદ્ધ કરવામાં કેટલું જોખમ છે એ વાત તે અનેક અનુભવો ઉપરથી સારી રીતે સમજતો હતો.

ઝાડીની ડાળોનો કચ્ચરઘાણ વાળતું, ઉંડાઉંડા મેઘ ગર્જતો હોય એવો ઘેરો અવાજ કરતું તે પ્રાણી નસકોરાં ચઢાવી હવા સુંઘતું ને છીંકોટા નાખતું, સાવજા તરફ પીઠ અને કેસરી તરફ પોતાનાં અણીવાળાં શીંગડાં ધરી મેદાનમાં આવી ઉભું. સાવજાની ધારણા ખોટી પડી. વૃદ્ધ કે અશક્ત નહિ પણ પુરેપુરી જુવાની ખીલેલો પાડો ચંદ્રના પ્રકાશમાં દેખાયો.

કાજળનો પર્વત હોય, ભર્યા આષાઢી મેઘની કોઇ સજળ વાદળી હોય, ગીરનારનું શ્યામ શિખર હોય, જાણે કોઇ કાબેલ શિલ્પીએ કાળમીંઢ ખડકમાંથી શક્તિની પ્રતિમા કોરી કાઢી હોય તેવો, નીલગિરિના હાથી જેવો એ પાડો ચંદ્રના પ્રકાશમાં માથું નીચું કરી, જમની દાઢ જેવાં પોતાનાં શીંગડાં કેસરી સામે

માંડી સ્થિર ઉભેલો સાવજે જોયો અને આજના શિકારની કટોકટી તે પામી ગયો. પાડાની પીઠ પોતાના તરફ હતી. તે પુતળાની માફક સ્થિર ઉભો હતો. તેનું ધ્યાન કેસરી તરફ હતું. સાવજો ઉભો છે તેની તેને ખબર પણ ન હતી. માત્ર એક જ છલંગ, પાડાની ગરદન પોતાના જડબામાં અને તુરત શિકાર,—આવા વિચાર સાવજાને આવ્યા. આજથી ચારેક વર્ષ ઉપર જ્યારે એ સશકત હતો, જ્યારે એને માદા ને બચ્ચાં હતાં, જ્યારે જુવાનીનું જોમ એનામાં હતું ત્યારે આવો પ્રસંગ આવ્યો હોત તો સાવજે જીંદગીને જોખમે પણ એ પ્રમાણે જ કર્યું હોત. પણ આજે તો તે વિચારશીલ વૃદ્ધ થયો હતો; જેને પોતે પરાક્રમ કરી રીઝવે એવી કોઇ પ્રિયતમા આજે ન હતી; ખોરાક મેળવવા માટે કેટલું જોખમ ખેડવું તેના સરવાળા બાદબાકી કરતાં તે આજે શીખી ગયો હતો. ગીરના ભેંસાનો શિકાર એટલે કેટલું જોખમ તે વાત તેને મન આજ દીવા જેવી ચોખ્ખી હતી. એટલે તેણે વિચાર કરી વ્યૂહ બદલ્યો.

કેસરી ક્યાં ઉભો છે તે એ ગંધથી પારખી શક્યો. ધીમે રહી તેની પાસે સરકી જઇ બેવડા જોરથી હુમલો કરવાનો તેણે વિચાર કર્યો અને આગળ ડગલું ભરવા ધીમેથી પોતાનો પંજો ઉપાડ્યો.

પણ ત્યાં તો, બંદુકની ગોળી આવે તેમ, પૂર્વ દિશામાંથી તેને કશીક ગંધ આવી. એ ગંધથી તેનું લોહી ઘડીભર થંભી ગયું અને પછી વેગથી ફરવા લાગ્યું. તેનાં રૂંવાડાં ઉભાં થઇ ગયાં, વૃદ્ધાવસ્થા વિસરાઇ ગઇ, સરવાળા બાદબાકીના હિસાબો ક્યાંય અદ્દશ્ય થઇ ગયા. તેણે ગરદન ફેરવી તે દિશામાં જોયું, તો એક જુવાન નાજુક સિંહણને, ઝાડીમાંથી નીકળી, આ યુદ્ધની આખી સ્થિતિ સમજી, સાવજા અને કેસરીના પરાક્રમની તુલના કરવા અને વરમાળ પહેરાવવા ચંદ્રપ્રકાશમાં ધીમેકથી આતુર પગલાં માંડતી જોઇ. આ સુંદરીને જોતાં જ સાવજો જુવાન બની ગયો, તેનું ઠંડું પડતું લોહી જુવાનીના આવેશથી ઉછળવા લાગ્યું, તેના અંગેઅંગનાં તંતુઓ જાણે નવા ચેતનથી ઉત્તેજિત થઇ ગયાં. તેણે ઝાડીમાં જ્યાં જુવાન કેસરી હતો તે તરફ જોયું, પછી ફરી વાર સિંહણ તરફ નજર નાખી, તો 'વિજય કરે તેને વરમાળ આરોપું' એ જમાનાજુનું નારીજાતિનું પરમ વાક્ય કહેતી હોય તેવી એ સુંદરી લાગી.

પશુયોનિના કુદરતી સ્વભાવ પ્રમાણે, સિંહણની હાજરીથી તે કેસરી સાથેનું પિતાપુત્ર તરીકેનું પોતાનું સગપણ વિસરી ગયો. હવે તો એક ઝપાટે પાડાને મારી વિજયગર્જના કરી સિંહણ સુંદરીને પ્રસન્ન કરવા તે ઇંતેજાર થઇ ગયો, અને તરાપ મારવાની યોગ્ય તકની રાહ જોતો તે ઉભો. કેસરીએ ઝાડીમાંથી માથું બહાર કાઢ્યું. તે સિંહણને જોઇ શકતો ન હતો, પરંતુ ગંધથી તેને પણ પૂર્ણ ભાન હતું કે પોતાનું પરાક્રમ જોવા કોઈ સુંદરી નજીકમાં ઉભી છે. પાડો તેને અજવાળામાં આવેલો જોઇ પહેલી જ વાર જરા પાછો હઠ્યો, માથાની દિશા સહેજ ફેરવી અને પોતાનાં પોલાદી શીંગડાં લગાર વધુ નીચાં કર્યાં. તેને પુરેપુરી ખાતરી હતી કે ગમે તેવું

સ્વાર્થી

: ઇન્દ્રવજ્ર :

જેવો તપે સૂર્ય જ તે ઘડીથી
મેં ભોગવેલાં સુખસ્વપ્ન ચારૂ,
વીણી બધાં એ ગણતો ફરીથી
ત્યારે ઈલા ! હું તુજને વિસારૂં.

સંધ્યાતણા નિર્મળ દિવ્યરંગી
રક્તાંબરે નિત્ય બધાં ય બાંધું;
ને એ મુકી મસ્તક હું તરંગી
સુતાં નિરાંતે ભર નિંદ લાધું.

ને નિંદમાં એક જ મૂર્તિ આવે,
આવી રમે—ને મુજ માટ એક
એ દિવ્ય ને સુંદર સ્વપ્ન લાવે,
એની પ્રભાતે ન મળે જ રેખ !

ના ના પ્રભાતે કંઈ રેખ ભાળું
ત્યારે તને હું સ્મૃતિ માંહી ધારૂં;
ને બેન ! દોડી હું તને નિહાળું
ત્યારે ઇલા ! હું ન તને વિસારૂં.

ચન્દ્રવદન મહેતા

જોરાવર પ્રાણી પણ પોતાનાં શીંગડાં તરફ કદિ હુમલો કરવાનું નહિ. પણ આમ સહેજ પોતાનું સ્થાન ફેરવતાં દૂર ઉભેલી સિંહણ પર તેની નજર ગઇ. આથી, એ બંને હુમલો ન કરી શકે એટલા માટે તે થોડો પાછો હટ્યો અને બંને પર નજર રહી શકે એવી રીતે માથું ઢાળી ઉભો.

પાડાની આ નવી વ્યૂહરચનાથી સાવજાને મનમાન્યો હુમલો કરવાનો અવકાશ મળ્યો. તીર છુટે તેમ, તે ચાર છલંગે પાડાની પાસે આવી પહોંચ્યો અને આંખના પલકારામાં એક તરાપે પાડાની કાંધ ઉપર ચોંટી પડ્યો. ચંદ્રપ્રકાશમાં વિકરાળ દેખાતા તેના દાંત પાડાની ગરદનમાં ઉંડા ઉતરી ગયા, લોખંડનાં તાળાં વસાય તેમ તેના ચારે પંજા પાડાના શરીરમાં પરોવાઇ વસાઈ ગયા અને તેનું કદાવર શરીર પાડાના શરીર ઉપર ચોંટી ગયું.

પણ આ તો હજી યુદ્ધની શરૂઆત જ હતી. સાધારણ ગાય કે ભેંશને તો આટલો હુમલો પંચત્વ પમાડવાને પુરતો થાય; બકરાં, ઘેટાં અને હરણિયાંના તો એક ત્રાડે જ રામ રમી જાય; રોઝ, ઘોડાં કે ડુક્કરના પગની નળીઓ આટલા વજનથી જ ભાંગી જાય; પણ આ તો ગીરના સામર્થ્યની સાક્ષાત મૂર્તિ હોય એવો પાડો! એને આ હુમલો કાંઇ હિસાબમાં ન હતો. સાવજાના પંજા તથા દાઢ માત્ર તેના ચામડા અને માંસમાં જ પ્રવેશી શક્યાં હતાં; મર્મસ્થાનને સ્પર્શ પણ કરી શકયાં ન હતાં. સાવજાના વજન કે હુમલાની અસર તેના ઉપર કાંઇ પણ થઈ નહિ; માત્ર સહેજ પીડા થઇ. પણ એથી તો તેનો ગુસ્સો વધ્યો. આવા સ્થૂળ દેહવાળા પ્રાણીમાં ન કલ્પી શકાય તેવી સ્ફુર્તિથી તે ગોળ ફર્યો, પાછલે પગે ઉભો થયો, બરડાની કમાન વાળી અને ચારે પગે એવો તો ઉછળ્યો કે સાવજાના પંજા તેના શરીરમાંથી ઢીલા પડી ગયા, તેનું આખું શરીર હવામાં વીંઝાવા લાગ્યું, તેના દાંત અને ગરદન તુટુંતુટું થવા લાગ્યાં અને પાડાની કાંધમાં ચોંટેલી તેની દાઢો કચડાટી સાથે હચમચી ગઇ. કોઈ પહેલવાન નાના બચ્ચાને ફેરવે, કોઇ ધોબી લુગડાને ઝીકે તેમ તે હવામાં વીંઝાયો અને નીચે ઝીકાઇ જશે તેમ તેને ઘડીભર થઈ ગયું.

પણ આ તમાશો જોતી સિંહણ હવે બે ડગલાં પાસે આવી ઉભી. તેને જોતાં જ સાવજામાં પાછો આવેશ આવ્યો. લાલસા, ઇર્ષ્યા, પ્રબળ કામના પ્રદીપ્ત કરતી, જીવનશકિતની મૂર્તિ સમી તે તેને ભાસી. તેણે પાડાના શરીર ઉપર ચોંટવા ફરી યત્ન કર્યો. તે ચોંટે નહિ ત્યાં તો પાડાએ તેને ફરીવાર હવામાં ફેરવ્યો. પણ સાવજો ચાલાકીથી પોતાના આગલા બે પગ પાડાને બરડે અને પાછલા બે પગ તેના પાછલા સાથળમાં ભેરવી ટકી રહ્યો.

પ્રથમથી જ સાવજો સારી રીતે સમજતો હતો કે તેનું આ યુદ્ધ પાડા સાથે નથી, પણ કેસરી સામે છે. સિંહણને પસંદ કરવા બંને યત્ન કરી રહ્યા હતા. ગીરના પહાડી પશુ–કાયદામાં પિતાપુત્રના સંબંધ જેવું કાંઇ ન હતું. પાડાને બીજી બાજુથી ચોંટવાનો લાગ જોતો કેસરી હુંકારા કરતો તેમની ચોમેર ફરતો હતો. તેણે બે વખત તરાપ મારી, પણ પાડાની લાતથી [illegible] પડી ગયો. નિરાશાના ચિત્કારભરી તેણે એક ગર્જના કરી. આ ગર્જના સાવજાને સાવચેતીનો પડકારો હતો. આજ દિવસ સુધી પરસ્પર સહાયના સિદ્ધાન્ત ઉપર ટકી રહેલો પિતાપુત્રનો સંબંધ કયાંય અદૃશ્ય થઇ ગયો અને જ્યારે પાડા ઉપર ત્રીજી વારની તરાપ મારી કેસરીએ સાવજાને નીચે પાડી દેવાનો પ્રયત્ન કર્યો ત્યારે ક્રોધની જ્વાળામાં આ સંબંધે ઇર્ષ્યાનું સ્વરૂપ પકડયું. સાવજે એક પંજો ઉંચકી કેસરીને એવો તો લગાવ્યો કે તે નીચે ગબડી પડ્યો.

આ જોઇ સિંહણે ધુરકીને પોતાની પસંદગી બતાવી. આ બંને વચ્ચેના દ્વંદ્વનું પ્રોત્સાહન પોતે હતી તે એ સારી પેઠે સમજતી હતી. શિકારના ખોરાકની લાલચ બંને સિંહોની માફક તેને પણ તુચ્છ હતી. નહિતર શા માટે તે દૂર ઉભી રહીને જુએ? શા માટે બાપ-દીકરાને એકબીજા સામા થવા દે? પોતે જ આ હુમલામાં શા માટે ન તુટી પડે? ને પછી તો પાડાની મગદૂર શી હતી કે ત્રણેના બળ સામે ટકી શકે?

પણ સ્ત્રીની પસંદગી માટે તો નર સામે નર એ જમાનાજુનો સ્ટ્રિક્રમ છે. કોઇપણ જાતના પક્ષપાત સિવાય જોરાવરને વરમાળ પહેરાવવા અને નિર્બળનો ત્યાગ કરવા તે ઉભી હતી. એક જુવાન હતો અને બીજો વૃદ્ધ! પણ તેને મન એવું કાંઇ ન હતું. જે જોરાવર હોય, જે બીજાથી પોતાનું રક્ષણ કરી શકે

તેવો હોય, સહેલાઇથી ખોરાક મેળવી શકે તેમ હોય, તે તેની પસંદગીનું પાત્ર. જેમ કોઇ તટસ્થ પ્રેક્ષક, ક્રિકેટની રમતમાં બાઉન્ડરીનો સખ્ત ફટકો અને બીજી ક્ષણે લાકડીઓ ઉડાડી દેતો બૉલરનો બૉલ બંને સરખા ઉમંગથી જુએ, તેમ જ સિંહણે, કેસરીને નીચે ગબડી પડતો અને બીજી જ ક્ષણે તેને સાવજાને પૂર જોરથી નીચે પાડવા યત્ન કરતો સરખા હર્ષથી જોયો. ટપકતા તાજા લોહીની ગંધ તેને મન સુવાસ હતી, અને પંજાની થપાટો, ખરીઓની બખડાટી ને ગર્જનાના રણકાર તેને મન મધુર સંગીત હતું. વિજેતાને વરમાળ પહેરાવવા ઉભેલી સુંદરી સમી તે બંનેને ભાસતી હતી.

સિંહલદ્વીપનો કો મદઝરતો માતંગ પણ ન ઝીલી શકે તેવા આ બે સિંહોના હુમલા પાડો ઝીલ્યે જતો હતો. હવે તો તેનું ચામડું ઠેકઠેકાણેથી ચીરાઇ ગયું હતું અને તેમાંથી માંસના લોચા બહાર નીકળી પડયા હતા; લોહીથી તે તરબોળ થઇ ગયો હતો. છતાં એ બબ્બે સિંહોના વજનને ન લેખવતાં તે ચારે પગે ઉછાળા મારી તેમને નીચે ઝીકી દેવા ભીષણ પ્રયત્નો કરતો હતો.

પાડાના આ રીતના ઉછળવાથી સાવજો બેત્રણ વાર લથડી પડયો હતો. હવે તો તેનાં જડબાંમાંથી પુષ્કળ લોહી વહેતું હતું. ધીમેધીમે તેને પોતાનું જોર કમ થતું લાગતું હતું. તેને તો બે બાજુથી યુદ્ધ કરવાનું હતું. તેનો એક તરફનો ખભો કેસરીએ ઉતરડી નાખ્યો હતો અને દરેક ક્ષણે તેના પર વધારે ઝપટ મારી કેસરી તેને નીચે પાડવા યત્ન કરી રહ્યો હતો. યૌવન અને જરાની વચ્ચે આ યુદ્ધ હતું. સિંહણ બહુ જ રસપૂર્વક આ તમાશો નિહાળી રહી હતી.

સાવજે જોયું કે હવે વધુ સમય રાહ જોવામાં સાર નથી. પાડાને મારવો હોય તો હવે પળ બે પળમાં જ નિકાલ લાવી દેવો જોઇએ, નહિતર પોતે નિર્બળ થઇ જશે. આમ વિચારી, પાડાની ગરદનમાં એક સખ્ત બચકું ભરવા તેણે પોતાનું મોઢું ઉઘાડયું. પણ બરાબર આ જ ક્ષણે પાડો ફરીથી ચારે પગે ઉછળ્યો અને કેસરીએ, સાવજાએ કરેલા જખમમાં પોતાની દાઢો જોસથી બેસાડી સાવજાના પડખામાં પંજાની એક જબરી થાપટ મારી. સાવજો નીચે ઢળી પડયો, ને શ્રમ તથા અનેક વ્રણના રૂધિરસ્રાવથી નિર્બળ થએલો પાડો, કોઈ મોટું વૃક્ષ વાવાઝોડામાં તુટી પડે તેમ તેના શરીર પર તુટી પડયો. સાવજો અને પાડો બંને એક જ ક્ષણે મરણ પામ્યા.

ભયંકર મેઘગર્જના અને મુશળધાર વરસાદ પછી છવાય તેવી શાન્તિ ગીરના એ પ્રદેશમાં છવાઇ ગઈ. મધરાતના ચંદ્રના દુધ જેવા અજવાળાથી વધારે ગહન બનતી એ શાંતિમાં, પાડાના પ્રચંડ શરીર ઉપર પંજો મુકી વિજેતાના ગર્વથી ગરદન ઉંચી રાખી કેસરી ઉભો હતો.

વિજેતા? હા; બીજાના પરાક્રમ પાછળ જીત મેળવનારને આપણે વિજેતા કહીએ તો. કેસરીએ ગીરની ધારોમાં પડછંદા પાડતી એક ગર્જના કરી. ખોરાકની મીઠી ગંધથી પુંછડી પટપટાવતી સિંહણ તેની પાસે જઇને ઉભી. પોતાને પ્રસન્ન કરવા સાવજાએ તુમુલ યુદ્ધ કર્યું હતું તેનો તો તેને હિસાબ સરખો યે ન હતો. હવે તો તે ભુખી હતી. તેને ખોરાક જોઇતો હતો. કેસરીએ ખોરાક તેની આગળ રજુ કર્યો. તેણે ફરી પુંછડી પટપટાવી પસંદગી બતાવી.


વિજય અને લક્ષ્મી શું આથી ઓછાં નગુણાં અને ચંચળ હોય છે?

(અંગ્રેજીને આધારે) ગજાનન ભટ્ટ

બહાદુર બારડોલી

[અનુસંધાન પાન ૨૦૪થી]

ને ગુજરાતના બીજા ભાગોના અનુભવી લોકનેતાઓ તથા જુવાન ખડતલ સ્વયંસેવકો ત્યાં છાવણી નાખી પડયા છે. હિંદુ, મુસલમાન, પારસી, દુબળા, ઢેઢ સૌ એકઠો થઇને તેમની સલાહ પ્રમાણે વર્તે છે ને બહાદુરીથી બધું સહન કરી રહ્યા છે.



બારડોલી તાલુકાની રાનીપરજની એક સ્ત્રી

આ આખી હીલચાલના નેતા ગુજરાતના દંડનાયક સમા શ્રી વલ્લભભાઇ પટેલ જાતે બારડોલીમાં રહીને લડતને દોરે છે. તાલુકાના દરેક વિભાગ પ્રમાણે વિભાગપતિ નીમી દીધા છે. તેઓ પણ ગુજરાતના સંસ્કારી, શિષ્ટ ને ખાનદાન ગૃહસ્થો છે અને બારડોલીમાં જરાપણ અંગત લાભ નહિ હોવા છતાં સત્યાગ્રહની ટેક જાળવવા ત્યાં જઈ કામે લાગ્યા છે. કનૈયા કુવર જેવા, ઉંચા ઘરના યુવાનો અને વિદ્યાર્થીઓ



બારડોલી સત્યાગ્રહના સેનાપતિ શ્રી વલ્લભભાઇ

ખડે પગે લડતના વ્યૂહની રચના પ્રમાણે મહેનત એડતાં ભુખ, તડકો અને થાક વેઠી રહ્યા છે, અને જેલનું સંકટ તો દરેક હોંશથી આમંત્રી રહ્યો છે. આમાં કોનું કામ શ્રેષ્ઠ કહેવું એ અશક્ય થઇ પડે એવું છે. વિભાગપતિઓ પોતાની નીચેનાં માણસોની પ્રશંસા કરતા કહે છે કે અમે તેમના સેવક થવા લાયક છીએ એવી ધીરજ અને તાબેદારી તેઓ ધરાવે છે.

ગુજરાતની પુણ્યવંતી સ્ત્રીઓમાં મોખરે આવે એવાં શ્રીમતી મીઠુબહેન પિટિટ, સૌ. ભક્તિબા, કુ. મણિબહેન, સૌ. શારદાબહેન મહેતા, મિસિસ ધીઆ વગેરે તનતોડ મહેનત કરી જુદાજુદા આશ્રમોમાં સેવા આપી રહ્યાં છે. એ દશ્ય જોઇ ભલભલા જુવાનોને પાઠ મળે એમ છે.

વૃદ્ધ અબ્બાસ સાહેબ, ડૉ. ચંદુલાલ, દરબાર સાહેબ ગોપાળદાસભાઈ, શ્રી મોહનલાલ પંડયા, ડૉ. સુમન્ત મહેતા, શ્રી ફુલચંદભાઇ શાહ, ઈમામ સાહેબ, ડૉ. ધીઆ વગેરે જુદા-જુદા વિભાગોનાં થાણાં સાચવી રહ્યા છે અને લોકોને હિમ્મત તથા સલાહ આપી રહ્યા છે.

શ્રી રવિશંકર વ્યાસે જેલનાં બારણાંમાં પહેલો પ્રવેશ કર્યો અને લોકોએ તે દિવસથી તેમને રવિશંકર ઋષિ બનાવ્યા. તેમની સોબત કરવા શ્રી સન્મુખલાલ, શિવાનંદ, ચીનાઇ ભોગીલાલ વગેરે તરત જ ગયા.

અને આ બધાની વચ્ચે અડગ કાઠાવાળા ત્રણ ભડવીરો શ્રી કલ્યાણજી, ખુશાલદાસ અને કેશવભાઈની હીલચાલો બધાને હીંસોળા આપી રહી છે. દરેક જણ એકબીજાથી સવાઈ સેવા કરવા તત્પર દેખાય છે. હિંદ-સ્વરાજ સ્થપાય ત્યારે આ જુવાનોને કોઇપણ જીલ્લાના કલેકટરો કે વહીવટદારો થવાને લાયક ગણી શકાય એવા સમર્થ છે. એ સૌને સાબરમતીના તપસ્વીનો થાપો છે. દુઃખથી ભાગે નહિ, યશથી ફુલાય નહિ, સેવાથી કાયર બને નહિ એવા એ સૌ છે. બારડોલીના આ વિગ્રહમાં પ્રજાની ટેક છે, માનવતાનું ગૌરવ છે, ભારતીય જાગૃતિનાં કિરણો છે. જય ભારત.

મહાબ

દક્ષિણ હિંદની

આપણા દેશમાં અનુપમ સૃષ્ટિસૌંદર્ય, અદ્ભુત ઇતિહાસ અને પૌરાણિક પવિત્રતાથી ભરેલાં અનેક સ્થળો ઠેરઠેર છે. જમાનાઓથી ભોગવેલી પરતંત્રતા અને તેને લીધે થએલી વિચિત્ર મનોદશાથી ઘણાં યે એવાં સ્થળોનો આનંદ આપણે ભોગવી શકતા નથી અને એનું મહત્ત્વ સમજી શકતા નથી. ઘણા યે સ્થળો આપણી બેદરકારી કે અણસમજથી છેક બગડી ગયાં છે. ઘણાંનાં સૌંદર્ય અને પવિત્રતા આપણી વિચિત્ર રૂઢીઓથી નાશ પામ્યાં છે. પ્રાચીન કાળમાં જે સુંદર સ્થાનોનો ઉપભોગ કેવળ ઋષિમુનિઓ જ કરી શકતા, અને સાહસિક યાત્રાળુઓ ઘણા કષ્ટથી જ્યાંની યાત્રા કરી શકતા તે સ્થાનોનો ઉપભોગ અને યાત્રા હાલના વિજ્ઞાનના જમાનામાં સાધારણ પૈસા ખર્ચનાર પણ કરી શકે એમ છે; તેમ છતાં પણ 'દૈવને આધીન' થઇ કપાળે હાથ મુકી બેસનારા અને 'અંજળપાણી' પર આધાર રાખનારા આપણા દેશબંધુઓ જીવનમાં આવો આનંદ કેટલો લે છે ?

હિંદુસ્તાનમાં જેમ પર્વત અને નદીઓની સમીપમાં ઘણાં સુંદર અને પવિત્ર ધામ છે, તેમ આપણા સોરઠી સોમનાથ જેવાં કેટલાંક ધામ સમુદ્રને કિનારે પણ છે. એવું જ સમુદ્રકિનારાનું એક સુંદર સ્થળ મહાબલિપુર અથવા મામલ્લપુર છે. સ્થાન પોતે તો ઘણું રમણીય છે જ. તે ઉપરાંત પ્રાચીન સ્થાપત્યના જે અવશેષો ત્યાં ઉભા છે તે જોતાં એનો ઇતિહાસ પણ અદ્ભુત હોય એમ જણાય છે, પરંતુ એના અંધકાર પર હજી કાંઇપણ પ્રકાશ પડતો નથી.

મદ્રાસથી દક્ષિણે દરિયાકિનારે સાઠ માઇલ દૂર મહાબલિપુર આવેલું છે. મદ્રાસથી ચીંગલપુર સુધી રેલવેમાં જઇ ત્યાંથી ગાડી કે મોટરથી મહાબલિપુર પહોંચી શકાય છે. મદ્રાસથી જળમાર્ગે બકિંગહામની નહેર મારફત વહાણમાં પણ ત્યાં જવાય છે, પરંતુ

લિપુર

શિલ્પ સમૃદ્ધિ



શ્રી કૃષ્ણનો માખણનો ગોળો નામથી ઓળખાતો પ્રચંડ પત્થર


એ રસ્તે બહુ વખત જાય છે. ચીંગલપુરને રસ્તેથી જતાં વચમાં પક્ષીતીર્થ નામનું એક રમણીય સ્થાન આવે છે. ત્યાંથી મહાબલિપુર સાત માઇલ છેટું છે. ગાડીઓ છેક નહેર પાસે આવી ઉભી રહે છે અને ત્યાંથી મછવામાં બેસી સામી બાજુ નિર્જન જેવા જણાતા મહાબલિપુરમાં જવાય છે.

હિંદના લોકો આ સ્થળને મહાબલિપુર નામથી ઓળખે છે; યૂરોપિયન લોકો એને 'સાત પેગોડા' **Seven Pagodas** ને નામે ઓળખે છે. એમ કહેવાય છે કે મહાબલિપુરમાં દરિયાકિનારે હાલ જ્યાં એક મંદિર છે ત્યાં પહેલાં સાત મંદિરો હતાં અને તેનાં શિખરો ઉપર ત્રાંબાનાં પતરાં જડેલાં હતાં. આ શિખરો ઉપર સૂર્યનું તેજ પડવાથી વહાણવટીઓ દૂરથી તે જોઇ શકતા. આ સાત મંદિરોને લીધે ફિરંગીઓએ એ સ્થળનું નામ સાત પેગોડા પાડેલું ને હજી યે પણ પશ્ચિમના લોકો એ જ નામે તેને ઓળખે છે.


મહાબલિપુર અગર મહાવલિપુર એ નામ હિંદુઓમાં વધારે જાણીતું છે. પુરાણપ્રસિદ્ધ બલિરાજાનું એ શહેર હતું એમ મનાય છે. બલિરાજાની વાત આપણામાં ઘણી જાણીતી છે, એટલે અહીં વિસ્તાર કરવાની જરૂર નથી. એમ કહેવાય છે કે બલિનો પુત્ર બાણાસુર મહાબલિપુરનો રાજા હતો. એની પુત્રી ઓખાના, શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથેના ગુપ્ત પ્રેમની વાત તો જાણીતી છે. દક્ષિણની પૌરાણિક આખ્યાયિકા આગળ કહે છે કે બાણાસુરે અનિરુદ્ધને મહાબલિપુરમાં કેદ કર્યો હતો અને શ્રીકૃષ્ણે જે યુદ્ધ કરેલું અને દેવો વચ્ચે પડેલા એ બધું આ મહાબલિપુર આગળ જ બનેલું હતું. આ બીના પછી પુરાણો પાછાં ચુપ રહે છે. કહેવાય છે કે લાંબા સમય પછી માલચરણ નામનો રાજા મહાબલિપુરમાં થયો અને એણે કોઇ ગંધર્વની મૈત્રીથી અમરાવતી નજરે જોઇ મહાબલિપુરને સ્વર્ગની નગરી જેવું બનાવ્યું. દેવોને આ જોઇ ઘણી અદેખાઇ ઉત્પન્ન થઇ ને તેમણે સમુદ્રને એ નગરનો નાશ કરવા ફરમાવ્યું. સમુદ્ર નગર પર ફરી વળ્યો ને એ રીતે મહાબલિપુરનો નાશ થયો. દેશકાળની સીમા ન માનનારા આપણા તત્ત્વજ્ઞ ઇતિહાસકારોને પણ લોકોનું મન મનાવવા આવા ઇતિહાસ જોડી કાઢવા પડ્યા છે.

કેટલાક આ નગરને મહામલઇપુર એટલે 'મોટા પર્વતનું શહેર' એમ પણ કહે છે. પરંતુ એમ કહેવા માટે કાંઇ કારણ આપેલું નથી. છેવટે તો આ મહાવલિપુર, મહાબલિપુર કે મહામલઇપુર એ બધાં નામ ઐતિહાસિક હકીકતથી ખોટાં ઠરે છે. મહાબલિપુરનું ખરૂં નામ તો મામલ્લપુર અગર મહામલ્લપુર છે, અને શિલાલેખથી એ જ નામ ખરૂં છે એમ ચોક્કસ થાય છે. ઉપરનાં બીજાં બધાં નામો મહામલ્લપુર ઉપરથી બેસાડી કાઢેલાં છે. કેટલાક એને મલ્લપુરી પણ કહે છે ને એ પણ મહામલ્લપુરનું ટુંકું રૂપ છે. પલ્લવ રાજા નરસિંહવર્મા પહેલાનું ઉપનામ મહામલ્લ હતું ને એના નામ ઉપરથી મહામલ્લપુર નામ પડ્યું કહેવાય છે. ગમે તેમ હોય પણ અત્યારે પ્રચલિત નામ મહાબલિપુર છે ને અંગ્રેજ કવિ સધે (**Southey**) એ પોતાના એક કાવ્ય (**Curse of Kehma**)માં મહાબલિપુર નામ લખેલું છે.

પલ્લવોના મતભેદવાળા ઇતિહાસની વિગતમાં પડવાનું આ સ્થળ નથી. પલ્લવો હિંદુસ્તાનના વાયવ્ય ખુણા તરફથી આવ્યા અને ધીમેધીમે દક્ષિણમાં જઇ કાંચીપુરમાં રાજધાની સ્થાપી. છેક અગિયારમી સદીમાં



‘અર્જુનનું તપ’ નામથી ઓળખાતી કોતરણીવાળી ટેકરી




ભીમનો રથ

ચોલ મહારાજ્ય જોરમાં આવ્યું ત્યાં સુધી પલ્લવોની સત્તા દક્ષિણ હિંદના પૂર્વ કિનારા ઉપર રહી હતી. દક્ષિણના ચાલુક્ય રાજાઓ સાથે એમને ઘણી વાર લડાઇ થયા કરતી ને એકવાર તો થોડા સમય માટે સખત હાર પણ ભોગવવી પડી હતી. પલ્લવ રાજા નરસિંહવર્મા મહામલ્લે મામલ્લપુર અગર મહાબલિપુર વસાવ્યું એમ નક્કી થાય છે. પરંતુ મહાબલિપુર પલ્લવ મહારાજ્યની રાજધાની થયું હોય એમ ખાસ જણાતું નથી. રાજધાની તો પલ્લવ રાજ્યકાળ દરમિયાન અને તે પછી પણ ઘણા સમય સુધી કાંચીમાં જ રહી છે. કદાચ મહાબલિપુર પલ્લવ મહારાજ્યનું બંદર હોય કે વેપારનું મથક હોય કે હવા ખાવાનું ઠેકાણું હોય એમ લાગે છે. મહાબલિપુરનો વિસ્તાર અસલ કેટલો હશે એ હાલ નક્કી થઇ શકે એમ નથી. આજે તો મહાબલિપુર નાનું ગામડું છે અને એક જમીનદારની ખાનગી મિલ્કત છે. પલ્લવ રાજાઓના સમયનાં પ્રાચીન મંદિરો વગેરેના અવશેષો જોવા જનારા ઉત્સુક મુસાફરો ન હોય તો એ સ્થાન નિર્જન જેવું જ લાગે.

આજે મહાબલિપુરનો મહિમા એના વિચિત્ર સ્થાપત્યના અવશેષોથી અને સુંદર મૂર્તિવિધાનથી છે. એ અવશેષોમાં પણ ‘પાંચ પાંડવના રથ’ કહેવાતાં મંદિરો, થોડી ગુફાઓ અને ‘અર્જુનનું તપ’ કહેવાતો કોતરેલો મોટો પત્થર, એટલું જ મુખ્ય છે. હિંદુસ્તાનનાં બીજાં કેટલાંક સ્થળોના પ્રમાણમાં આ સ્થાપત્ય આકર્ષક નથી, પણ શાસ્ત્રીય દૃષ્ટિએ એનું મહત્ત્વ ઘણું છે, અને એ કારણથી હિંદના સ્થાપત્ય અને કલાના ઇતિહાસમાં મહાબલિપુરનું સ્થાપત્ય એક ઘણું અગત્યનું પ્રકરણ ગણાય છે. આ સ્થાપત્ય ઇસ્વીસનની સાતમી સદીમાં ઉભું થયું એમ વિદ્વાનો માને છે. નરસિંહવર્મા મહામલ્લ ઇ. સ. ૬૨૫-૪૫ માં થઇ ગયો. એના સમયમાં ચીનો મુસાફર હુએનસંગ કાંચીમાં આવ્યો હતો. ત્યાં બૌદ્ધ, જૈન, શૈવ અને વૈષ્ણવ ધર્મના ઘણા લોક વસતા હતા એમ એ લખે છે. પરંતુ જોર શૈવ અને વૈષ્ણવ મતનું હતું. મહાબલિપુરમાં પણ એ જ બે મતના અવશેષો છે.

હિંદુસ્તાનની કલા અને સ્થાપત્ય ઉપર પ્રમાણ ગણાતા શ્રી આનંદ કુમારસ્વામી પલ્લવોના જે જે રાજાઓ થઇ ગયા તે તે રાજાઓના સમયમાં થએલા સ્થાપત્યના ખાસ લક્ષણ પ્રમાણે પલ્લવ સ્થાપત્યના ચાર ભાગ પડે છે: (૧) મહેન્દ્ર (૨) મામલ્લ; (૩) રાજસિંહ; અને (૪) અપરાજિત. એમાં મહાબલિપુરનાં મંદિરો ‘મામલ્લ’ પ્રકારમાં આવી જાય છે. મામલ્લ સ્થાપત્યનો પ્રકાર ખાસ કરીને નરસિંહવર્મા મહામલ્લના સમયમાં ખીલ્યો તેથી એને એ નામ આપ્યું છે. મહાબલિપુરનાં મંદિરોમાં દરિયાકિનારાનું શિવમંદિર ફક્ત ‘રાજસિંહ’ પ્રકારમાં ગણાય છે અને એ મંદિર આઠમી સદીનું મનાય છે.


આ પલ્લવ સ્થાપત્યને હિંદના સ્થાપત્યના પ્રકારોમાં કયાં મુકવું એ મુશ્કેલ છે. ફરગ્યુસને પાડેલા જાતિના ભેદ સ્થાપત્યને લગાડવાનું હાલના વિદ્વાનો ઠીક નથી ગણતા. હિંદુ સ્થાપત્ય તરીકે તો મહાબલિપુરનાં મકાનોનું સ્થાન ઘણું પ્રાચીન છે. ઘણા વિદ્વાનો મહાબલિપુરના આ હિંદુ સ્થાપત્યને દ્રાવિડ રીતિનું સ્થાપત્ય ગણે છે. ઈ. બી. હાવેલ એનું મુળ ઉત્તર હિંદના આર્ય સ્થાપત્યમાં દેખે છે. ખરી



સમુદ્રકિનારા પરનું શિવમંદિર

રીતે એમાં મિશ્રણ ઘણું છે અને એથી એનું વ્યક્તિત્વ જુદું પડે છે. પાંચ પાંડવોના રથ કહેવાતાં મંદિરોમાં પણ જુદીજુદી રીતની બાંધણી છે. ચોરસ રથો બૌદ્ધ વિહાર અને લંબચોરસ રથો બૌદ્ધ ચૈત્યની નાની નકલ છે એમ એક લેખક લખે છે. ધર્મરાજાનો રથ અને સહદેવ નકુલના રથ શૈવ મઠની નકલ છે અને શૈવ તથા બૌદ્ધ મઠોનો મુસલમાનોએ નાશ કર્યા પછી એની બાંધણી નક્કી કરવા માટે હિંદ આખામાંથી મહાબલિપુરમાં માત્ર આ જ નમુના મળે છે એમ બીજા વિદ્વાનોનું માનવું છે. અર્જુનનો રથ સાદા દ્રાવિડી મંદિરના ઘાટનો છે અને દ્રૌપદીનો રથ બંગાળી ઘાટના ગોળાકાર છાપરા જેવો છે એમ શ્રી કુમારસ્વામીનું માનવું છે. અંદરની વિગતોમાં પણ અનેક પ્રકારનાં મિશ્રણો છે, પણ એનો વિસ્તાર કરવાનું આ સ્થળ નથી. સ્થાપત્યની આ વિવિધતા સાથે ત્યાંની મૂર્તિઓ પણ જુદી પડે એવી અને ઘણી સુંદર છે એટલે મહાબલિપુરની આખી કળા જુદું જ વ્યક્તિત્વ ઉત્પન્ન કરે છે, અને એને સ્થાપત્યના કોઇ વર્ગમાં ન મુકતાં પલ્લવ સ્થાપત્ય કહીએ તો છેક ખોટું નથી.

નહેર ઓળંગી જતાં સામે જ પાંચ પાંડવના રથ આવે છે. એ રથ એક આખા ટેકરામાંથી કોતરી કાઢેલા છે, અને દરેકનાં આકાર તથા કદ જુદાં છે. આ મંદિરોને પાંડવોના રથનું નામ કેમ આપ્યું હશે એ કહી શકાતું નથી. ખરી રીતે તો એ શિવમંદિરો છે અને પાંડવો સાથે એમને કાંઇ પણ સંબંધ જણાતો નથી. દ્રૌપદીનો રથ બંગાળી ઘાટનો




'અર્જુન તપ'માં તપશ્ચર્યા કરતા ઋષિ ભગીરથની મૂર્તિ

છે અને અર્જુનનો છેક સાદો દ્રાવિડ ઘાટનો છે. ભીમસેનનો રથ વળી જુદી જ જાતનો છે. એનું શિખર નીલગિરિના ટોડાના છાપરા જેવું ગોળ અને લાંબું છે. એ રથ વૅગન જેવો દેખાય છે. ધર્મરાજાનો રથ ચાર માળનો છે અને તે સર્વથી વધારે આકર્ષક છે. એ રથમાં હિંદુ દેવોની મૂર્તિઓ છે અને ટોચ ઉપર સાધારણ ઘુમટોથી જુદો પડે તેવો ગોળ બેઠો ઘુમટ છે. સહેદવ નકુલનો રથ ઉપરના ચાર રથથી સહેજ બાજુમાં બનાવેલો છે. એની આસપાસ સિંહ તથા નંદીની મૂર્તિઓ બેસાડેલી છે તથા એક બાજુ હાથીની મોટી મૂર્તિ છે. એ મૂર્તિઓ ત્રણે શિવ, દુર્ગા અને ઈંદ્રના વાહન રૂપે છે.

આ રથ સિવાય બીજા ગુફાઓ જેવા મંડપો છે. એમાં મહિષાસુર મર્દિની, શેષશાયી અને વરાહસ્વામીના મંડપ ઉત્તમ છે. એ સર્વનું મૂર્તિવિધાન તો અનુપમ છે. વિષ્ણુની વામનાવતારની એક મૂર્તિ તો અતીવ સુંદર છે. એને કેટલાક વિરાટ સ્વરૂપની મૂર્તિ પણ કહે છે. આ મૂર્તિ શેષશાયીની લગોલગ હોવાથી વિષ્ણુના શાંત અને પ્રવૃત્તિમય બંને સ્વરૂપોનો સારો ખ્યાલ આવે છે.

ઉપરાંત, સમુદ્રકિનારે એક સાધારણ મોટું શિવમંદિર છે. દરિયાનાં મોજાં ભરતી વખતે આવીને




'અર્જુન તપ'માંનો ભગીરથની તપશ્ચર્યાવાળો ભાગ




મહિષાસુર મર્દિનીનું શિલ્પ

અડક એટલું એ કિનારાની નજીક છે. આજે જોકે એ મંદિર સારી હાલતમાં નથી, પરંતુ દ્રાવીડ ઘાટના પલ્લવ સ્થાપત્યનો સારો નમુનો એમાં જણાય છે. દક્ષિણનાં મંદિરોની પેઠે બહુ મોટાં ગોપુર અહીં નથી, પણ એ ગોપુરોની શરૂઆત અહીંથી થઇ હશે એમ વિદ્વાનો માને છે. આ મંદિરને નાનાં સુંદર ગોપુર છે. દક્ષિણમાં પાછળથી મંદિર કરતાં ગોપુરો મોટાં થઇ ગયાં. મંદિર નિર્જન છે, પણ સમુદ્રને લીધે એની ભવ્યતા ઘણી વધે છે. કહેવાય છે કે ચાંદની રાતે આ મંદિર પાસે, સમુદ્રકિનારાના એ નિર્જીવ એકાંતમાં, કુદરત અને ઇતિહાસની અદ્દભુત ભવ્યતાની વચ્ચે ઇશ્વરની મહાન શક્તિનું ભાન થાય છે. મંદિરમાં શિવપાર્વતી અને કાર્તિકસ્વામીની મૂર્તિઓ છે; તે ઉપરાંત શેષશાયીની મૂર્તિ પણ છે. શિવ અને વિષ્ણુ એક સ્થળમાં તો હોય છે, પણ અહીં એક જ મંદિરમાં છે એટલી વિશેષતા છે. સાત પેગોડામાંનું આ એક જ મંદિર (અગર પેગોડા) હાલ ઉભું છે.

એ મંદિરથી ગામ તરફ જતાં એક ટેકરીની સીધી દીવાલ ઉપર અનેક મૂર્તિઓ કોતરેલી છે. એને 'અર્જુનનું તપ' કહે છે. પરંતુ 'પાંડવોના રથ'ની પેઠે અર્જુનના નામને પણ અહીં લાવવાનું કારણ સમજી શકાતું નથી. બીજા મત પ્રમાણે એ આખો યે દેખાવ ભગીરથના ગંગાવતરણનો છે અને એ વાત ખરી જણાય છે. એક મોટી ટેકરીની પથ્થરની સીધી ભીંત ઉપર માણસ અને જનાવરોની અનેક મૂર્તિઓ કોતરેલી છે. જમણે હાથે બાજુમાં હાથીની મોટી મૂર્તિઓ છે અને વચમાં ઉંચા હાથ કરી ડાબે પગે ઉભેલી તપ કરતી એક મૂર્તિ છે. કેટલાક એને અર્જુન અને કેટલાક ભગીરથ કહે છે. એની સહેજ ઉપર ડાબે હાથે દ્રાવીડ ઘાટનું એક નાનું મંદિર કોતરી પાસે આખા કદના એક ઋષિ બેસાડયા છે. કલાની દૃષ્ટિએ એ આકૃતિ સંપૂર્ણ ગણાય છે, અને એ પણ ભગીરથની મૂર્તિ કહેવાય છે. આસપાસ હરણ અને વાંદરાંની ઘણી જ સુંદર મૂર્તિઓ છે, તેમાં યે વાંદરાંની મૂર્તિઓ તરફ ખાસ જોઇ રહીએ એટલી એ આકર્ષક છે. આખા તપોવનનો ખ્યાલ આપવાનો પ્રયત્ન થયો હોય એમ એ જોતાં જણાઇ આવે છે. નાગનાગણી અને અપ્સરાઓ પણ અહીં સુંદર રીતે કોતરેલી છે. જમણી બાજુએ એક તરફ પગ ઉપર ઉભો રહી આગલા પગ ઉંચા કરી ઉર્ધ્વબાહુ તપ કરતો હોય એવો એક બિલાડો કોતરેલો છે અને એના પગ પાસે કેટલાક ઉંદર રમતા કર્યા છે. આ ટેકરીની પાસે એક મોટો ગોળાકાર પત્થર પડયો છે અને તેને શ્રીકૃષ્ણનો માખણનો ગોળો કહે છે. એ પત્થર નીચેથી જરા કપાએલો લાગે છે. એમ કહેવાય છે કે જયારે માખણ હશે ત્યારે એ બિલાડાએ તે ખાધેલો અને તેથી એને શિક્ષા ખાતર એ પ્રમાણે બાંધેલો છે. કેટલાક એમ પણ માને છે કે તપોવનના આ દેખાવમાં બિલાડા પણ તપસ્વી જેવા થઇ જતા અને ઉંદર નિર્ભય થઇ પાસે રમતા, એ ભાવ બતાવવા માટે એ કોતરેલું છે. બીજા વળી એમ માને છે કે નીતિશાસ્ત્રની વાતો પ્રમાણે ઉંદરને પાસે ખેંચવા માટે ડોળઘાલુ બિલાડો તપનો ઢોંગ કરે છે. આમાંના ગમે તે કારણસર બિલાડો ત્યાં કોતરેલો હોય, પરંતુ જોનારને તો તે ઘણો આનંદ



પાંડવોના રથ



ટેકરીમાંથી
કોરી કાઢેલું મંદિર

આપે છે અને એ આખા યે કોતરકામની વિવિધતામાં વિચિત્રતા પુરે છે.

મહાબલિપુરનું સ્થાપત્ય જેટલું વ્યક્તિત્વવાળું છે એટલું જ એનું મૂર્તિવિધાન ઉત્તમ છે. પાંડવોના રથની મૂર્તિઓ તથા ગુફામંડપોની મૂર્તિઓ ઘણી જ સુંદર છે, અને અર્જુનના તપની મૂર્તિઓમાં તો કલા સંપૂર્ણ ભરી છે. તપ કરતા અર્જુન અગર ભગીરથના તપથી સુકાએલા શરીરની પાંસળીઓ પણ સ્પષ્ટ રીતે બનાવી છે. મૂર્તિઓમાં અને એમનાં મુખમાં ઉત્તર હિંદની મૂર્તિઓ કરતાં લાવણ્ય વધારે પ્રમાણમાં ભરેલું દેખાય છે. મ્હૈસુરના બેલુર અને હળેબીડના પંકાએલા ચાલુક્ય મૂર્તિવિધાન કરતાં મહાબલિપુરની પલ્લવ મૂર્તિઓનું લાવણ્ય ઉતરતું હોય એમ બહુ જણાતું નથી. એ બંનેના સમયમાં જે સદીઓનો ફેર છે એટલો ઘસારો મહાબલિપુર ઉપર દેખાઇ આવે છે. અને એ ભાગ ઉપર, થોડા સમય અહીં આવી ગએલા ચાલુક્યોનો, મહાબલિપુરની બાંધણીમાં વધતો ઓછો હાથ હોય એમ માનવાને મન લલચાય છે. આ મૂર્તિવિધાનમાં પણ પ્રાણીઓની મૂર્તિઓ તો ઘણી જ આબેહુબ છે, અને અર્જુનના તપમાં ઉંદરથી માંડી હાથી સુધી જે પ્રાણીઓ કોતરેલાં છે તે પ્રાણીના આકારો એ જાતની સર્વોત્કૃષ્ટ પ્રાચીન કૃતિઓમાં ગણી શકાય એવા છે. શ્રી કુમારસ્વામીના મત પ્રમાણે હિંદુસ્તાનમાં પ્રાણીની આકૃતિઓ બીજે કોઈ ઠેકાણે એવી સુંદર નથી. અર્જુન તપની આકૃતિઓનો અને મહાબલિપુરના બીજા અવશેષોનો કાંઇક ખ્યાલ આ સાથેનાં ચિત્રોથી આવશે.

પક્ષીતીર્થ જોઇ આવ્યા પછી મહાબલિપુર જોઇ સમુદ્રનાં દર્શન થતાં થાક ઉતરી જાય છે. પક્ષીતીર્થમાં અનાદિકાળથી બે ધોળા સમડીઓ બપોરે આવીને પૂજારી પાસે જમી જાય છે અને એ બે શાપિત ઋષિભાઇઓ છે એમ કહેવાય છે. એ સિવાય ત્યાં કાંઇ ખાસ જોવાનું નથી. છતાં આપણા ઘણા લોક પક્ષીતીર્થ જાય છે, પણ મહાબલિપુર સુધી તો કોઈ કલાના રસિકો જ જાય છે. પક્ષીતીર્થમાં ત્રણ વેદો પત્થરની ટેકરીઓ થઇને રહ્યા છે. દક્ષિણમાં જઇ વેદોને પત્થરના ટેકરા થવું પડ્યું અને મહાબલિપુરમાં શ્રીકૃષ્ણના માખણને પણ પત્થર થઇ જવું પડ્યું એ આપણી પૌરાણિક આખ્યાયિકાઓની વિચિત્રતા છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં અનેક પવિત્ર ધામ છે, પરંતુ કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ મ્હૈસુરનાં બેલુર–હળેબીડ, મદુરા અને આ મહાબલિપુર ખાસ જોવાલાયક છે. યાત્રા વેળા તીર્થોમાં જનારે આ સ્થળો પણ અચુક જોવાં. એથી યાત્રાના લાભ સાથે દેશનું પ્રાચીન ગૌરવ પણ સમજાશે અને સ્વદેશાભિમાન ખીલશે.

રત્નમણિરાવ ભીમરાવ

દશાશ્રીમાળી વણિક જૈન વિદ્યાર્થીભુવન રાજકોટનો રીપોર્ટ.
શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણાનો રીપૉર્ટ.
ઉ. ગુ. યુવકમંડળ અને ડૉ. પંડયા અભ્યાસગૃહનો ૧૦ માં વર્ષનો રીપોર્ટ તથા હિસાબ.
ભીલ સેવા મંડળ–દાહોદનો વાર્ષિક અહેવાલ
ગુરુકુલ વિશ્વવિદ્યાલય કાંગડીનો પચીસમો વાર્ષિક વૃત્તાંત
હિંદુ અનાથાશ્રમ–નડિયાદનો વાર્ષિક રીપોર્ટ.

તાકાત ને તંદુરસ્તી માટે: શ્રેષ્ઠ ને સરળ કસરત

ચાલવાની કસરત

સૌથી સહેલી, વગર સાધને થઇ શકે એવી, સસ્તી અને સાદી તથા વિશેષ બળ આપનારી કસરત ફક્ત ચાલવાની છે. તેથી જ તેને બધી કસરતોનો રાજા કહેવામાં આવે છે. દંડ, બેઠક, મુગદળ, મલખમ, કુસ્તી અને બીજી અખાડાની કસરતો ઉપયોગી છે, પરંતુ જ્યાં સુધી થોડુંઘણું પણ ચાલવામાં ન આવે ત્યાં સુધી એ કસરતોથી જોઇએ તેવો ફાયદો થતો નથી.

જુદીજુદી કસરતોથી જુદાંજુદાં બળ આવે છે: દાખલા તરીકે દંડ બેઠકથી શરીરની સુંદરતા વધે છે; કુસ્તીથી દુશ્મનો તથા બીજી આપત્તિઓ સામે ટકી રહેવાનું બળ મળે છે; મલખમથી ચપળતા વધે છે. પણ જેને દિવસભર કામ કરવાની તાકાત જોઇએ છે તેણે તો ચાલવાની કસરત અવશ્ય કરવી જોઇએ. અખાડાની કસરતોમાં ચાલવાને પ્રધાનપદ અપાય તો યુવાનોમાં કામ કરવાનો અપૂર્વ જુસ્સો અને તનમનાટ આવી શકે. એ રીતે તેમની જીવનશક્તિ વધારી શકાય. આપણા મલ્લવર્ગનો મોટો ભાગ દંડ, બેઠક અને કુસ્તીને જ માન આપનારો હોઇ તેમનામાં તાકાત અને જીવનશક્તિ ઓછાં હોય છે. અલબત્ત, દંડ બેઠક અને કુસ્તીને લીધે તેમનાં હાથપગ, છાતી, ખભા ને પાછલા અવયવો સુંદર બને છે, પણ તેમના અંદરના અવયવો—હૃદય, ફેફસાં, હોજરી, આંતરડાં, કલેજું અને મૂત્રાશયો—બહુ મજબુત હોતા નથી. તેથી જ તેઓ લાંબુ આયુષ્ય ભોગવી શકતા નથી. તેઓ પા અથવા અરધો કલાક કુસ્તી કરતાં થાકી જાય છે. સરખામણીમાં આપણા ખેડુતવર્ગને જુઓ. અસંખ્ય દુષ્ટ પ્રથાઓએ તેના શરીરને નિસ્તેજ બનાવ્યું છે, બાળલગ્ન જેવા કુરિવાજે તેના શરીરને છિન્નભિન્ન કરી નાખ્યું છે, ગરીબાઇને લીધે દુધ, દહીં અને ઘી જેવો ઉત્તમ ખોરાક તેને મળતો નથી, છતાં દિવસભર ખેતરમાં મજુરી તો તે જ કરી શકે છે. આખો દિવસ હળ હાંકવાનું કે કોસ કાઢવાનું કામ તે કરી શકે છે. આનું કારણ શું છે તેનો તમે કદિ વિચાર કર્યો છે? આખો દિવસ હળ હાંકવામાં ખેડુત કેટલા માઇલ ચાલતો હશે તેનો સહેજ વિચાર કરો.

આપણા કુમારોમાં ખેડુતના જેવી તાકાત જોઇએ છે. ગયા મહાન યુદ્ધમાં વિલિયમ કયસર પોતાના લશ્કરમાં જે યુવાનો ખુબ દોડી શકે એમને પહેલી પસંદગી આપતો. શરીરકેળવણીનો તેનો આદર્શ હાલના મલ્લવર્ગનો નહોતો. તે કહેતો કે જે માણસો ખુબ છુટથી દોડી શકે નહિ તેનો લશ્કરમાં શો ઉપયોગ થઇ શકે? દિવસભર કામ આપી શકે એવી તાકાતવાળા યુવાનોને જ તે પસંદ કરતો.

ચાલવાથી આ તાકાત કેવી રીતે આવે છે તે આપણે જોઇએ. કરોડરજ્જુ, હૃદય, ફેફસાં, હોજરી, આંતરડાં, કલેજું, મૂત્રાશયો વગેરે આપણા અંદરના અવયવોને ખાસ કસરત મળવાની જરૂર છે. જ્યાં સુધી આ અંદરના અવયવો મજબુત બને નહિ ત્યાં સુધી બહારના અવયવોને સુંદર બનાવવા મથીએ, તો કાં તો તે સુંદર બને નહિ, અને જો બને તો તેનો પાયો મજબુત નથી એમ સમજવું. ચાલતી વખતે જો તમે તમારાં કરોડરજ્જુ અને પેટ ઉપર હાથ મુકયો હોય તો ખબર પડે કે આ સ્નાયુઓને કેટલી કસરત મળે છે!

ચાલવાથી પેટનાં અવયવોને કેવળ કસરત મળે છે એટલું જ નહિ, પરંતુ તેનાથી બીજા પણ ઘણા ફાયદા થાય છે. અન્ન પાચન કરવાનું મુખ્ય કામ આંતરડાં કરે છે. બંને આંતરડાં મળીને લગભગ ત્રીસ ફુટ લાંબી નળી થાય. જેવી રીતે સાપ ગુંચળું વળીને બેસે છે તેવી રીતે કુદરતે આ આંતરડાંને પેટના ભાગમાં ગોઠવ્યાં છે. આંતરડાંમાથી અન્નને આગળ ધકેલવા માટે ચાલવાની કસરત ઘણી ઉપયોગી થઈ પડે છે. ગુંચળું વળેલો સાપ જે વખતે ઉંદર ગળે છે તે વખતે તે ઉંદર અમુક ભાગમાં થઇને જતો હોય, તેથી બાકીનો ભાગ સંકોચાય છે.

તેની જ રીતે આંતરડાંઓમાં ખોરાક જતો હોય તે વખતે તેનો બાકીનો ભાગ સંકોચાય છે. આ ક્રિયાને અંગ્રેજીમાં 'પૅરિસ્ટાલ્ટિક ઍકશન' (Paristaltic action) કહે છે. ચાલવાથી આ ક્રિયા જલદી થાય છે ને આપણે જલદીથી મળત્યાગ કરી શકીએ છીએ અને અપચો તથા કબજિયાત જેવા મુળ રોગોનો નાશ થાય છે. સામાન્ય રીતે દુનિયાના રોગોનો $\frac{९}{१०}$ ભાગ કબજિયાત અને અપચામાંથી ઉત્પન્ન થયો છે તે ઉપરથી આ ચાલવાની કસરતની મહત્તા જણાશે.

ચાલવાથી હૃદય અને ફેફસાં મજબુત બને છે. એ ક્રિયા ચાલતી હોય ત્યારે ઉંડા શ્વાસ લેવાનું કુદરતી થઇ પડે છે. પ્રાણવાયુ ઘણા પ્રમાણમાં લેવાય છે. વળી, રૂધિરાભિસરણ—લોહીની ફરવાની ક્રિયા—સતેજ થાય છે. દરેકે દરેક અવયવમાં લોહી સરખી ને નિયમિત રીતે ફરે છે. આથી ચાલતી વખતે આપણું મગજ ઘણાઘણા સારા વિચારો કરી શકે છે. હોજરીને જોઇતી કસરત પણ ચાલવાથી જ મળી રહે છે. પરિણામે પાચનશક્તિ વધી ભુખ લાગે છે અને આવી કુદરતી ભુખ ઉઘડવાથી આપણે નીરોગી રહેવાની મુખ્ય ચાવી સાધી શકીએ છીએ. કલેજું એ આપણા શરીરયંત્રનું ગવર્નર છે. તેને સાફ રાખ્યા સિવાય શરીરયંત્રનું કામ ચાલે જ નહિ. આ યંત્ર પણ ચાલવાથી જ તદ્દન સાફ રહે છે. ચાલવાથી મૂત્રાશયો અને ચામડી દ્વારા ઘણાં ઝેર બહાર નીકળી જાય છે. આથી તન્દુરસ્તી વધીને કામ કરવાની તાકાત આવે છે.

સામાન્ય રીતે ભુખ્યે પેટે સવારમાં ને સાંજે ગામ બહાર ફરવા જવું ઉત્તમ છે. જેઓ એમ ન કરી શકે તેમણે ગમે તે વખતે, ફરવા જતાં પહેલાં બહુ હલકો ખોરાક—જેવોકે ફક્ત દુધ કે ફળ—લઇને જવું જોઇએ. પાણીમાં લીંબુ અથવા નારંગીનો રસ નાખી તે પીને ફરવા જવાથી આંતરડાંનો મળત્યાગ જલદી થાય છે. સામાન્ય રીતે લીંબુનું પાણી પીને ફરવા જવું ઘણું હિતાવહ છે. જેઓ ગામબહાર ન જઇ શકે તેઓ શહેરના સારા રસ્તાઓ ઉપર ફરે તોપણ ફાયદો થાય. અઠવાડિયાના ૫૦-૬૦ માઇલ ચાલવાની ટેવ દરેક પાડે તો તેનામાં સારી તાકાત આવે. એક મહિનામાં સામાન્ય યુવાન ૨૫૦-૩૦૦ માઇલ ચાલે તો વધુ ન કહેવાય. આ કસરતનો એક ખાસ ગુણ એ છે કે તેમાં વધારેપડતી કસરત થઇ જાય તોપણ તેથી ખાસ નુકસાન થતું નથી.

કેવી રીતે ચાલવું એ પણ પ્રશ્ન છે. આપણામાંના ઘણા કરોડથી વાંકા વળી ગયા હોય એવી રીતે ચાલે છે. તેથી અંદરના અવયવોને ઉલટું નુકસાન થાય છે. કરોડરજ્જુ સીધું રહે તેવી રીતે ચાલવું જોઇએ. ધીમેથી લટાર મારતા ફરવું એ ચાલવું ન કહેવાય. ચાલવાની કસરત લેવી એ તદ્દન જુદી વસ્તુ છે. શરીરને ઠીકઠીક શ્રમ પડે એવી રીતે ચાલવું જોઇએ. દીર્ઘ શ્વાસ લેવા તેમજ કાઢવાનો (ચાલવાની કસરતમાં જોકે આ એની મેળે આવી જાય છે તોપણ તેમ થાય એવો) પ્રયત્ન કરવો જોઇએ.

આ ઉપરથી જણાશે કે નિયમિત આહારવિહાર જાળવીને ફક્ત ચાલવાની કસરત કરવામાં આવે તો જેને સ્વાસ્થ્ય કહેવામાં આવે છે તે દરેક મેળવી શકે. અલબત્ત, ચાલવાથી શરીરના અવયવો ભરાવદાર અને સુંદર દેખાવના થઈ શકતા નથી. તેને માટે દંડ બેઠક આદિ થોડી કસરત કરવી આવશ્યક છે. પરંતુ એટલું સ્પષ્ટ છે કે સતત કામ કરવાની શક્તિ ચાલવાની કસરત જેટલી બીજી કોઇ કસરત આપી શકતી નથી. કેટલાક અમેરિકનોએ પૃથ્વીની પ્રદક્ષિણા ચાલતાં ચાલતાં કરી છે. વળી, ઘણાએ દેશના આ છેડેથી પેલા છેડા સુધી ચાલીને ભયંકર રોગોને નાબુદ કર્યા છે. ૭૦-૭૫ વર્ષના ડોસાઓએ પોતાની વર્ષગાંઠના દિવસે પોતાને વર્ષ થયાં હોય તેટલા માઇલની એકીસાથેની લાંબી મુસાફરી કરી પોતાની યુવાની દેખાડી આપી છે. ઘડપણમાં આ જુવાની એ ચાલવાની કસરતનું પરિણામ છે. યુવાનો! તમારે પણ એવી તાકાત જોઈતી હોય તો ખુબ ચાલો.

ચુનીભાઈ ધ. પટેલ

કનુઃ (લાંબો વખત સુધી બેઠા પછી કંટાળીને) તનુ, જો, હું એક જાદુનો ખેલ કરું. તનુઃ કર જોઇએ.

કનુઃ મારો કોટ લાવ એટલે કરું.

તનુઃ લે આ કોટ.

કનુઃ હવે મારી ટોપી પણ આપ.

તનુઃ લેને ભાઇ, આ ટોપી. હવે કયો ખેલ કરવો છે એ તો કહે.

કનુઃ જોજે હો, હું હમણાં જ તારા દેખતાં અદૃશ્ય થઇ જાઉં છું.



નીકોરાના યુવકમંડળે ગુજરાતના યુવકોનું સંમેલન ભરવાનો ઇરાદો જાહેર કર્યો તે દિવસથી ઘણા યે છુટાછુટા ભાવનાશાળી યુવાનોએ પત્રો દ્વારા તે વિચારને ટેકો આપી તેમનો નિશ્ચય દૃઢ કર્યો હતો. અને એ અનુમોદનના બળથી નીકોરાના મુઠ્ઠીભર ગ્રામ્ય જુવાનોએ પૈસા કે માણસોના બળ વિના માત્ર હિંમત ઉપર જ આ સંમેલન ઉભું કર્યું હતું એમ ઘણાને પાછળથી સમજાયું હતું. તે પહેલાં કેટલા યે માણસોએ એ સંમેલન વિષે નાનામોટા ખ્યાલો કરી નાખ્યા હતા, છતાં સૌએ તેના ગાંભીર્ય અને જરૂરિયાતનો તો અચુક સ્વીકાર કર્યો હતો. ત્યાં આવનારાની સંખ્યા માત્ર સાઠ જેટલા પ્રતિનિધિઓની હતી, છતાં એ વજનદાર માણસોની કહી શકાય એવી હતી. આથી વધારે સંખ્યાની ગોઠવણ અને વ્યવસ્થા ત્યાં વધુ મુશ્કેલ થઇ પડત એમ પણ હવે લાગે છે. એટલે આ સંમેલન પ્રથમ નમુના તરીકે સુયોગ્ય થયું કહી શકાય.

આવનારાઓનો મોટો ભાગ કંઇક સાંભળવા, કંઇક જોવા અને મળે તે લઇ જવા આવ્યો હતો; પણ કંઇક આપવા, કંઇક પ્રેરવા કે કંઇક બતાવવાના ઇરાદાથી બહુ જ થોડા આવ્યા હતા. આથી ત્યાં યુવકોના પ્રશ્નો બહુ છુટથી છણાયા કે દર્શાવાયા નથી એ સ્વીકારવું પડશે; પણ જે જે ભાઇઓએ ત્યાં હાજરી આપી તેમને આ સંમેલનની કેટલીક રીતભાતની



કબીરવડની છાયામાં: આ અંકની મિજલસમાં આપેલા 'યુવક-ધર્મ'ની બાબતો રા. રવિશંકર રાવળ રજુ કરે છે.



યુવકસંમેલન પછી: નર્મદામાં નૌકા વિહાર

કીમત સમજાઇ હશે. નિસર્ગથી રમ્ય બનેલા સ્થાનમાં જુદાજુદા ગામના યુવાનો મળે, વાતો કરે, ઓળખાણો અને સંબંધો બાંધે, વનભોજન અને શાંતિની મજા લે અને આ સહજીવનનાં મધુર સ્મરણો સાથે લઇ જાય, એ બધું સંમેલનના હેતુઓને સંપૂર્ણ રીતે પોષક હતું એમ કોણ નહિ કહે? એ ઉપરાંત, એ પ્રસંગની છાયા નિત્યજીવનમાં ઉતારવા સારૂ સૌએ મળી ગુજરાતના યુવકો માટે જે વ્રત ઘડી કાઢ્યું છે તે આ અંકની મિજલસમાં આપ્યું છે. તેમાં યુવકની ઉચ્ચગામી પ્રવૃત્તિની સ્પષ્ટ છાપ દેખાશે.



નીકોરા આગળ નર્મદા: સ્કેચ, કનુ દેસાઇ

સ્થળ : નાટકની રંગભૂમિ

કુમાર: બાપુ, બાપુ, આપ અત્યારે ક્યાં હશો? આપને મળવા માટે મારૂં મન તલસી રહ્યું છે. ઓ . . . બાપુ!

[કોચ ઉપર ઢળી પડે છે.]

નોકર: કુમાર, હવે આપ બાપુને કેવી રીતે મળી શકવાના હતા? એ તો લડાઇમાં સામી છાતીએ લડતાં સ્વર્ગે સીધાવ્યા.

કુમાર: સાચે જ બાપુ મરાયા? શું તું સત્ય કહે છે? ઓ કમબખ્ત, એવું બોલવા તું કેમ જીવતો રહ્યો?

નોકર: એટલે શું હું ખોટું બોલું છું? પુછી જુઓ મેનેજર સાહેબને. એમણે મને એ જ પ્રમાણે બોલવાનું કહી અહીં મોકલ્યો છે.

卐

શેઠ: તમારે માટે મને ઘણું જ દુઃખ થાય છે પરંતુ હાલ મારે એક પણ નોકરની જરૂર નથી. મારે ત્યાં એટલા બધા નોકરો છે કે એમનાં નામ પણ મને યાદ નથી રહેતાં.

ઉમેદવાર: ત્યારે તો સાહેબ, હું એ બધાંનાં નામોનું લિસ્ટ રાખવાનું કામ કરીશ!



ભાવનાનું સાહિત્ય પ્રથમ પ્રકાશમાં લાવનાર ગુજરાતનો એક વિદ્વાન યુવક હતો. આજે તો એ પ્રો. અતિસુખશંકરનું નામ શાળા અને કૉલેજમાં શિક્ષણ પામનારાઓને સારી પેઠે જાણીતું થઇ ગયું છે. આજથી એક દાયકા ઉપર એમણે યૌવનયોગ્ય ઉત્સાહભરી ભાવનાઓવાળું 'નિવૃત્તિ વિનોદ' બહાર પાડેલું, અને આજે તેઓ એવી જ ઢબનું પણ લેખન પ્રકારમાં કંઇક જુદું એવું **સાહિત્યવિનોદ** આપણને આપે છે. (સોલ એજંટઃ એમ. સી. કોઠારી, વડોદરા: રૂ. ૧–૪–૦)

સાહિત્યવિનોદ એટલે હળવા સાહિત્યનો પ્રસાદ. પ્રો. ત્રિવેદી આ પુસ્તકમાં ભાષા, કવિતા, વિવેચન, શિક્ષણ વગેરે ગંભીર વિષયો ઉપર હળવું મતદર્શન કરે છે; અને જ્યાંજ્યાં વિચારગાંભીર્ય જોડે આછી વિનોદલહરી ભળે છે ત્યાંત્યાં નર્મનો નિર્દોષ આનંદ અનુભવાય છે. કેટલાક ઉપયોગી વિચાર, કેટલોક મર્મ અને નર્મ, કેટલુંક ગંભીર જ્ઞાનચિંતન વગેરે વસ્તુઓ મેળવી લેવા 'કુમાર'નો વાચકગણ એકવાર એ બંને વિનોદો વાંચી લે એ જરૂરનું છે. જોકે જીવનવિકાસના સંસ્કારની દૃષ્ટિએ ખાસ કરીને 'નિવૃત્તિ વિનોદ' અમને ચઢિયાતું લાગ્યું છે. યુગ એવો આવ્યો છે કે માત્ર સાહિત્યનો વિનોદ આજ બસ નથી. સાહિત્યને જીવનમાં ભરી દેવાનો અને તે વડે નવસંજીવન પ્રગટાવવાનો યુગધર્મ પણ સકળ કુમારસમુદાય શીખી લે એ એથી વધુ જરૂરનું છે: કેમકે સાહિત્ય એ જીવનનો ગંભીર વ્યાપાર છે—ફુરસદનો મોજશોખ નથી. (—પ.)

"ઇતિહાસના સળંગ અને સબળા વાંચન વિના વ્યક્તિમાં કે પ્રજામાં પુનરુત્થાનની પ્રેરણા પ્રગટતી નથી. . . . સોરઠી ઇતિહાસના થર ભુસ્તરના થર જેવા પ્રાચીન ને અબરખના થર જેવા ઈન્દ્રવર્ણા છે. પણ હજી ગુજરાતમાં સંગીન અભ્યાસ, સાચી દૃષ્ટિ અને પ્રભાવશાળી વાણીબળ ધરાવતો એકેય કવિ ઇતિહાસકાર પ્રગટ્યો નથી, એટલે આપણે ઇતિહાસપ્રેમી બન્યા નથી, અને ઇતિહાસયાત્રા આદરતા નથી." આમ અવલોકીને, 'સૌરાષ્ટ્ર' જેવું પત્ર જે પુસ્તિકાની હજારો નકલો પડતર કીમતે સૌરાષ્ટ્રના કુમાર, કિશોર અને યુવાનોમાં વહેંચાય એવું ઇચ્છે છે તે કવિ ન્હાનાલાલના '**સોરઠી તવારીખના થર**' નામના વ્યાખ્યાનની બહાઉદ્દીન કૉલેજની સાહિત્ય સભાએ બહાર પાડેલી પુસ્તિકા ખરીદીને પોતાના અભ્યાસસંગ્રહમાં રાખવા અમારી પણ સૌને મજબુત ભલામણ છે. એમાં પ્રેરણાનાં પાણી પાઇને અને ભાવનાના રંગ ચડાવીને સોરઠી ઇતિહાસની રેખાઓ આંકેલી છે; ભવિષ્ય વીંધતી કવિદૃષ્ટિએ એમાં ભૂતકાળના સોરઠના થર ઉકેલ્યા છે.

જગતભરના કથાસાહિત્યમાં 'અરેબિયન નાઈટ્સ'નું સ્થાન અનોખું ને ઉંચું છે. નવે રસથી સભર ભરેલા, એક હજાર ને એક રાતના કિસ્સાઓના એ અદ્ભુત ખજાનાને જેણે એકવાર હાથમાં લીધો હોય તે પછી પુરો કર્યા વિના અને ફરીફરી વાંચ્યા વિના રહ્યો હોય એવો એકપણ માણસ નહિ હોય. કોડ અને કલ્પનાથી ઉભરાતી કુમાર વયમાં એ વાર્તાઓનું વાંચન ઉત્તેજના અને પ્રેરણાના નશા સરખું છે.

અમને કોઈ પુછે કે એ આખા કથાસંગ્રહમાં કુમારજીવનને માટે સૌથી વધુ અનુકુળ અને ઉત્તમ વાર્તાઓ કઇ, તો સત્વર જવાબ આપીએ કે 'સિંદબાદ ખલાસીની સાત સફરો'. જીવસટોસટનાં સાહસથી ભરેલા પ્રસંગોની પરંપરા, રૂંવાં ઉભાં કરે તેવા ભયાનક પ્રદેશની અદ્ભુત સફરો, કલ્પના પણ ન પહોંચી શકે તેવી ચિત્રવિચિત્ર આફતો, અને આ બધાંમાંથી માર્ગ કરતી, અનેક અનુભવે ઘડાએલી તીવ્ર બુદ્ધિના ચમકાર દાખવતી એ સાત સફરની કહાણીઓ તો વાંચનારના અંગેઅંગમાં ઝણઝણાટી ફેલાવી દે એટલી રોમાંચક અને રળિયામણી છે.

શોચની વાત છે કે એ વાર્તાઓને આપણા કિશોર સાહિત્યમાં ઉતારવાના પ્રયત્નો હજી સુધી થએલા નહિ. 'કુમાર'ને અંગે જે કેટલાક સુંદર કુમાર સાહિત્યના પ્રકાશનની યોજના અમે ઘડેલી તેમાં એનું સ્થાન છે. પણ એને પાર પાડવા પુરતાં સાધન, સમય અને સગવડ અમને મળે તે પહેલાં 'બાલમિત્ર'ના તંત્રી શ્રી ચન્દ્રશંકર ભટ્ટ તરફથી હમણાં જ એક પ્રયત્ન થયો છે એ જોઇ અમને હર્ષ થાય છે. (**સિંદબાદ શેઠ**: લેખક, ચન્દ્રશંકર મ. ભટ્ટ; પ્રકાશક, પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા; પૃ. ૯૦: ૧૨ ચિત્રો સાથે. કીમતઃ કાચું પુઠું ૦–૭–૦ પાકું ૦–૧૦–૦) એ સંગ્રહ બાળકો માટે છે, એટલે એમાં વાર્તાના પ્રસંગો તથા વર્ણનો વગેરે બહુ ટુંકાવેલાં તથા આછાં છે; પણ મુળની ખુબી અને રસ જાળવવાનો એમણે ખુબ પ્રયત્ન કર્યો છે. આટલી પિછાન પછી એ સંગ્રહની ભલામણ કરવાની હોય ?

આપણે ત્યાં બાળકોનાં માનસનો શાસ્ત્રીય અભ્યાસ કરી તેમને માટે યોગ્ય સાહિત્ય બહાર પાડવાનો પ્રથમ અને

પ્રશંસનીય પ્રયાસ તો આપણા બાળહિતના આચાર્ય થઇ પડેલા ગિજુભાઈ બધેકાએ જ કર્યો. એમણે અત્યાર સુધી એ દિશામાં યોજેલું સાહિત્ય એટલું લોકમાન્ય થઇ પડયું છે કે હવે તો એમની રચેલી કે સંપાદિત કરેલી કોઇપણ બાળ-સાહિત્યની ચોપડી લોકો આંખ મીચીને ઉપાડે છે. એટલે અમદાવાદના ગુજરાત સાહિત્ય મંદિરે પોતાની 'બાળ-ગ્રન્થાવલિ'ની માળામાં બહાર પાડેલી **સુંદર વાતો** અને **ભેરૂ** એ બે ચોપડીઓ, કહે છે કે, સારી ખપે છે એમાં નવાઈ જેવું નથી. તેમાં 'ભેરૂ'ની રચનામાં તો ગિજુભાઈના ભેરૂ સમા જુગતરામભાઈ પણ સાથે છે. 'નાની—મોટી ચાલણ-ગાડીઓ' અને 'મોટી બ્હેન' આ બંને ભેરૂએ સાથે મળીને જ રચેલી છે, એટલે એ પુસ્તકો વાંચનારાં બાળકો તો આ 'ભેરૂ'ને કેમ ચુકશે ? 'સુંદર વાતો'ની કીમત છ આના અને 'ભેરૂ'ની નવ આના છે. બંનેને ચિત્રોથી શણગારી આકર્ષક બનાવવા પ્રયત્ન કર્યો છે. ગ્રંથમાળાના ગ્રાહક થનારને લગભગ પોણી કીમતે મળી શકે છે.

અત્યાર સુધી આપણે ત્યાં કિશોરસાહિત્યમાં ઘણે ભાગે વાર્તાઓ ને ક્વચિત કાવ્યો કે બીજા વિષયોનાં પુસ્તકો બહાર પડયાં છે. નાટકો એ સાહિત્યનું ઉંચા કલાવિધાનવાળું અંગ છે, અને તે વિચારકની દ્રષ્ટિ અને અનુભવીની હથોટી માગે છે. સમાજમાં ઘર કરી રહેલાં અનિષ્ટો દૂર કરવા માટે દેશના કિશોરવર્ગને તેથી માહિતગાર કરી તેની સામે સંગ્રામ માંડવાની તમન્ના તેમનામાં પ્રગટાવવી જોઇએ. આવો પ્રયત્ન કરતાં 'કુમાર'માં આવેલાં શ્રી ધૂમકેતુનાં બે નાટકો—'ગામડાંની ધુળમાં ઢંકાએલાં' તથા 'કવિરાજ'—થી વાચકો જાણીતા છે. તેમાં એક ત્રીજું 'લાડુ અને દાળ' ઉમેરાઇને ત્રણેનો સંગ્રહ પાંચ આનાની કીમતે **પડઘા** નામથી ગુજરાત સાહિત્યમંદિરની ઉપલી બાળ-ગ્રન્થાવલિ દ્વારા પ્રગટ થયો છે. એનો મુખ્ય ઉદ્દેશ સારવા ઉપરાંત, આપણે ત્યાં ભજવી શકાય એવાં કિશોરો માટેનાં નાટકોની જે ખોટ છે તે પણ આ સંગ્રહ પુરે છે.

સુરતનું ગાંડીવ સાહિત્ય મંદિર કેવળ વાર્તાઓનાં જ નહિ, પણ બાળકોને અનેકવિધ દિશામાં રસ અને રમુજ સાથે પ્રવેશ કરાવે એવાં પુસ્તકો એની 'ગાંડીવ બાલોદ્યાન માળા' દ્વારા પ્રગટ કરે છે. સામાન્ય જ્ઞાનની વિગતો આપતા એમના પુસ્તક 'કચુંબર' વિષે અમે લખી ગયા છીએ. હમણાં જ એ માળાના ૧૩મા પુષ્પ તરીકે એમના તરફથી વિજ્ઞાનના વિષયમાં બાળકોને પ્રવેશ કરાવતું, વાર્તા અને વાતચિતના રૂપમાં **'બાળવિહાર'** (ભાગ ૨) બહાર પડયું છે. ચાર વર્ષ પહેલાં બહાર પડેલા આના પહેલા ભાગની એ અરસામાં બે આવૃત્તિ થઇ છે એ જ એની લોકપ્રિયતા બતાવે છે. નિશાળમાં બાળકોને બિહામણો લાગતો વિજ્ઞાનનો વિષય વાતના પ્રવાહમાં બહુ રસભર્યો બનાવીને એના લેખક શ્રી ઈશ્વરલાલ વીમાવાળાએ ફોનોગ્રાફ, અને સ્ટવ જેવા સંચાઓની કરામત સમજાવી છે, ફોટોગ્રાફી અને પાણીના નળ વિષેની માહીતીઓ આપી છે, કાગળની તપેલીમાં પાણી ભરી ગરમ કરવા જેવા વિજ્ઞાનની મદદથી થતા જાદુ સમજાવ્યા છે. ૬ આના અને ૮૫ પાનામાં મળતું આ જ્ઞાન ગુજરાતનાં ઘરોમાં વસાવવાનો અમારો આગ્રહ છે.

આમ બાળકોને માટે આજે તો ચોમેરથી ઠીકઠીક સાહિત્ય પ્રગટાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે; પણ આજથી પંદર વરસ પહેલાં, જ્યારે એ દિશા કેવળ સૂની પડી હતી ત્યારે બાળકો પ્રત્યેના સ્વાભાવિક ઉમળકા અને વાત્સલ્યથી શ્રી વિઠ્ઠલરાય આવસત્થીએ બાળકાવ્યો લખવાં શરૂ કરેલાં. તે દિવસથી આજ સુધી ક્વચિત્ ક્વચિત્ માસિકોમાં એમની કૃતિઓ ચમકતી. આજે એને સંગ્રહ રૂપે **બાળ કાવ્યમાળાને** નામે કર્તાએ બહાર પાડયાં છે. એમાં જેમ "કલ્પનાનાં, દૃશ્ય આનંદોનાં" કાવ્યો છે તેમ કિશોર વયમાં આવતાં બાળકો માટે "શૌર્યેચ્છા, મહત્ત્વાકાંક્ષા વગેરે વૃત્તિઓ અનુભવાવતાં કાવ્યોનો સંગ્રહ પણ છે. શ્રી મુનિકુમાર પ્રસ્તાવનામાં જણાવે છે કે "એમાં ભાષા અને શૈલીની સરલતા છતાં તેનાં વાહકતા અને પ્રાણ ઓછાં થયાં નથી, અને ઘણે ઠેકાણે લાલિત્ય પણ જળવાઈ રહ્યું છે." ચાર આનામાં કર્તા પાસેથી, માણેકવાડી ભાવનગર, એ ઠેકાણેથી મળી શકશે.

રાષ્ટ્રભાષાનું ગૌરવ પામેલી હિંદી ભાષાનું આજ આપણા દેશમાં બહુમાન છે એ કાળે, ઘણા મહેચ્છુ અને જિજ્ઞાસુ જુવાનોને તેનો પદ્ધતિસર અભ્યાસ કરવાની ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે. એવાઓને માટે અભ્યાસનો માર્ગ સરળ કરી આપે એવો પ્રયત્ન આપણા એક ગુજરાતીએ જ કર્યો છે એ જાણીને અમને હર્ષ થયો. ઉંઝા (ઉત્તર ગુજરાત)ના શ્રી શંકરલાલ મગનલાલ કવિએ **ગુજરાતી હિંદી ટીચર**નું પુસ્તક આજ પાંચેક વર્ષથી આપણને આપ્યું છે. પદ્ધતિપુરઃસર ગુજરાતી અને હિંદી સાથોસાથ આપીને સરળ રીતે શીખી શકાય એવી એમાં યોજના કરી છે. પુસ્તક ૩૦૦ પાનાંનું છે; કીમત બે રૂપિયા છે.

એ જ લેખક **ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો** આપણને એક નાનકડી પોથીમાં બતાવે છે. અકસ્માત વેળાએ ઉપયોગી થઇ પડે એવી આ નાની ચોપડી ચાર આનામાં સંઘરવા જેવી છે. ગોખણપટ્ટીની કેવળ વેદિયા કેળવણીના આ જમાનામાં સમયસૂચકતાભર્યા ઈલાજો અને ઉપચારો જ્યારે વિસરાઇ ને ઘસાઈ ગયા છે ત્યારે આવું ઘણું વ્યવહારૂ સાહિત્ય ઘટતો પ્રચાર પામે એ જરૂરનું છે.

બા ળ વિ ભા ગ



મારાં ફુલ

ફુલ મારાં રીસાઇ ગયાં.
રીસાઇ ગયાં—મન સુનાં થયાં:
ફુલ મારાં રીસાઈ ગયાં.

કાલે ન બોલીઆં ને આજે ન બોલતાં,
મીંચી નયન સઉ મુંગાં થયાં:
ફુલ મારાં રીસાઇ ગયાં.

સુરજમુખીનાં આજ ઉઘડે ન અંતરો,
મોગરાને મુખ હાસ લેવાઇ ગયાં:
ફુલ મારાં રીસાઈ ગયાં.

ખીલ્યાં ગુલાબ કેરી ખરતી પાંખડીઓ,
કેશુનાં લાલ તેજ કરમાઇ ગયાં:
ફુલ મારાં રીસાઇ ગયાં.

લાડે રમાડું, બાળ! મીટ ભરો મીઠડી,
નિંદરને ઘેન કેમ ઝડપાઇ ગયાં?
ફુલ મારાં રીસાઇ ગયાં.

રીસાઈ ગયાં—મન સુનાં થયાં:
ફુલ મારાં રીસાઈ ગયાં.

દેશળજી પરમાર

હરણનું દુધ

ચીનના એક ગરીબ છોકરાની આ વાત છે. એનું નામ યેન. એનાં માબાપ આંધળાં હતાં. એવામાં તે માંદાં પડયાં. માબાપનું ઓસડ કરવાને યેન એક વૈદ્યને તેડી લાવ્યો. વૈદ્યે કહ્યું કે જો હરણનું દુધ મળે તો તારાં માબાપ સાજાં થાય. પણ હરણનું દુધ તો બહુ જ મોંઘું મળે. ગરીબ યેન એ ક્યાંથી કાઢે? પણ માતાપિતા તરફ તેનો પ્રેમ એટલો બધો હતો કે તેણે માબાપને સાજાં કરવાને ગમે તે રીતે હરણનું દુધ લાવવાનો નિશ્ચય કર્યો.

મધરાત પછી એટલે યેન છાનોમાનો તીર કમાન લઇને ઘરમાંથી બહાર નીકળ્યો અને જંગલમાં જઇ તેણે એક હરણ માર્યું. પછી તે હરણનું ચામડું ઉતારી લઈ પોતે એ ચામડું ઓઢી લીધું અને હરણ જેવો બની જઇને હરણના ટોળામાં ભળી ગયો. અંતે મહા મહેનતે તેણે હરણનું દુધ મેળવ્યું.

દુધ લઇને ઘેર આવ્યો ત્યારે તે લગભગ અધમુઓ થઇ ગયો હતો, કેમકે જ્યારે તે હરણનું ચામડું ઓઢીને હરણના ટોળામાં ફરતો હતો ત્યારે બીજા શિકારીઓએ તેને હરણ સમજીને તીર મારેલાં. પણ માબાપની સેવા કરવાની તેની વૃત્તિ એટલી તીવ્ર હતી કે એ તીરની વેદના ખમીને પણ તે હરણનું દુધ મેળવ્યે જ રહ્યો. (અંગ્રેજી ઉપરથી)

બે અવસાન



સ્વ. પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ
અવસાન તા. ૧૮ મે ૧૯૨૮

પ્રોફેસર હરિલાલ માધવજી ભટ્ટ અથવા વિદ્યાર્થીઓના માનીતા 'ભટ્ટ સાહેબ' અકળાઇને આપઘાત કરશે એવી કલ્પના તેમના કોઇ મિત્ર કે સ્નેહીને આવે જ નહિ એવા એ ઠરેલ ને ગંભીર રહેતા. જુનાગઢ કૉલેજના આજ સુધીના વિદ્યાર્થીઓના સલાહકાર, મિત્ર અને સહાયક તરીકે તેમનું નામ હમેશાં પહેલું રહેશે. જુનાગઢના રાજતંત્રના ફેરફારોની વચ્ચે ત્યાંના અમલદારો તથા પ્રજા અને તે ઉપરાંત આ તરફ ગુજરાતની બીજી જનતા સાથે એકધારો મીઠો સંબંધ જાળવી રાખનાર એવી વ્યક્તિ બીજી નહિ હોય. દેશહિત, કેળવણી અને સમાજસેવાની બધી સંસ્થાઓના ચાલકો જોડે મૈત્રી અને પત્રવ્યવહારનો નાતો ચાલુ નિભાવનાર પણ એમના જેવા બીજા થોડા હશે. ઘરની અંદરની સ્થિતિ ગમે તેવી

હોય છતાં કાઠિયાવાડી આતિથ્ય અને મમતાનો સાક્ષાત પરિચય ભટ્ટ સાહેબની મુલાકાત લેનારને અવશ્ય થતો. તેમણે અનેક મિત્રો અને વિદ્યાર્થીઓને ખાનગીરીતે જે અનેક પ્રકારની સહાય અને સહકાર આપ્યાં છે તેથી અનેક જણ તેમના ઋણી બન્યા છે.

પ્રો. ભટ્ટ, સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટના ભત્રીજા થતા હતા અને તેમના જ પ્રયત્ન ને સહાયથી ડેક્કન કૉલેજમાં અભ્યાસ કરી એમ. એ.ની ઉપાધિ મેળવી શક્યા હતા. તે વખતમાં ડેક્કન કૉલેજના પ્રિન્સિપાલ સેલ્બી, લૉજીક અને મૉરલ ફિલૉસૉફીના (તર્ક અને તત્ત્વજ્ઞાનના) અતિ નિષ્ણાત અધ્યાપક ગણાતા અને એવા અધ્યાપકના શિક્ષણનો લાભ લેવાનું સ્વ. પ્રોફેસર ભટ્ટનું સદ્ભાગ્ય હતું. પ્રોફેસર ભટ્ટ પ્રિન્સિપાલ સેલ્બીના પ્રીતિપાત્ર શિષ્ય હતા; અને તેમની વાઇસ ચૅન્સેલર તરીકેની કારકીર્દિ દરમિયાન પ્રોફેસર ભટ્ટ ઘણી વખત યૂનિવર્સિટીના પરીક્ષક પણ નીમાતા. લગભગ પાંચ વરસ સુધી–૧૯૧૮ થી ૧૯૨૩ સુધી તેઓ રજિસ્ટર્ડ ગ્રૅજ્યુએટો તરફથી ચૂંટાઇ યૂનિવર્સિટીના ફેલો પણ રહ્યા હતા અને છેલ્લા એકાદ વર્ષથી જુનાગઢ કૉલેજના ઍક્ટિંગ પ્રિન્સિપાલ તરીકે કામ કરતા હતા.

એમણે ગુજરાતી સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિઓમાં હમેશાં સક્રિય ભાગ લીધા કર્યો હતો. છુટાં માસિકોમાં મનનપૂર્વક લેખો લખવા ઉપરાંત તેમણે શ્રી બ. ક. ઠાકોરની સાથે મળી પ્લુટાર્કનાં જીવનચરિત્રો તથા સ્વતંત્ર રીતે 'આશ્રમહરિણી' જેવા સુંદર અનુવાદો ગુજરાતને આપ્યા છે. બ્રિટિશ રાજ્ય બંધારણનો તેમનો ઇતિહાસ પણ એટલી જ કીમતી સેવા છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના જુવાનો તથા વિદ્યાર્થીઓમાં ભેળાઇને તેમને ઉત્તેજન અને પ્રેરણા આપવાની તક તેઓ કદિ ચુકતા નહિ.

પ્રો. ભટ્ટના અવસાનથી ગુજરાતની બધી સંસ્થાઓ અને મંડળોને એમના વ્યક્તિત્વની ખોટ જણાશે જ. અમારો અને એમનો ઘણો નિકટનો સ્નેહસંબંધ એ વાતની સવિશેષ યાદ આપી અત્યંત ગ્લાનિ ઉપજાવે છે. એમના આત્માને શાંતિ હો!

શ્રી અને સરસ્વતીનો વિરલ મનાતો સંયોગ વિધાતાએ જેમનામાં સાધ્યો હતો તે સાહિત્યપ્રિય શ્રીમાન કાન્તિલાલ નરોત્તમદાસ કાપડિયાના ભરજુવાન વયે થએલા અવસાનની આ નોંધ લેતાં અમને અત્યંત દુઃખ થાય છે. યુગધર્મ, સુવર્ણમાળા અને કૌમુદી જેવાં શિષ્ટ માસિક ત્રિમાસિકોને પગભર કરી નમુનેદાર બનાવવા માટે એમણે આર્થિક સહાય આપ્યા કરેલી એ તો પ્રસિદ્ધ વાત છે, સાહિત્યના સંગીન પ્રચાર અર્થે લક્ષ્મીની આપી શકાય તેટલી સહાય આપવાના એમને કોડ હતા; પણ એ પુરા થાય તે પહેલાં જ વિધિએ એમની છેલ્લા દોઢ વર્ષની અતિ ત્રાસદાયક માંદગીમાંથી મૃત્યુમાં ખેંચી લીધા. એ તે કૃપા કે કટાક્ષ? એમના આત્માને શાન્તિ ઇચ્છીએ છીએ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ



¶ 'કુમાર'ના ૪૮ મા અંકમાં જાહેર થએલી ફોટોગ્રાફીની નવી ઈનામી હરીફાઈ માટે 'શાળાજીવનનાં દૃશ્યો' એ વિષય પર ફોટોગ્રાફો માગ્યા હતા. આટલા લાંબા સમયમાં પણ એને માટે માત્ર ૧૦ ફોટોગ્રાફો અમને મળ્યા છે; અને તે પણ જોઇએ તેટલા સંતોષકારક નથી.

જે આવ્યા છે તેમાંથી પહેલું ઈનામ રૂા. ૩નું મથાળે મુકવામાં આવેલા ભાઇ ચંદુલાલ આર. પટેલ (ભાવનગર)ના ફોટોગ્રાફને મળે છે, અને બીજું ઈનામ રૂા. બેનું સોનુબહેન શામજી (ભાવનગર)ને મળે છે. બંનેને ઈનામો મોકલાશે.

નવી ફોટોગ્રાફી હરીફાઈ

¶. તમને આકર્ષક અને સુંદર લાગતો ગમે તે એક સરસ ફોટોગ્રાફ અષાડની અમાસ પહેલાં કુમાર કાર્યાલયમાં તંત્રીને સરનામે મોકલી આપો. બીજી શરતો અગાઉ મુજબ જ: (૧) ગ્રાહક–બીનગ્રાહક સૌ આમાં ભાગ લઇ શકશે. (૨) ફોટોગ્રાફ માઉન્ટ કરેલો ન હોવો જોઇએ; તથા તેની પાછળ, પાડનારે પોતાનું પુરૂં નામઠામ તથા ફોટોની વિગત જણાવવી. (૩) ધંધાદારીઓ ભાગ નહિ લઇ શકે. (૪) ફોટોગ્રાફ પોસ્ટ કાર્ડથી મોટો ન હોવો જોઇએ. (૫) ઇનામ નહિ મળેલા ફોટોગ્રાફો પાછા મંગાવવા ઇચ્છનારે સાથે જ પોસ્ટેજ મોકલવું.

સાહિત્યનાં પારિતોષિક આપનાર કોણ?

સી. વી. ગળિયારાના નામથી, સાહિત્યની વિવિધ પ્રવૃત્તિઓમાં કામ કરનારાઓને ધનની સહાય વડે નવાજનાર દાનવીરનું પુરૂં નામ શ્રી છોટાલાલ વમળચંદ ગળિયારા છે. અમે ૫૨ મા અંકમાં સમજફેરથી તેમના મોટા ભાઈ શ્રી છગનલાલ ગળિયારાનું નામ લખ્યું હતું. એ બધા ભાઇઓનું આખું કુટુંબ રંગુનમાં તથા એમના વતન કઠોર (સુરત પાસે)માં પોતાની મોટી સખાવતોથી દાનવીર તરીકે વિખ્યાત છે.



માધુકરી

ઓ ભૈયા જુગના જુગ વીત્યા, હવે નહિ એ ચાલે;
નદ ઉલટાવો, સિંધુ ભરાવો—છલ છલ ભરો ઉછાળે!
ખપ્પર ભરો ભરો હો!

ગાજ વીજ ને મુશળધારે રેલ રેલ જગ છાતી;
એક ઝાપટે નવ ચોમાસું: વીર તૃષા ન છીપાતી:
ખપ્પર ભરો ભરો હો!

અધઉઘડ્યાં છે દ્વાર પ્રભાનાં: ઓ ભૈયા! ઝટ આવો!
ખપ્પર મારૂં ભરો વીરત્વે! પૂર્ણ પ્રભા રેલાવો!
ખપ્પર ભરો ભરો હો!

—કવિ ખબરદાર

પ્રાર્થનાબદ્ધ હાથ

આજથી ચારસો વર્ષ પર, ઈ. સ. ૧૫૨૮ના માર્ચમાં, જર્મનીના વિખ્યાત કળાકાર આલ્બર્ટ ડયુરરનો ૫૮ વર્ષની વયે દેહ પડયો. પણ જગત એની કીર્તિ સદા અમર રાખે એવી જ્વલંત કૃતિઓ એ પાછળ મુકતો ગયો છે.

આ સાથેનું ચિત્ર 'પ્રાર્થનાબદ્ધ હાથ' તેની વિખ્યાત કૃતિ છે. એને વિષે એક સુંદર વાત કહેવાય છે કે આલ્બર્ટ ડયુરર અને એનો મિત્ર ફ્રાન્ઝ કિનગસ્ટેન, એ બંને ઉગતી વયે કળાકાર થવાની અભિલાષાએ એક જ કલાકારના સ્ટુડિયોમાં દાખલ થયા. ઉભયનાં માબાપ ગરીબ હતાં અને આ છોકરાઓ ધંધે વળગી પગભર ન થાય ત્યાં સુધી એમની જરૂરિયાતો પુરી પાડવા અથાગ પરિશ્રમ વેઠતાં. બંને જણ ઉદ્યમી, ખંતીલા અને સરખા જ પ્રેમાળ હતા. પણ આલ્બર્ટમાં કળાની કુદરતી પ્રતિભા હતી, જ્યારે ફ્રાન્ઝમાં માત્ર કલા પ્રત્યેનો અગાધ પ્રેમ હતો—ભક્તિ હતી. સુંદર ચિત્રોનાં ઝાંખાં દૃશ્ય એના મગજમાં ઘણાં યે ઉભરાતાં, પણ તેમને ચિત્રપટ પર મૂર્ત કરવાની એના હાથમાં કુશળતા નહોતી—એના મગજમાં કલ્પના નહોતી.

વર્ષ પર વર્ષ ગયાં ને બંને કળા પાછળ ખંતથી મંડયા રહ્યા. એક ઈટલી ગયો, બીજાએ જર્મનીમાં જ રહી અભ્યાસ જારી રાખ્યો. ફ્રાન્ઝ પરણ્યો ને ડયુરરે પણ થોડા જ વખતમાં લગ્ન કર્યાં. દરમિયાન ઉભયનાં માબાપ ગુજરી ગયાં, વખત બારીક આવ્યો ને કલાએ ઓટ દીઠા. પણ આલ્બર્ટને થોડીઘણી સફળતા મળી હતી ને એ પોતાની કમાણીમાંથી થોડું ફ્રાન્ઝને આપતો. આમ એ બંનેનો નિર્વાહ ચાલતો.

એક દિવસ એમણે 'The Passion of our Lord' (પ્રભુનો પ્રેમ)નું ચિત્ર દોરવાનું ઠરાવ્યું. ચિત્રો દોરાઈ રહ્યાં અને બંને સરખામણી માટે પોતાનાં ચિત્ર લાવ્યા. ફ્રાન્ઝની કૃતિ નિસ્તેજ ને પ્રાણરહિત જણાતી હતી, જ્યારે આલ્બર્ટનું ચિત્ર સૌંદર્ય ને ભાવથી ઉભરાતું હતું. આ પળે જ ફ્રાન્ઝને ખરૂં ભાન થયું કે કળાકારનો સમર્થ આત્મા પોતાનામાં હજી જાગ્યો નહોતો. અને અત્યાર સુધીનાં પોતાનાં બધાં વર્ષો ઘરના છાપરાની ટોચ પર ઉભા રહી તારા પકડવાના નિષ્ફળ પ્રયાસમાં વીતાવ્યા જેવાં એને લાગ્યાં. પોતાની અરધી જીંદગી વેડફાઇ ગઇ હતી અને સફળતાની લેશપણ આશા રહી નહોતી. પણ તરત એણે કશો જ ઉદ્ગાર કાઢયો નહિ; માત્ર આવેશથી એકાદ પળ બે હાથમાં માથું મુકી એ ઉભો રહ્યો, અને પછી ભાગ્યાતુટયા પણ મરદાનગીભર્યા અવાજે બોલ્યો, 'ભલા પ્રભુએ તારા જેવી ઉમદા બક્ષિશ મને આપી નથી, પણ મારે માટે બીજું કાંઇક એકાદ નાનકડું સાદું કાર્ય નિર્માયું હશે. અત્યાર લગી હું બંધ આંખે ફર્યો અને મારાં આટલાં વર્ષ નિરર્થક ગુમાવ્યાં. પણ હવે જર્મનીનો કળાકાર તું જ થજે અને હું—'

'સબુર ફ્રાન્ઝ, એક પળ એમ જ રહે.' આલ્બર્ટે ટેબલ પરથી કાગળ લેતાં કહ્યું.

આલ્બર્ટ એની કૃતિને કદાચ છેવટનો હાથ મારતો હશે એમ ધારી ફ્રાન્ઝ એના જોડેલા હાથ સહિત શાંત ઉભો રહ્યો. આલ્બર્ટે એની પેન્સિલ વડે થોડી લીટીઓ દોરી ને ફ્રાન્ઝને કાગળ બતાવ્યો. ફ્રાન્ઝ બોલી ઉઠયો 'આ તો મારા જ હાથ! તેં કયાંથી—કેમ કાઢયા?'

'તું તારા જીવનનું આમ શોચનીય પણ મરદાનગીભર્યું અર્પણ કરતો ઉભો હતો ત્યારે મેં એ લીધા. મને થયું કે



કે આ હાથ ભલે કોઇ ચિત્ર દોરી નહિ શકતા હોય પણ આ પળે એક અદ્દ્ભુત ચિત્રની વસ્તુ તો ચોક્કસ બની ગયા છે. આ જોડેલા હાથમાં, ફ્રાન્ઝ, મને શ્રદ્ધા છે અને ભવિષ્યના દિવસોમાં એ માનવ હૃદયોને સ્પર્શશે જ.'

અને કોણ કહેશે કે આલ્બર્ટ ડયુરરના આ શબ્દો સાચા નહોતા ? સ્નેહ ને કર્તવ્યની દુનિયામાં આ સાદી વાત હૃદયસ્પર્શી ને અનેકને માર્ગદર્શક થઈ પડી છે. અને કલાકારોના જગતમાં તો એ ચિત્ર મૂલ્યવાન ગણાય એમાં નવાઈ જ શી ? કેમકે વર્ષો સુધી સેવેલી અંતરની એક માત્ર ઉજ્જવલ આશાને ત્યજી દેતી વેળાએ પણ, પ્રભુમાં લેશપણ શ્રદ્ધા નહિ ગુમાવનાર ફ્રાન્ઝે જે મધુર પણ મરદાનગીભરી અધીનતામાં એ હાથ જોડેલા એ વિરલ ભાવનું એમાં આલેખન છે.
(અંગ્રેજી પરથી) કાન્તિલાલ ચીમનલાલ પરીખ

પોપૈયા

આપણા દેશના ઘણાખરા પ્રાંતોમાં પોપૈયા થાય છે. આપણે સૌએ તે ખાધા છે, પણ તેના ગુણ ને ઉપયોગ વિષે આપણામાંના બહુ જ થોડા જાણતા હશે.

તેના બી લગભગ વસંત ઋતુમાં નખાય છે ને આશરે બાર મહિનામાં તો તેનું ઝાડ તૈયાર થઈ ફળ આપે છે. ઝાડની ઉંચાઇ પાંચ ફુટથી માંડીને વીસ ફુટ સુધીની હોય છે. આ ઝાડને ડાળીઓ થતી જ નથી. તેનાં પાંદડાં બહુ જ મોટાં—લગભગ બે ફુટ જેટલા ઘેરાવાનાં–થાય છે. આ પાંદડાંની નીચે જ તેનાં ફળો બહુ જ પાસેપાસે ને કેટલીક વાર તો બબ્બે ત્રણત્રણના ઝુમખામાં ઉગે છે.

પહેલા વર્ષ પછી તો તેનાં ફળફુલ જુદેજુદે વખતે ઉતરતાં હોવાથી દર મહિને થોડાંઘણાં ફળ મળ્યા જ કરે છે. થોડાંક વર્ષ પછી ઝાડ કરમાવા માંડે એટલે તેને કાપી નાખવામાં આવે છે, ને તેની જગ્યાએ મુળમાંથી પાછું નવું ઝાડ ઉગે છે.

સામાન્ય પોપૈયાના ફળનું વજન પોણો શેરથી માંડીને પાંચ છ શેર સુધી થાય છે. પણ આજ સુધીમાં મોટામાં મોટો એક પોપૈયો ત્રીસ શેર વજનનો ઉતર્યો કહેવાય છે! સામાન્ય પોપૈયાની છાલ ઉતાર્યા પછી અંદરનો ગર્ભ એકથી દોઢ ઇંચ જાડો હોય છે.

પોપૈયામાં જુદાંજુદાં તત્ત્વો નીચેના પ્રમાણમાં રહેલાં છે:


પાણી	૯૦.૭૫	રેસા	૧.૦૯,
પ્રોટીન	.૮૦	નાઇટ્રોજન ફ્રી એકસ્ટ્રૅક્ટ	૬. ૩
ચરબી	.૧૦	ક્ષાર	.૯૪

પોપૈયા પાકા થયા પહેલાં તેની છાલમાં તથા ઝાડના થડમાં ચપ્પુનો આછો કાપ મુકવાથી દુધ જેવો સફેદ રસ ઝરે છે. અંગ્રેજીમાં એને પેપેઇન કહે છે. આ એક જાતનો ફર્મેન્ટ છે ને તે જનાવરની હોજરીમાંના પેપ્સિન નામના ફર્મેન્ટને મળતો આવે છે. આ દુધ આપણા દેશમાંથી–ખાસ કરીને સીલોનમાંથી–ખુબ પ્રમાણમાં યૂરોપ, ચડે છે. ત્યાં એ લોકો તેને વિજ્ઞાનની રીતે સંચા વડે સુકવી તેનો ઝીણો ભુકો કરી પાછો આ દેશમાં દવા તરીકે મોકલે છે અને તે લગભગ આઠ આને રૂપિયાભાર મળે છે. ! આ દુધનો ઉપયોગ દાદર તેમજ તનગરમી ઉપર લગાડવામાં પણ થાય છે.

અજીર્ણ થતું હોય એમણે તો જમ્યા પછી પોપૈયા ખાસ ખાવા. જેમને તેનો સ્વાદ પસંદ ન આવે તેમણે થોડું મીઠું તથા સાકર ભભરાવી, ઉપર લીંબુ નીચોવી ઉપયોગમાં લેવા અથવા તો સહેજ કડક પોપૈયાનું શાક બનાવીને ખાવું. જેઓને પોપૈયા વધારે ગરમ પડતા હોય અથવા જેમની પ્રકૃતિને અનુકુળ ન આવતા હોય તેમણે એનું શરબત બનાવીને પીવું. પાકા પોપૈયાનો એક શેર ગર્ભ લઈ તેની અંદર દોઢ પાશેર સાકર તથા બે લીંબુનો રસ નાખી, એ ત્રણે ચીજોને ખુબ હલાવી, મેળવી દઇ કાચની બારણીમાં મોઢું બંધ કરીને ચોવીસ કલાક રાખી મુકવાથી શરબત તૈયાર થઈ જશે. કબજિયાત થઇ હોય એમણે ત્રણચાર ચમચા–પાંચેક રૂપિયાભાર–જેટલું આ શરબત જમીને પીવું. બરોળની ગાંઠ ઉપર પોપૈયાની પોટીસ બાંધવાથી તથા પેપેઇન લેવાથી સારો ફાયદો થાય છે. (અંગ્રેજી પરથી) કેશવલાલ ભટ્ટ

આલ્બેટ્રૉસ

સમુદ્રની સપાટી ઉપર ઘુમતાં સર્વે જળચર પક્ષીઓનો રાજા તે આલ્બેટ્રૉસ. આ પક્ષીનું સ્વરૂપ જોઇને કેટલા યે નાવિકો ભય પામ્યા છે. એ જ્યારે પોતાની પાંખો પ્રસારે ત્યારે એક પાંખના છેડાથી તે બીજી પાંખના છેડા સુધીની



આલ્બેટ્રૉસ પક્ષી

લંબાઇ લગભગ દસથી ચૌદ ફુટ થાય છે. તેની ચાંચ લગભગ છ ઇંચ લાંબી હોય છે. આવો વિકરાળ દેખાવ હોવા છતાં તેનું વજન તો ફક્ત ૧૮ રતલ જ હોય છે. આ પક્ષીની લગભગ સોળ જાતો નજરે પડે છે. તેમનું રહેઠાણ દક્ષિણ મહાસાગરમાં હોય છે. તેનાં પીછાંનો રંગ ધોળો ને તેની ઉપર કાળી લીટી હોય છે. પાંખોનાં પીછાં છેડા આગળ બહુ જ કાળાં હોય છે.

આ પક્ષી મોટે ભાગે તો ઉડતું જ હોયછે; માત્ર ભુખ લાગે ત્યારે નીચે ઉતરી માછલાં ખાઇ પેટ ભરી લે છે. જ્યારે તેને ઉડવું હોય છે ત્યારે લગભગ બસોથી અઢીસો ફીટ સુધી સમુદ્રની સપાટી પર દોડે છે.

આ પક્ષી માળા પણ બાંધે છે. તેનાં ઇંડાંનો રંગ ધોળો હોય છે અને ઉપર બદામી રંગનાં તલકાં હોય છે. બચ્ચાંઓ સ્વાવલંબી થાય ત્યારે માબાપથી છુટાં પડે છે.

[અંગ્રેજી ઉપરથી] રામચંદ્ર નરસીલાલ દેસાઇ

આંખની કસરત

[ચશ્માંનો છ વર્ષ ઉપયોગ કર્યા પછી તેને છોડનાર એક અમેરિકન બાઇએ લખેલા અનુભવમાંથી નીચેની હકીકત આપી છે.]

સાત વર્ષ પહેલાં શાળામાં શિક્ષણ આપવાનું કામ હું કરતી હતી. મારૂં ટેબલ બરાબર બારીઓની સામે હતું. એ બારીઓમાંથી મારી આંખો ઉપર પ્રકાશ પડે અને હું કામ કરૂં. આથી મારે આંખો ઘણી જ ખેંચવી પડતી. મારૂં માથું દુખવા લાગ્યું અને ડોળા લાલચોળ રહેવા માંડ્યા. આથી મેં આંખના દાક્તરની સલાહ લીધી. એણે મને ચશ્મા પહેરવાની સલાહ આપી. મેં તે માન્ય રાખી.

એકાદ વર્ષ પહેલાં હું ગણાના હાડકાના દરદને લીધે એક હાડવૈદ બાઇને ત્યાં ગઈ. એ બાઇએ મને કહ્યું: તમે ચશ્માં છોડી દેવાનું કેમ શીખતાં નથી? મેં કહ્યું: છેલ્લાં છ વર્ષથી પહેરૂં છું, તો હવે તે કેવી રીતે છોડી દેવાં? આ વાતચીતથી ચશ્માંના ત્યાગના વિચારનું મારામાં બીજારોપણ થયું.

પેલી હાડવૈદ બાઇએ મને ડોળા માટેની કસરત બતાવી. એ કસરત સાદી હોવાથી મેં તેનો દરરોજ નિયમિત અમલ કરવાનો નિશ્ચય કર્યો. બીજે દિવસથી મેં ચશ્માં પહેરવાં બંધ કરી આંખની કસરત શરૂ કરી. આ કસરત કર્યાથી અત્યારે હું પુષ્કળ વાંચી શકું છું, શીવી શકું છું તથા ગોળીબાર પણ કરી શકું છું.

એ કસરત નીચે પ્રમાણે છે:—

૧ ડોળાને ડાબી તરફ ફેરવો અને તે દિશામાં ખેંચો. તે પછી એને જમણી તરફ ફેરવીને ખેંચો.

૨ ડોળાને ઉંચે લો અને માથું ઉંચું કર્યા વિના નજરને આકાશ તરફ જેટલી ખેંચી શકાય તેટલી ખેંચો. આમ દસ કે તેથી વધારે વખત કરો.

૩ આંખોને ઉંચી કરો; ડાબી તરફ તીરછી નજરે જુઓ; તે પછી તે રીતે નીચે જુઓ. જમણી દિશા તરફ પણ એ જ રીતે જુઓ. આમ દસ કે તેથી વધારે વખત કરો.

૪ ત્રીજાથી ઉલટી દિશામાં તે જ રીતે દસ કે તેથી વધારે વખત કરો.

૫ ડોળાને ગોળ ફેરવો; ડાબી તરફ નીચેથી ઉપર લઇ નીચે લાવો. આ પ્રમાણે ઉલટી દિશામાં કરો.

૬ આંખો એકદમ મજબુત બંધ કરો. બંને પાંપણોને બને તેટલી મજબુત રીતે ભેગી દાબો. પછી તુરત ઉઘાડો. આમ દસ કે તેથી વધારે વખત કરો. આ પ્રમાણે દિવસમાં પાંચ છ વખત કરો તો સારૂં. (પુસ્તકાલય)

બંકિમચંદ્રે એકવાર પોતાનો અમુક વિષય પરનો મત બદલ્યો ત્યારે લોકો એમને 'અદૃઢચિત્ત' કહેવા લાગ્યા. જવાબમાં એમણે કહ્યું કે, 'જેને પોતાનો મત બદલવાની જરૂર જ નથી પડતી તે મહાપુરુષ, જે પોતાનો મત ભુલભર્યો જાણ્યા છતાં તેને બદલે નહિ તે કપટી. આમાં મહાપુરુષ તો હું છું જ નહિ ને કપટી થવાની મારી વૃત્તિ નથી.'

બહુ સુગ ચડવા દીધા વિના એરંડિયું પીવાની સહેલી રીત છે. ખમી શકાય એવા ગરમ પાણીના થોડા કોગળા કરી તરત જ એરંડિયું પી જવું. પાણી વડે મોંમાંનું પાતળી ચામડીનું પડ ગરમ થઈ જશે એટલે એરંડિયું ચોંટી નહિ રહેતાં તરત ગળે ઉતરી જશે.

વાસ મારતા ઘીમાં નાગરવેલનાં એકબે પાન નાખી ગરમ કરી ગળી લેવાથી ચોખ્ખું થઇ જશે.


કહેવાય છે કે રૂનાં પોતાંને ગરમ પાણીમાં બોળી કાન પાછળ મુકવાથી માથાનો સખત દુખાવો પણ મટી જાય છે.

ખેળને લીધે ધોવાં મુશ્કેલ પડતાં નવાં કપડાંને બેત્રણ મુઠી મીઠું નાખેલા ઉના પાણીમાં આખી રાત બોળી રાખવાથી ખેળ એની મેળે નીકળી જશે ને સહેલાઇથી સાફ કરી શકાશે.

કપડા પર પડેલા ડામરના ડાઘ કાઢવા માટે ટરપેન્ટાઇન અકસીર છે. કપડું બારીક હોય તો ટરપેન્ટાઇનમાં ભીનું કરેલું ચીંદરડું ડાઘ પર ઘસવું. તે કાળું થઇ જાય એટલે બીજું ચીંદરડું લેવું. એમ કરતાં ડાઘ બીલકુલ નીકળી જશે.

કીટલીનો આંકડિયો ઘણીવાર ગરમ થઇ જાય છે ત્યારે ઉપાડતાં બહુ અડચણ પડે છે. આ અટકાવવા માટે આંકડિયા પર મજબુત દોરી કે સુતળીનાં બેત્રણ પડ કસોકસ વીંટી લેવાં.

૩૦મી જુનઃ દાદાભાઈ નવરોજજીની અવસાનતિથિ.




બહુ જ ઝીણા કાગળની એક સાંકડી પટ્ટી કાપી એનો એક છેડો કાચના એક પ્યાલાની કિનારી પર રાખો. પછી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે કિનાર પરની પટ્ટી ઉપર પૈસો મુકો. પટ્ટીનો બીજો છેડો ટેબલને અડવા દો ને પછી તમારા મિત્રને, પૈસાને કિનાર પર જ રહેવા દઇ પટ્ટી સરકાવી લેવાનું કહો. બધી જાતની યુક્તિઓ વાપરવા છતાં પૈસો પ્યાલામાં જ પડી જાય એટલે તમે નીચેની રીતે એ જાદુ કરી બતાવજો: ટેબલ પર પડતી પટ્ટીને ડાબા હાથ વતી પ્યાલાની કિનારની સપાટી જેટલે ઉંચે લઈ જાવ. પછી જમણા હાથની આંગળી વડે પટ્ટીને એકદમ નીચે આંચકો દો. જો આમાં ચાલાકી વાપરી હશે તો પટ્ટી ખેંચાઇ આવશે ને પૈસો તો કિનાર પર જ રહેશે.


શિક્ષક: મનુ, તેં આજે બીલકુલ લખ્યું નથી. મેં તને કેટલી વાર કહ્યું છે કે નવરા હાથ માટે સેતાન કાંઇક કામ શોધી કાઢે છે? ચાલ, હવે એ જ વાક્ય વીસ વખત લખી લાવ જોઇએ!

કાશ્મીરમાં થતી કડમ નામની ભાજીને ચપ્પુ વતી કાપીને રાંધવામાં આવે તો લોઢાના સ્પર્શને લીધે ચડતી નથી. કાશ્મીરમાં મુખ્ય ખોરાક ચોખાનો જ છે. ત્યાં દાળ મળતી નથી એટલે લોકો ચોખા સાથે કડમ ભાજી ખાય છે.

એક થાળી લઇ તેની અંદર સહેજ દીવેલ ચોપડી દેવું પછી તે ઉપર રંગ વડે સાથિયો કે ગમે તે ચિત્ર પાડવું. થોડી વાર પછી તેના ઉપર ધીમે ધીમે ધીરી ધારે પાણી રેડીને થાળી ભરી દેવી. સાચવીને પાણી રેડશો તો સાથિયો જરાપણ ભુસાશે નહિ અને દીવેલનો પાસ દેખાશે નહિ એટલે જોનારાને ભારે નવાઈ લાગશે. (કસુંબર)


ગયા અંકને ૧૬૪મે પાને એક સંદેશ હતો. શાનો? યાદ છે?





ઉપરઃ કાગળ કાપીને બનાવેલી આકૃતિ. ડાબી બાજુ: યમુના તીરે એક દૃશ્ય

૧૯૨૪ - જૂન



અમદાવાદનાં ઘરો પર અદ્‌ભુત કોતરણીવાળું લાકડકામ